વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Published on - 01 April 2026 | ₹ 50-00
Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા



વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

# “મારી ઈંટ મા ના મંદિરે”
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

### ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

Vishv UMIYA Foundation

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 | care.mayflowerhospital.com | www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**એપ્રિલ ૦૧, ૨૦૨૬**
April 01, 2026
**વર્ષ : ૦૫,** Year : 05
**સળંગ અંક : ૪૭** Ank : 47
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
Owner : Vishv Umiya Foundation

ISO 9001





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**

પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ અમદાવાદ | Vishv UMIYA Foundation

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહલાદભાઈ પટેલ | ૦૫ |
| ૨. | જીવનની કડવી વાસ્તવિકતા અને અંતિમ સત્ય | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | મીરાંનો સાધન - પથ (ગતાંકથી શરૂ...) | શ્રી ભાણદેવજી | ૦૮ |
| ૪. | શિવજીનું ગૃહસ્થ જીવન | ડો. ઋષિરાજ જાની | ૧૦ |
| ૫. | ત્યાગ, સમર્પણ અને સતીત્વની જીવંત પ્રતિમા - સીતાજી | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૨ |
| ૬. | પ્રાથમિક શિક્ષણ - દશા અને દિશા | ગુલાબભાઈ જાની | ૧૬ |
| ૭. | પોતાના જીવનને ખુશ રાખવાનો કિમિયો ! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૧૭ |
| ૮. | કોઈકના મૃત્યુ સમયે આપણી આંખમાં આંસુ કેમ આવે છે ? | ભદ્રાયુ વછરાજાની | ૧૯ |
| ૯. | બોર વેચવા બોલવું | ડો. અમૃત કાંજિયા | ૨૦ |
| ૧૦. | સ્ત્રી સ્ત્રીની દુશ્મન નથી... | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૧ |
| ૧૧. | સ્ત્રીઓના અપમૃત્યુના બનાવો કેમ વધ્યા છે ? | પ્રાગજીભાઈ પટેલ | ૨૨ |
| ૧૨. | સલામતી જ તમારું કેદખાનું | શ્રીમતી સુનીતા ડી. વ્યાસ | ૨૩ |
| ૧૩. | નદી રૂપાળી નખરાળી | કૌશિક મહેતા | ૨૬ |
| ૧૪. | વિવેક વિના જ્યાં ત્યાં અથડાય | ડો. ભાવેશ જેતપરિયા | ૨૭ |
| ૧૫. | ઘરનો મોભી | રસિક પટેલ | ૨૯ |
| ૧૬. | પરસેવાની કમાણી | સંકલન | ૩૧ |
| ૧૭. | સામુદ્રિક વૈભવથી છલકતો પ્રદેશ ગોવા | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૪ |
| ૧૮. | સફળ જીવનનું રહસ્ય | સ્વામી વિવેકાનંદ | ૩૬ |
| ૧૯. | ઉનાળાની કાળઝાળ ગરમીમાં 'લૂ'થી કેવી રીતે બચશો | ડો. સૌરભ વણઝારા | ૩૮ |
| ૨૦. | ઝાડા અને આરોગ્ય | ડો. જિતેન્દ્ર અઢિયા | ૪૦ |
| ૨૧. | માણસોમાં "બાળમરણ" એવું જ વહમું - ખેતી પાકોમાં "ફ્લખરણ" | હીરજી ભીંગરાડિયા | ૪૨ |
| ૨૨. | કાગડાનો કોટ | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૩. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૪. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૯ |


⌘ ⌘ ⌘



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક, શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

# વેદોનો દિવ્ય સંદેશ

**स्वयंवार्जिस्तन्वं कल्पयस्व स्वयं यजस्व स्वयं जुषस्व ।**
**महिमा तेडन्ये न सन्नशे ॥** (યજુર્વેદ ૨૩/૧૫)

**ભાવાર્થ :** હે ઈશ્વર ! વિદ્વાન, તત્વદર્શી તથા આત્મજ્ઞાની પુરુષો જે મેધાવી બુદ્ધિ દ્વારા સંસારમાં શ્રેષ્ઠ કર્મો કરે છે તેવી મેધાવી બુદ્ધિ અમને પણ આપો.

**સંદેશ :** બુદ્ધિના આમ તો કેટલાય સ્તર છે અને કેટલાંય નામ છે. બુદ્ધિમત્તા, ચતુરતા, હોશિયારી, સૂઝબૂઝ, તીક્ષ્ણ બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ વગેરે પણ બુદ્ધિ વિશેષણના અર્થમાં વપરાતા શબ્દો છે. સામાન્ય રીતે મગજમાં રહેલી શક્તિને જ બુદ્ધિ કહેવામાં આવે છે. સામાન્ય રીતે મગજમાં રહેલી શક્તિને જ બુદ્ધિ કહેવામાં આવે છે. જેનું મગજ વધારે બળવાન છે, વધારે સૂક્ષ્મ છે અને વધારે સ્ફૂર્તિવાન છે તેને બુદ્ધિમાન કહેવામાં આવે છે, પરંતુ આ વ્યાખ્યા ખૂબ અધુરી છે. કેટલાય લોકો ખૂબ જ ચાલાક અને કપટી હોય છે. તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ બદમાશી, વિશ્વાસઘાત અને દગાબાજી માટે કરતા હોય છે. આવી બુદ્ધિ સાવ નકામી છે. તે તો બજારમાંથી ગમે ત્યાંથી ખરીદીને પણ મેળવી શકાય છે. શુ આવી બુદ્ધિ માગવા માટે આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ?

સંસારમાં સફળ થવા માટે, સન્માર્ગ પર ચાલવા માટે પણ બુદ્ધિ અત્યંત જરૂરી છે. બુદ્ધિ દ્વારા મનુષ્ય પ્રત્યેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. 'બુદ્ધર્યસ્ય બલં તસ્યઃ' - જેની બુદ્ધિ તેનું બળ. આપણે પરમપિતા પરમેશ્વર પાસે એવી બુદ્ધિ માગવી જોઈએ કે જે શુદ્ધ



અને પવિત્ર હોય આપણને દુર્ભાવનાઓથી મુક્ત કરી, કુમાર્ગથી બચાવીને સન્માર્ગ પર લઈ જઈ શકે. એવી બુદ્ધિને જ મેધા કહેવામાં આવે છે. તે સત્ય - અસત્ય, નીતિ-અનીતિ વચ્ચે વિવેકપૂર્ણ રીતે ભેદ તારવીને આપણને અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢીને સદ્જ્ઞાનના પ્રકાશપુંજથી ઓજસ્વી બનાવી દે છે. મેધાવી બુદ્ધિ દ્વારા જ ઋષિ મુનિઓ સત્કર્મો તથા પરોપકારનાં કાર્યો દ્વારા શ્રેષ્ઠતાનાં પગથિયાં પર ઊંચે ને ઊંચે ચઢીને અમરત્વને પ્રાપ્ત કરી શક્યા હતા.

મેધાવી બુદ્ધિથી આપણને ધન, યશ અને સુખ બધું જ પ્રાપ્ત થાય છે. તે આપણી બધી જ મનોકામનાઓ પૂર્ણ કરે છે અને બધાં જ કાર્યોને સફળ કરી દે છે. ગાયત્રી મંત્રમાં પણ એજ 'ધિ' (મેધા)ને પ્રેરિત કરવાની પ્રાર્થના આપણે પરમાત્માને કરીએ છીએ અને કહીએ છીએ કે 'ધિયો યો નઃ પ્રચોદયાત'. પરમેશ્વરની ઉપાસનાનો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે પ્રભુ આપણને મેધાવી અને તત્ત્વદર્શી બનાવે, જેના દ્વારા આપણને સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત થાય ને સત્ય આચરણ કરવાની પ્રવૃત્તિ જાગૃત થાય. સંસારમાં જેટલા પણ શ્રેષ્ઠ પુરુષો છે તે બધાએ આ મેધાબુદ્ધિ દ્વારા જ અમરતા પ્રાપ્ત કરી છે. સ્વાર્થનો ત્યાગ કરીને પવિત્ર અંતઃકરણથી તેઓ હંમેશાં પરોપકારનાં કાર્યોમાં લાગેલા રહે છે.

મેધાબુદ્ધિ જ આપણા આત્મબળમાં વૃદ્ધિ કરતી રહે છે અને એવી શક્તિ પ્રદાન કરે છે કે વિપરીત પરિસ્થિતિઓમા પણ આપણને સત્યમાર્ગથી વિચલિત કરી શકતી નથી. તેના દ્વારા મન, નિર્મળ, શુદ્ધ અને પવિત્ર બની જાય છે તથા મનને વશમાં રાખવાનું કામ પણ સરળ બની જાય છે. ક્રોધ, ભય, ઈર્ષ્યા, નફરત, વાસના, લોભ, દંભ, મોહ વગેરે મનોવિકારો મેધાબુદ્ધિની સાત્ત્વિક અસરથી શાંત થઈ જાય છે.

પ્રભુની કૃપા દ્વારા જ મેધાબુદ્ધિનું વરદાન મળે છે. જે મનુષ્ય જેટલા પ્રમાણમાં પરમાત્માની સત્તા સાથે એકાકાર થવાનો પ્રયત્ન કરે છે તે તેટલા જ પ્રમાણમાં તેનામાં દૈવીગુણોની વૃદ્ધિ થતી રહે છે. અને તેને સ્વર્ગીય આનંદની અનુભૂતિ થાય છે. મેધાબુદ્ધિ જ આત્મબળને વધારે છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# જીવનની કડવી વાસ્તવિકતા અને અંતિમ સત્ય

આ લેખનો ઓડિયો સાંભળવા QR સ્કેન કરો



પ્રિય બંધુ-ભગિનીઓ,

**પ્રસ્તાવના : સમયની ગતિ અને માનવીય મૃગજળ :** માનવ જીવન એક અદભુત યાત્રા છે જન્મથી લઈને અંતિમ શ્વાસ સુધી આપણે અનેક સપનાઓ, આશાઓ અને પ્રયત્નોમાં જીવતા રહીએ છીએ. બાળપણમાં રમકડાં માટે રડતો માણસ યુવાનીમાં સફળતા માટે દોડે છે અને વૃદ્ધાવસ્થામાં શાંતિ શોધે છે. આ સમગ્ર યાત્રામાં એક સત્ય એ છે કે- “એક દિવસ મારો સમય આવશે.” આપણે સૌ આખી જિંદગી આ ભ્રમમાં વિતાવી દઈએ છીએ. આ વિચાર જીવનની સૌથી મોટી ભૂલ છે. કારણ કે, સમય ક્યારેય આવતો નથી, એ તો સતત પસાર થતો રહે છે. કડવું અને વાસ્તવિક સત્ય એ છે કે આપણે દરરોજ ઘડપણ અને બીમારીઓ તરફ ડગલાં માંડી રહ્યા છીએ. જે પૈસા કમાવવા માટે આપણે આપણી આખી જિંદગી અને સુખ-શાંતિ દાવ પર લગાવી દીધી, અંતે તો એ પૈસાથી બીજા જ લોકો મોજ કરવાના છે. આ સત્યનો સ્વીકાર કરવો એ જ જ્ઞાનનો ઉદય છે.

જીવનના વિવિધ તબક્કા અને તેની હકીકત : જીવનના દરેક તબક્કામાં આપણે જે વસ્તુઓને સૌથી વધારે મહત્વ આપીએ છીએ, તે જ વસ્તુઓ થોડા વર્ષો પછી મૂલ્યહિન બની જાય છે. આપણે જે બાબતો ઉપર ગર્વ કરીએ છીએ. તે સમયના વહેણ સાથે ઓગળી જાય છે. આ કડવું પરંતુ ચિરંતન સત્ય છે.

**૧. ૪૦ વર્ષની ઉંમર: જ્ઞાન અને વ્યવહારનું સત્ય :** જ્યારે વ્યક્તિ ૪૦ વર્ષની ઉંમર વટાવે છે, ત્યારે સામાજિક પ્રતિષ્ઠાના માપદંડો સંપૂર્ણપણે બદલાઈ જાય છે. આ પડાવ પછી માણસ કેટલો ભણેલો છે કે અણસમજુ, તેની વ્યવહારિક જગતમાં કોઈ કિંમત નથી રહેતી. સમાજ અને પરિવાર એ નથી જોતા કે તમારી પાસે કઈ યુનિવર્સિટીની ડીગ્રી છે, પણ એ જુએ છે કે, તમારામાં વ્યવહારિક અને વ્યવસાયિક સમજ કેટલી ? તમારી પાસે જ્ઞાનનો ભંડાર હોય પણ જો તમે કોઈના કામમાં ન આવી શકતા હોય, તો એ ભણતર વ્યર્થ છે. ઘણીવાર જ્યારે તમે કોઈ સામાન્ય શાકભાજીવાળા કે ચા વાળા પાસે ઉભા હોવ અને અચાનક ખબર પડે કે તેની આવક તો તમારા કરતા પણ વધારે છે અને તે પણ ટેક્સ ફ્રી, ત્યારે અહંકારને મોટો આંચકો લાગે છે. આ અનુભવ સમજાવે છે કે પુસ્તકિયું જ્ઞાન જીવનના સંઘર્ષ સામે ગૌણ છે.

**૨. ૫૦ વર્ષની ઉંમર: બાહ્ય સુંદરતાનું વિસર્જન :** પચાસ વર્ષનો સમય એ જીવનનો મધ્યાહ્ન છે, જ્યાં અરીસો આપણને સત્ય બતાવવાનું શરુ કરે છે. મોંઘા કોસ્મેટીક્સ કે ફેશનેબલ કપડાં હવે કુદરતી કરચલીઓને છુપાવી શકતા નથી. જે દેહને સાચવવા અને શણગારવા પાછળ આપણે વર્ષો ખર્ચ્યા, તે હવે ક્ષીણ થવા લાગે છે. આ સમય છે આંતરિક ગુણો અને આધ્યાત્મિક સૌંદર્ય તરફ વળવાનો. લોકો તમારી ચહેરાની ચમક નહીં, પણ તમારી વાણીની મિઠાશ અને તમારા સ્વભાવની સરળતા શોધે છે. બાહ્ય સૌદર્ય તો ક્ષણભંગુર છે, આંતરિક સંસ્કારો જ કાયમી રહે છે.

**૩. ૬૦ વર્ષની ઉંમર: હોદ્દા અને સત્તાની ક્ષણભંગુરતા :** નિવૃત્તિ એ અહંકારને ઓગાળવાનો સૌથી મોટો પડાવ છે. ૬૦ વર્ષ પછી તમે કેટલા મોટા હોદ્દા પર છો તેની કોઈ કિંમત નથી રહેતી. કારણ કે નિવૃત્તિ પછી જે ઓફિસમાં તમારી એક સહી થી હજારો કામ થતા હતા, ત્યાંનો સામાન્ય પટાવાળો પણ કદાચ તમને સલામ નહીં ભરે. આ સત્ય આપણને સમજાવે છે કે સત્તા અને ખુરશી કાયમી નથી; માત્ર તમારા દ્વારા કરવામાં આવેલી સેવા જ કાયમી રહે છે. દુનિયા માત્ર એ જ વ્યક્તિને યાદ રાખે જેણે ખુરશી પર બેઠીને માનવતાની સેવા કરી હોય. પદ તો મહેમાન છે, પણ પ્રેમ કાયમી છે.

**૪. ૭૦ વર્ષની ઉંમર: ભૌતિક સુખની મર્યાદા :** વૃદ્ધાવસ્થામાં ભૌતિક સંપત્તિ અને વૈભવ માત્ર ભારરૂપ લાગવા માંડે છે. ૭૦ વર્ષ પછી તમારું ઘર મોટું છે કે નાનું તેની કોઈ કિંમત નથી રહેતી. જ્યારે ઘૂંટણમાં અસહ્ય દુખાવો થાય ત્યારે આલીશાન બંગલો તકલીફ આપે છે, અને એક નાનો શાંત રૂમ જ સાચો આરામ આપે છે. આ ઉંમરે એક નાનકડા પલંગ પર જ વિસામો લેવાનો હોય છે. આ તબક્કે સુખ એ મોટા મકાનમાં નહીં, પણ મનની શાંતિમાં રહેલું છે. આ સમયે આરસપહાણની લાદી ઠંડક નથી આપતી, તમારા પરિવારે અને સમાજે આપેલું સન્માન તથા સતકર્મોની હૂંફ જ તમને જીવાડે છે.

**૫. ૮૦ વર્ષની ઉંમર: અંતિમ સત્ય :** જીવનના અંતિમ તબક્કે મનુષ્યને પોતાની લાચારીનો અહેસાસ થાય છે. ૮૦ વર્ષની ઉંમરે તમારા એકાઉન્ટમાં કરોડો રૂપિયા ભલે પડ્યા હોય, પણ નસીબમાં તો માત્ર ટેબલ પર પડેલી સો-બસોની દવાઓ જ હોય છે. ડાયનીંગ ટેબલ પર પડેલા છપ્પનભોગ આપણે આરોગી શકતા નથી. જે સંપતિ કમાવવા માટે આપણે આખું આયુષ્ય ખર્ચી નાખ્યું,

તે સંપત્તિ હવે આપણને બીમારીઓથી બચાવી શકતી નથી. આ સત્ય આપણને પરમાર્થ તરફ પ્રેરે છે. આ સમયે સમજાય છે કે સંપત્તિ શરીર અને આરોગ્ય ખરીદી શકતી નથી.

**૬. ૯૦ વર્ષની ઉંમરઃ જીવનની લાચારી :** જીવનનો અંતિમ તબક્કો આવે છે. આ ઉંમરે સંસારના તમામ સંબંધો અને માયા મિથ્યા લાગે છે. હવે માત્ર એક જ પ્રાર્થના રહે છે "ભગવાન ક્યારે પોતાના ધામમાં બોલાવે." આ સમયે માણસને સમજાય છે કે આખી જિંદગી જે મેળવવા દોડ્યો, તેમાંથી કશુ જ સાથે લઈ જઈ શકતો નથી. માણસ થાકી જાય છે. અને પરમાત્મામાં વિલીન થવા ઝંખે છે.

**પરિવર્તનનો વિચારઃ** સંપત્તિનો શ્રેષ્ઠ સદુપયોગ : આ તમામ વાસ્તવિકતાઓને જોયા પછી, એક ક્ષણ રોકાઈને વિચારવાની જરૂર છે કે આ સંપત્તિનો સદુપયોગ અત્યારે જ કેમ ન કરવો? ભગવાનના આપેલા આશીર્વાદને માત્ર બેંકમાં જમા રહેવા દેવા કરતા, જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા મંદિરના નિર્માણમાં સહભાગી બનો. એ તમારી લક્ષ્મીને 'લક્ષ્મી'માંથી 'પ્રસાદ' બનાવવીની સુવર્ણ તક છે. જ્યાં તમારી કમાણી સનાતન સેવાના કાર્યમાં અર્પિત થઈને અમર બની શકે છે. તમારી હયાતીમાં, તમારી નજર સામે તમારી લક્ષ્મી જો કોઈ પવિત્ર કાર્યમાં વપરાય, તો જ તેની સાર્થકતા છે.

## આધ્યાત્મિક જોડાણઃ શિવ અને શક્તિનું મહાતીર્થ

**સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ : (૧)** શિવ એટલે દેવાધિદેવ મહાદેવ, જે કલ્યાણકારી છે, જે ત્યાગ અને વૈરાગ્યનુ પ્રતીક છે. **(૨)** શક્તિ એટલે માતા પાર્વતી, જેનું બીજું નામ જગતજનની મા ઉમિયા છે, જે સર્જન, પોષણ અને શક્તિનું સ્વરુપ છે.

વિશ્વ ઉમિયાધામ જે શિવ-શક્તિનું દિવ્ય કેન્દ્ર બનવા જઈ રહ્યું છે, આ મંદિર માત્ર પથ્થરોનું શિખર નથી, પણ શિવ અને શક્તિનું દિવ્ય ઉર્જાનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે, જે માનવતાને આધ્યાત્મિક શાંતિ પ્રદાન કરશે. આ ઐતિહાસિક નિર્માણ કાર્યના ભાગીદાર બનવું એ પૂર્વ જન્મના પૂણ્ય વગર શક્ય નથી.

**સમાજ અને સંસ્કારનો અમર વારસો :** તમારું આ યોગદાન માત્ર એક મંદિરનું નિર્માણ નથી, પરંતુ તે સનાતન સમાજને મજબૂત બનાવશે અને આવનારી પેઢીને પણ ગૌરવશાળી સંસ્કારો આપશે. યાદ રાખજો, આ પૃથ્વી પરથી સાથે કંઈ લઈ જવાનું નથી, પણ મા ઉમિયાના ધામમાં અને સનાતન સેવામાં આપેલી આહુતિ યુગો સુધી તમારું નામ અમર રાખશે.

**નિષ્કર્ષઃ આજનો સંકલ્પ અને સાચો આનંદ :** અત્યારે જ નક્કી કરો કે તમારી આર્થિક કમાણીનો એક ભાગ પરમાર્થના કાર્યમાં અર્પિત કરીને જીવનનો સાચો આનંદ મેળવીશું. સેવામાં વપરાયેલી સંપત્તિ જ તમારી સાચી મૂડી છે, બાકી બધું તો અહીં જ રહી જવાનું છે. મા ઉમિયાના ચરણોમાં સમર્પિત થઈને આ ઐતિહાસિક કાર્યમાં જોડાઈએ અને સનાતન ધર્મનો વિજય કરીએ. મા ઉમિયાનું મંદિર જ્યારે આકાશને આંબશે ત્યારે તેની દરેક ઈંટમાં તમારી સેવાભાવનો ધબકાર હશે. જ્યારે આપણે કોઈ ઉમદા કાર્ય માટે દાન આપીએ છીએ, ત્યારે જે આત્મસંતોષ મળે છે તે કરોડોની કમાણીમાં પણ નથી હોતો. ઈતિહાસમાં અમર થવાની અને જગતજનનીના ચરણોમાં આપણી કમાણી પવિત્ર કરવાની આ એક દિવ્ય તક છે.

જીવન એક દિવસ પુરુ થવાનું છે - આ નિશ્ચિત છે. પરંતુ તે જીવન કેટલું અર્થપૂર્ણ બન્યું, તે આપણા આજના નિર્ણય પર આધાર રાખે છે. જો આપણે માત્ર પોતાના માટે જીવ્યા હોઈએ, તો જીવન અધુરું છે. પરંતુ જો આપણે સમાજ, ધર્મ અ માનવતા માટે કંઈક આપ્યું હોય, તો જીવન સફળ છે.

આવો, આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે મા ઉમિયાના આ દિવ્ય કાર્યમાં પોતાનો હિસ્સો આપીએ અને જીવનનો સાચો આનંદ મેળવીએ. કારણ કે, જેમણે આપ્યું છે, "તે જ સાચા અર્થમાં જીવ્યા છે." આપણે સાથે કંઈ લઈ જવાનું નથી, ના પૈસા, ન સંપત્તિ, ન હોદ્દા, ન પ્રતિષ્ઠા પરંતુ આપણે શું આપી જઈએ છીએ, તે જ આપણો સાચો વારસો છે.

## આ મંદિર નિર્માણમાં તમે આપેલું યોગદાન

**૧. સનાતન ધર્મને મજબુત બનાવશે :** વિશ્વના ફલક પર હિન્દુ સંસ્કૃતિનું માથું ગર્વથી ઊંચુ કરશે.

**૨. શિક્ષણ અને સંસ્કાર :** આ ધામ માત્ર મંદિર નહીં, પણ શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને સેવાના અનેકવિધ પ્રકલ્પોનું કેન્દ્ર બનશે.

**3. નામ અમર થશે :** યાદ રાખજો, સાથે કંઈ લઈ જવાનું નથી. જે અહીં આપીશું તે જ ઈશ્વરના ચોપડે જમા થશે. મા ઉમિયાના ધામમાં અને સનાતન સેવામાં આપેલી આહૂતિ યુગો સુધી તમારુ નામ અમર રાખશે. આ મંદિર હજારો વર્ષો સુધી અડિખમ રહેશે અને ત્યારે તમારું યોગદાન તેમાં જીવંત રહેશે.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

**જય મા ઉમિયા! સનાતન ધર્મની જય!**



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# મીરાંનો સાધન - પથ

ગતાંકથી શરૂ..

**૮. કાવ્ય, ગાન, નૃત્ય :** મીરાં ભક્ત-કવયિત્રી છે. મીરાંએ ભક્તિ-કાવ્યો રચ્યાં છે. જેઓ કવિ છે અને જેઓ કવિકર્મને સમજે છે, તેઓ સમજે છે કે કાવ્ય જીવનવિકાસનું માધ્યમ બની શકે છે અને તેથી ભક્તિ-કાવ્યો ભક્તિપથ પર, ભક્તિનું સાધન બની શકે તેમ છે.

મીરાં કાવ્યો શા માટે રચે છે ? મીરાં ભક્ત પહેલાં છે અને કવિયત્રી પછી છે. મીરાંના હૃદયમાં કૃષ્ણપ્રેમ ઊછળે છે, કૃષ્ણપ્રેમ છલકાય છે. આ છલકાઈ જતો કૃષ્ણપ્રેમ શબ્દના માધ્યમથી અભિવ્યક્ત થાય છે અને કવિતાનું સ્વરૂપ ધારણ કરે છે. મીરાંનાં કાવ્યો મીરાંની ભક્તિની અભિવ્યક્તિ છે એક સ્વરૂપે આ કાવ્યો ભાવની અભિવ્યક્તિ છે અને બીજા સ્વરૂપે તે ભક્તિભાવની પુષ્ટિની સાધના છે. અભિવ્યક્તિ પુષ્ટિનું માધ્યમ પણ બની શકે છે.

મીરાં જ્યારે કૃષ્ણભક્તિનાં પદો રચે છે, ત્યારે તેઓ બુદ્ધિપૂર્વક વિચારીને પદો રચતાં નથી. કવિતા તો ઊર્ધ્વલોકમાંથી પૃથ્વીલોક પર આવતી સરવાણી છે, પ્રકાશની વર્ષા છે. કવિ કે કવયિત્રી તો માધ્યમ છે. જ્યારે ઊર્ધ્વચેતનાનો પ્રવાહ કવિ કે કવયિત્રીના માધ્યમ દ્વારા અભિવ્યક્ત થાય છે, ત્યારે તે પ્રવાહ માધ્યમને પણ રૂપાંતરિત કરે જ છે, જે બંસીમાં શ્રીકૃષ્ણના અધરસ્પર્શથી પાવન બનેલો વાયુ પસાર થાય તે બંસી ધન્ય ન બને ? મીરાંની ચેતનામાં ઊર્ધ્વલોકનો પ્રકાશ ઊતરી આવે છે અને તે પ્રકાશ કાવ્યસ્વરૂપે વ્યક્ત થાય છે. આ પ્રકાશના અવતરણ અને અભિવ્યક્તિ દ્વારા મીરાં પણ ભાવપ્લાવિત બની જાય છે, ચેતનાથી વ્યાપ્ત થઈ જાય છે. કૃષ્ણ-કાવ્યનું માધ્યમ બનવાથી મીરાં માટે કાવ્ય પણ એક સાધન છે.

જેમ મીરા કૃષ્ણ-કાવ્યો રચે છે, તેમ મીરાં કૃષ્ણગીતોનું ગાન પણ કરે છે. કાવ્યની જેમ ગાન પણ મીરાંની કૃષ્ણભક્તિની અભિવ્યકિત છે અને તેથી ગાન પણ મીરાંની ભક્તિસાધનાનું અંગ છે. મીરાં કાવ્ય રચીને ગાય છે, તેવું નથી. મીરાં કાવ્ય ગાઈને રચે છે, અર્થાત્ ગાન અને રચના સાથેસાથે જ બને છે. મીરાં માટે કાવ્યનું ગાન અને કાવ્યની રચના એક જ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાનાં બે સ્વરૂપો તો આપણે જોઈએ છીએ. મીરાંને મન કૃષ્ણપ્રીતિ શબ્દ દ્વારા વ્યક્ત થાય છે તે કાવ્ય છે અને શબ્દો સૂર-રૂપે જે વ્યક્ત થાય છે તે ગાન છે.

આપણા દેશની અધ્યાત્મયાત્રામાં સંગીતને પણ એક સાધન ગણવામાં આવે છે. તેમાં પણ ભક્તિગીતોનું ગાન તો સમર્થ અધ્યાત્મસાધન બને છે. જેમ સુરદાસ માટે કૃષ્ણકાવ્યની રચના અને કૃષ્ણકાવ્યનું ગાન તેમની ભક્તિસાધનાનું અંગ છે, તેમ મીરાં માટે પણ આ બંને ઘટનાઓ અધ્યાત્મનાં સાધનો જ છે.

જેમ કાવ્ય અને ગાન મીરાંનાં સાધનો છે, તેમ નૃત્ય પણ મીરાં માટે અધ્યાત્મ- સાધન છે. મીરાં નાચે છે - કૃષ્ણને રીઝવવા, કૃષ્ણને પ્રસન્ન કરવા. મીરાં નાચે છે - પોતાના ભક્તિભાવના ઉદ્રેકને અભિવ્યક્ત કરવા. મેવાડની યુવરાજ્ઞી અને પછી મેવાડના રાજપરિવારની વિધવા નારી નાચે ! આ ઘટનાનો વિરોધ થયો. પણ મીરાં પાછાં વળ્યાં નહિ, કારણ કે નૃત્ય તો મીરાંની ભક્તિની અભિવ્યક્તિ છે અને પોતાના પ્રિયતમને પ્રસન્ન કરવાની કળા છે. મીરાં માનવો માટે નાચતાં નથી, મીરાં ભગવાન માટે, ભગવાન સામે નાચે છે.

**પ્રેમ-નૃત્ય ભક્તિસાધનનું એક અંગ છે.** પ્રેમ-નૃત્ય દ્વારા ચેતનાના વિકાસની અને ઊર્વીકરણની ઘટના બને છે. મીરાંએ નૃત્ય દ્વારા કૃષ્ણ-પ્રીતિનો પ્રવાહ અનુભવ્યો જ હશે, તેથી તો રાણા દ્વારા અનેક પ્રતિબંધ અને કષ્ટો છતાં મીરાંબાઈએ કાવ્ય, ગાન અને નૃત્યનો ત્યાગ કર્યો નથી.

કોઈ પોતાના સ્વધર્મને, સ્વભાવને છોડી શકે ?

**૯. ચિંતન અને ધ્યાન :** ચિંતન અને ધ્યાન તો અધ્યાત્મસાધનના પ્રાણ છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ, રાજયોગ, હઠયોગ આદિ પ્રત્યેક સાધનપથ પર ચિંતન અને ધ્યાનનો વિનિયોગ તો થાય જ છે.

સાધનપથ ગમે તે હો, પરંતુ સાધનપથના બે વિશાળ વિભાગ તો પ્રત્યેક સાધનપથના હોય જ છે. આ બે વિશાળ વિભાગ છે - બહિરંગ સાધન અને અંતરંગ સાધન.

ચિંતન અને ધ્યાન અંતરંગ સાધન છે. સામાન્ય ક્રમ એવો છે કે બહિરંગસાધનના દીર્ઘકાલીન સંનિષ્ઠ પરિશીલનથી અંતરંગ સાધનમાં પ્રવેશ થાય છે. આમ ચિંતન અને ધ્યાનનો અભ્યાસ - અનુષ્ઠાન પ્રત્યેક સાધનમાર્ગ પણ આવે છે. હા, જે-તે અધ્યાત્મપથની લાક્ષણિકતા પ્રમાણે તે-તે માર્ગના ચિંતન અને ધ્યાનના સ્વરૂપમાં ભિન્નતા અવશ્ય હોય છે.

વેદાંતપથ અને ભક્તિપથ, બંને પથ પર ચિંતનનો અભ્યાસ તો થાય જ છે, પરંતુ બંનેના ચિંતનના સ્વરૂપમાં ભિન્નતા હોય છે. વેદાંતપથનું ચિંતન 'હું બ્રહ્મ છું' — સ્વરૂપનું છે. પોતાના સ્વરૂપને આત્મારૂપે અને આત્મા અને બ્રહ્માના અંતરૂપનું ચિંતન, તે વેદાંતપ્રણીત ચિંતનનું સ્વરૂપ છે.

મીરાં ભક્તિમાર્ગનાં પથિક છે. ભક્તિમાર્ગ પર ચિંતનનું એક વિશિષ્ટ સ્વરૂપ છે. ભક્તિમાર્ગનાં પથિક પરમેશ્વરના સગુણ-સાકાર સ્વરૂપનું ચિંતન કરે છે. આ ચિંતનનાં સામાન્યતઃ ત્રણ સ્વરૂપો છે.

**૧. ભગવાનના રૂપનું ચિંતન :** પોતાના ઈષ્ટદેવ અર્થાત્ ભગવાનના સગુણ-સાકાર રૂપનું ચિંતન કરવું, તે ભક્તો માટે મૂલ્યવાન સાધન છે.

# ધર્મ સૃષ્ટિ

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવાથી ભક્તની ચેતના ભગવાનની ચેતના સાથે તદાકાર બને છે. ભક્તના ચિત્તમાં ભગવત્પ્રેમનો ઉદય થાય છે. ભગવાનના સ્વરૂપનું ચિંતન ભાવસંવેદનાને ઉત્કૃષ્ટ બનાવે છે. તેમાંથી વિકસીને યથાર્થ ભક્તિયોગ બને છે.

**૨. ભગવાનના ગુણનું ચિંતન :** ભગવાનના નિર્ગુણ સ્વરૂપને તો કોઈ ગુણ નથી, તેથી તે સ્વરૂપના ગુણનું ચિંતન શક્ય નથી, પરંતુ ભક્ત તો ભગવાનના સગુણ-સાકાર સ્વરૂપની ઉપાસના કરે છે. સગુણ-સાકાર સ્વરૂપના ગુણનું ચિંતન શક્ય છે. દૃષ્ટાંતતઃ ભગવાનની ભક્તવત્સલતા, પ્રેમ, અમોઘ શક્તિ, સર્વજ્ઞતા, શરણાગતની રક્ષા આદિ ગુણોનું ચિંતન કરી શકાય છે. ભગવાન સાથે ઐક્ય સિદ્ધ કરવાનો આ સુલભ ઉપાય છે. ભગવદ્ગુણ - ચિંતનથી ચિંતન કરનાર ભક્તની ચેતના ઊંચી સપાટીએ પહોંચે છે.

**૩. ભગવાનની લીલાનું ચિંતન :** ભગવાન જ્યારે અવતાર ધારણ કરે છે, ત્યારે અનેકવિધ લીલાઓ પણ આચરે છે. અવતારનું સમગ્ર જીવન લીલામય છે. ભગવાનની આ લીલાઓનું ચિંતન ભક્તિપથના સાધકો માટે સમર્થ સાધન છે. દૃષ્ટાંતતઃ ભગવાન શ્રીકૃષ્ણની ઊખલબંધન- લીલા, ગોચારણ-લીલા, કાલીયદમન-લીલા, ચીરહરણ-લીલા, રાસલીલા, માખણચોરી-લીલા આદિ લીલાનું ભક્ત ચિંતન કરી શકે છે. લીલાચિંતન દ્વારા ભક્ત ભગવાન સાથે ગાઢ સ્નેહતંતુથી જોડાય છે. લીલાચિંતન દ્વારા ભક્તનું ચિત્ત ચેતનાની ઊર્ધ્વ અવસ્થામાં પ્રવેશ કરે છે.

ભગવત્-ચિંતન અને ભગવાનના નામનો જપ - આ બંને સાધનોનું અનુષ્ઠાન સંયુક્ત રૂપે થાય છે, ત્યારે તે સાધન બહુ સમર્થ સાધન બને છે.

પૂજામાંથી માનસપૂજા, માનસપૂજામાંથી ભગવત્-લીલાચિંતન, લીલાચિંતનમાંથી ગુણચિંતન, ગુણચિંતનમાંથી ભગવત્-સ્વરૂપચિંતનમાં સાધકનો પ્રવેશ થાય છે. ભગવત્-સ્વરૂપચિંતન જ્યારે પ્રગાઢ બને ત્યારે તે જ ભગવાનના સગુણ-સાકાર સ્વરૂપનું ધ્યાન બને છે. ભક્તો ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરે છે. શ્રીમદ્ ભાગવતમાં અનેક સ્થળે ભગવાનના સગુણ સાકાર સ્વરૂપના ધ્યાનની ભલામણ કરવામાં આવેલ છે અને તેની વિધિ પણ બતાવવામાં આવેલ છે.

ભગવાનના સગુણ-સાકાર સ્વરૂપના ધ્યાનની અનેક વિધિઓ છે. ભગવાનના શ્રીવિગ્રહની મનશ્ચક્ષુ સમક્ષ ધારણા કરવામાં આવે છે. આ મુખ્ય વાત છે અને બધી વિધિઓમાં આ તો સર્વસામાન્ય છે.

ભગવાનના શ્રીવિગ્રહનું ધ્યાન સન્મુખ પણ કરી શકાય છે અને હૃદયમાં પણ કરી શકાય છે. તે જ રીતે ધ્યાન ક્રમશઃ શ્રીવિગ્રહના એકએક અંગનું પણ કરી શકાય છે.'ને સમગ્ર શ્રીવિગ્રહનું એક સાથે પણ કરી શકાય છે. ક્રમશઃ ધ્યાનમાં ચરણથી પ્રારંભીને મસ્તકથી સુધીનો ક્રમ પણ રાખી શકાય છે.

ભક્ત પોતાની રુચિ પ્રમાણે શ્રીવિગ્રહનું સ્વરૂપ નક્કી કરીને, ધ્યાનની પોતાની પદ્ધતિ પ્રમાણે ધ્યાન કરે છે. ધ્યાન કરતાં-કરતાં એક એવો સમય આવે છે કે ભક્ત ભગવાનના સ્વરૂપ સાથે તદાકાર બની જાય છે, અને સાધકનો ધ્યાનમાંથી સમાધિમાં પ્રવેશ થાય છે.

ધ્યાન કરતાં-કરતાં સાધકની ચેતના એવી અવસ્થાએ પહોંચે છે કે ભગવાન ભક્તની સમક્ષ પ્રગટ થાય છે, ભક્તને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.

મીરાંબાઇએ પણ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું, લીલાનું અને ગુણનું ચિંતન કર્યું છે. પરંતુ મીરાંના ચિંતનનું સ્વરૂપ અન્ય ભક્તોના ચિંતનના સ્વરૂપ કરતાં ઘણું ભિન્ન છે. તે જ રીતે મીરાંનું ધ્યાન પણ તદ્દન વિશિષ્ટ પ્રકારનું ધ્યાન છે.

મીરાં ભગવાનના સ્વરૂપનું ચિંતન સંકલ્પપૂર્વક કરતાં નથી, આયાસપૂર્વક કરતાં નથી. કૃષ્ણપ્રેમની ઉત્કટતાને પરિણામે મીરાં દ્વારા કૃષ્ણચિંતન આપોઆપ થવા લાગે છે. મીરાં ન ઇચ્છે તોપણ અનાયાસે, સહજભાવે ચાલુ રહે તેવું આ ચિંતન છે.

જેના પ્રત્યે પ્રગાઢ પ્રીતિ હોય તેનું ચિંતન, તેનું ધ્યાન કરવું ન પડે, આપમેળે જ થયા કરે. મીરાંની પ્રગાઢ કૃષ્ણપ્રીતિના એક સહજ પરિણામ-રૂપે મીરાંની ચેતનામાં કૃષ્ણનું સ્મરણ, કૃષ્ણનું ચિંતન, કૃષ્ણનું ધ્યાન ચાલ્યા જ કરે છે.

એકવાર નારદજી વૃંદાવનમાં ગયા. યમુનાતીરે નારદજીએ જોયું કે એક ગોપી પાણીનો ઘડો બાજુમાં મૂકીને આંખો બંધ કરીને કોઈકનું ધ્યાન કરી રહી છે. નારદજીએ પ્રશ્ન પૂછ્યો :

'અરે, ગોપી ! કોનું, કૃષ્ણનું ધ્યાન કરે છે ? કૃષ્ણનું સ્મરણ કરે છે ?''

ગોપીનો અતિવિલક્ષણ ઉત્તર સાંભળો : '''અરે, નારદજી ! આ કૃષ્ણે મારા ચિત્તનો કબજો લઈ લીધો છે. કૃષ્ણનું સ્મરણ કરવા માટે નહિ, વિસ્મરણ કરવા પ્રયત્ન કરું છું. આંખો બંધ કરીને શ્રીકૃષ્ણને મનમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરું છું, પણ મનમાંથી એક ક્ષણ પણ ખસતો નથી !

મીરાંનું કૃષ્ણ-સ્મરણ, કૃષ્ણ-ચિંતન, કૃષ્ણ-ધ્યાન આ પ્રકારનું છે.

**સાધનપથનું એક વિજ્ઞાન છે,** એક શાસ્ત્ર છે. સામાન્યતઃ સાધકો આ પથનું અનુસરણ કરીને ધ્યેય સુધી પહોંચે છે. પણ મીરાંનો તો આત્મા જ ભિન્ન કોટિનો છે. મીરાં તો ઊર્ધ્વલોકમાંથી અહીં આ પૃથ્વીલોકમાં ભૂલાં પડી ગયાં છે. તેથી મીરાંની જીવનશૈલી અને સાધનશૈલી સર્વથી સર્વથા અનેરી જ છે. મીરાંનો આત્મા એટલો મહાન છે કે મીરાં અધ્યાત્મના કોઈ નિશ્ચિત પથમાં સમાઈ શકે તેમ નથી. મીરાં કોઈ નિશ્ચિત પથ પર ચાલતાં નથી. મીરાં જ્યાં ચાલે છે, ત્યાં પથનું નિર્માણ થાય છે. ■

# ધર્મ સૃષ્ટિ



**ડૉ. ઋષિરાજ જાની**
લેખક - દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત,
ગુજરાત રાજ્ય યુવા સાહિત્યકાર એવોર્ડ વિજેતા
અને સંસ્કૃતના વિદ્વાન. ગણપત યુનિવર્સિટી.

# શિવજીનું ગૃહસ્થ જીવન



ભગવતી ઉમા જગતજનની છે. શિવ અને પાર્વતી માપી ન શકાય તેવા ઐશ્વર્યના સ્વામી છે. ભગવતી ઉમાએ શિવજીને પોતાની ઈચ્છાથી પતિ તરીકે પસંદ કર્યા છે. ઉમા ભગવાન શિવ મહાદેવ છે અને તેમની કૃપાથી જ દેવો સ્વર્ગનું રાજ્ય ભોગવે છે તે સારી રીતે જાણે છે. મા ઉમા જ્યારે તપ કરતાં હતા ત્યારે શિવજી બ્રહ્મચારીનો વેશ ધારણ કરીને આવેલા અને શિવજીના અસંખ્ય દોષો બતાવેલા. બ્રહ્મચારી રૂપે શિવે પાર્વતીને કહ્યું હતું કે પાર્વતી બ્રહ્માંડની સૌથી સુંદર યુવતી છે આથી તેણે ઈન્દ્ર, વિષ્ણુ કે અન્ય દેવોને પસંદ કરવા જોઈએ. ત્યારે પાર્વતી એ ગુસ્સે થઈને કહ્યું હતું કે,હે બ્રહ્મચારી ! તું મૂર્ખ છે. તું શિવના અમાપ ઐશ્વર્યને જાણતો નથી. કદાચ તારા કહેવા પ્રમાણે શિવ ગરીબ અને ભિખારી હોય તો પણ હું શિવને જ ચાહું છું. મારા પ્રેમમાં કોઈ ફેરફાર નહિ થાય.' આવા ભગવતી ઉમા શિવજી પર ગુસ્સે કેમ થઈ ગયાં ? શિવજીને ખરી ખોટી કેમ સંભળાવવા માંડ્યાં ? આપણને લાગે કે પાર્વતી શિવજીની ગરીબાઈથી કંટાળી ગયા છે અને ક્યાંક ગુસ્સે થઈને ઘર છોડી દેશે તો શિવજીનું ગૃહસ્થ જીવન જોખમમાં મૂકાઈ જશે.

સંસ્કૃતના કવિઓ જ્યારે હળવા મિજાજમાં હોય ત્યારે ઉમા પાર્વતીની ગૃહસ્થ જીવનની પળોને આલેખે છે. આમ કરવાનો ઉદ્દેશ્ય તો શિવપાર્વતીની કૃપા મેળવવાનો જ હોય છે.

સંસ્કૃતનો એક કવિ કહે છે કે,'સ્વયં મહેશ એટલે કે દેવોના દેવ છે. સમૃદ્ધિની ખાણ જેવો નગેશ એટલે કે હિમાલય તેમનો સસરો છે. શિવજીનો મિત્ર ધનભંડારી કુબેર છે એટલે કે ધનેશ છે અને રિદ્ધિ સિદ્ધિના દાતા ગણેશ તેમના પુત્ર છે. આ બધુ હોવા છતાં શિવજી શા માટે ભિક્ષા માગતા હશે ?' કવિ કહે છે કે ઈશ્વરની ઈચ્છા જ બળવાન હોય છે. ઈશ્વરે શું કરવું એ કોઈ કહી ન શકે.

એકવાર શિવપાર્વતી એકાંતમાં બેઠાં હતાં. ત્યારે પાર્વતી શિવની મજાક કરવા માટે ઉત્સુક હતાં. શિવજીને કેવી રીતે ચીડવવા ? તેમને થયું કે લાવો આજે શિવજી પર સામાન્ય ગૃહિણીઓ કરે તે રીતે થોડા કડવાં વચન કહીને ચીડવું. પાર્વતીએ શિવજીને કહ્યું, 'હે ભોળાનાથજ! આપણે ક્યાં સુધી ભિક્ષા માંગીને જીવશું? આપણું તો ઠીક આપણા બાળકોનો તો વિચાર કરો.

ગણેશ અને કાર્તિકેયને આપણે ભૂખ્યા તો રાખી નહિ શકાય ને?' શિવજી ભલે ભોળાનાથ રહ્યા પણ તેઓ અંતર્યામી છે એટલે તેમણે પણ ઠાવકાઈથી પૂછ્યું, 'દેવી, તમે કહો છો તે સાચું છે. મારે શું કરવું જોઈએ ? સ્ત્રીઓ હાજર જવાબી હોય છે અને ઉમાં તો જગતની માતા છે એટલે પાર્વતીએ પણ શિવને માપવા માટે કહ્યું, 'સ્વામી એક કામ કરોને પરશુરામે ક્ષત્રિયોને જીતી લીધા છે. તેઓ જીતેલી ભૂમિનું દાન બ્રાહ્મણ, ભિક્ષુકોને કરી રહ્યા છે. તમે થોડી જમીન માગી લો. આપણાં બે દીકરાઓનું ગુજરાન તેમાંથી ચાલશે.' શિવજીએ કહ્યું કે,'તમારી વાત તો સાચી છે. હું ખેતર માંગી લાવું પણ એમાં વાવશું શું ? આપણી પાસે તો ભિક્ષાનો લોટ જ હોય છે. વાવણી માટે દાણા ક્યાંથી કાઢીશું ?'પાર્વતીએ કહ્યું,'આ ક્યાં મોટી વાત છે. કુબેર તો તમારો મિત્ર છે અને ભક્ત છે. એને કહેશો એટલે બિયારણ મોકલી દેશે.'' શિવજી એ કહ્યું, અરે દેવી ! ખેતરમાં અનાજ એમ ને એમ થોડું ઊગે છે ? તે માટે હળ જોઈએ.' પાર્વતી એ કહ્યું,'તમારે કામ કરવું નથી એટલે બહાનાં બતાવો છો. પેલા કૃષ્ણના

# શિક્ષણ સૃષ્ટિ

ભાઈ બલરામ હળ લઈને ફરે છે અને ગમે તેને ગુસ્સે થઈને મારે છે. એને કહેશો તો એ હળ તો જરૂર આપશે.'શિવજીએ જટામાં હાથ ફેરવતાં કહ્યું,'તમારી વાત તો સાચી છે. મને પણ કાંઈક ઉદ્યમ કરવાનો વિચાર થાય છે પણ હળ જોડીશું કેવી રીતે ?' પાર્વતીને જવાબ આપવા માટે વિચારવું થોડી પડે એમણે કહ્યું,'નાથ ! આપણો નંદી કાંઈ કામ કરતો નથી અને આપણા ભવનની બહાર બેઠો બેઠો બગાસાં ખાય છે એને હળ સાથે જોડી દો. શિવજીએ કહ્યું. વાહ, વાહ ! દેવી !, તમે ખરેખર મને સાચું માર્ગદર્શન આપ્યું. પણ હે વ્હાલી! આપણી પાસે બળદ તો એક જ છે. એક બળદથી થોડી ખેતી થશે ?' પાર્વતીએ કહ્યું,'મને ખબર જ હતી કે તમે જાત જાતનાં બહાનાં બતાવશો. એક કામ કરો. જેમ તમારો નંદી નવરો છે એમ યમરાજનો પાડો પણ નવરો છે. એટલે હળની એક બાજુએ નંદી અને બીજી બાજુએ મહિષ એમ જોડી થઈ જશે.'' શિવજીએ કહ્યું તમારી વાત સો ટકા સાચી છે પણ ખેતી કરવા માટે તો જમીનને ખોદવી પણ પડે. એ માટે દાંતાવાળું ઓજાર જોઈએ.' પાર્વતીએ કહ્યું,'બસ એટલી જ વાત છે. આ તમારું ત્રિશુળ શું કામનું છે ? તેને તમે નંદી અને મહિષ સાથે જોડી દો એટલે જોત જોતામાં ખોદકામ થઈ જશે. શિવજીએ હામાં હા ભેળવતાં કહ્યું,'બરોબર છે. આપણે એમ જ કરીશું. આ બધું થાય પછી તમે શું કરશો અને કાર્તિકેય શું કરશે ? કાર્તિકેય તો હવે મોટો થઈ ગયો છે.' માં ઉમાએ શિવજીને વધુ પરેશાન કરવા માટે કહ્યું,'હું કાંઈ નવરી નહિ બેસું. તમારા માટે રોટલા, શાક, છાશ આ બધું લઈને તમારું ભાથું બનાવીશ. રોજ બપોરે તમને જમાડવા આવીશ. તમે કામ કરીને થાકી ગયા હશો ત્યારે તમને પંખો નાખીશ.' શિવજીએ પાર્વતીને પ્રશ્નથી મૂંઝવવા કહ્યું, 'તો પછી કાર્તિકેય શું કરશે ? એ તો કહ્યું નહિ.' ઉમા એ હસતાં હસતાં કહ્યું, મારા ભોળા ભગવાન ખેતરમાં અનાજ ઉગશે, આપણો નંદી હશે, યમનો મહિષ હશે તો પછી ખેતરનું રખોપું કરવા માટે પણ કોઈ જોઈશે ને ? આપણો કાર્તિકેય રાત્રે ખેતરમાં માંચડે ચડીને ખેતરની રખેવાડી કરશે. શિવજીએ હસતાં હસતાં કહ્યું, 'અરે મહાદેવી ! આ બધું કરવાની કાંઈ જરૂર નથી. મારા એક કૃપા-કટાક્ષથી ત્રૈલોક્યનું ઐશ્વર્ય અહી આવી જશે. ભિક્ષા માગવી એ તો મારી લીલા છે. તમે પણ જાણો છો. પાર્વતીએ કૃપા કટાક્ષ કરતાં કરતાં કહ્યું કે, 'ક્ષમા કરજો ભગવાન ! હું તમારી મશ્કરી કરતી હતી. બાકી તો અષ્ટસિદ્ધિ અને નવનિધિ કૈલાશના બારણાં પાસે ઊભી છે. આપણે તો સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક છીએ. લોકોને જે વાતો કરવી હોય તે ભલે કરે.' પછી શિવપાર્વતી બંને હસી પડ્યાં. ભગવાન શિવનું આવું પ્રસન્ન દાંપત્ય ભક્તોનું કલ્યાણ જ કરે છે.

મો. ૯૭૧૨૩ ૭૫૧૧૨


વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

**વિશ્વ ઉમિયાધામ - ઉમાસૃષ્ટિમાં જાહેરાત**

વિશ્વ ઉમિયાધામનું માસિક ''ઉમાસૃષ્ટિ'' માં આપસૌ સાથી મિત્રો પોતપોતાની કંપની, પેઢી કે જે તે સંસ્થા સાથે જોડાયેલા છો તેની જાહેરાત માસિક મુખપત્ર ''ઉમાસૃષ્ટિ'' માં પ્રકાશિત કરવા માટે નીચે મુજબના પેજ ઉપર પોતપોતાની જાહેરાત નીચે આપેલ સહયોગ રાશિથી સંસ્થાના ઈ-મેલ તેમજ ફોન ઉપર મોકલી આપવા વિનંતી છે. (email : office@vuf.org (Mob No. + 91 99749 99165)

**માસિક મુખપત્ર જાહેરાતની માહિતી**

(૧ વર્ષ માટે)

| | |
|---|---|
| બેક કવર પેજ (Title - 4) | રૂા. ૫ લાખ |
| બેક કવર ઈનસાઈડ પેજ (Title - 3) | રૂા. ૩ લાખ |
| પ્રથમ પેજ ઈનસાઈડ (Title - 2) | રૂા. ૩ લાખ |
| મેગેઝીન અંદરનું ફૂલ પેજ | રૂા. ૧ લાખ |
| મેગેઝીન અંદરનું હાફ પેજ | રૂા. ૫૦ હજાર |

(છ માસિક - ત્રિ-માસિક - માસિક માટે )

| | |
|---|---|
| મેગેઝીન અંદરનું ફૂલ પેજ (છ-માસિક) | રૂા. ૫૧ હજાર |
| મેગેઝીન અંદરનું ફૂલ પેજ (ત્રિ-માસિક) | રૂા. ૨૫ હજાર |
| મેગેઝીન અંદરનું ફૂલ પેજ (માસિક) | રૂા. ૧૧ હજાર |
| મેગેઝીન અંદરનું હાફ પેજ (છ-માસિક) | રૂા. ૨૫ હજાર |
| મેગેઝીન અંદરનું હાફ પેજ (ત્રિ-માસિક) | રૂા. ૧૧ હજાર |
| મેગેઝીન અંદરનું હાફ પેજ (માસિક) | રૂા. ૫૧૦૦ |

નોંધ : (૧) માસિક મુખપત્રનો પ્રિન્ટીંગ એરિયા ૮ ઈંચ X ૧૧ ઈંચનો રહેશે. (૨) માસિક મુખપત્ર ફોર કલર ઓફસેટમાં ગ્લોસી આર્ટ પેપરમાં છપાશે. (૩) GST અલગથી ગણાશે. (૪) પ્રતિમાહ ૩૦૦૦ જેટલી કોપી પ્રિન્ટ કરવામાં આવશે તેમજ સોશિયલ મીડિયા - ૨૦૦ થી વધારે વોટ્સએપ ગ્રુપમાં પણ મોકલવામાં આવે છે.

આપશ્રીને નમ્ર વિનંતી કે આપે નિર્ધારિત કરેલ જાહેરાતની રકમનો ચેક/R.T.G.S./N.E.F.T. સંસ્થાના બેંક ખાતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ખાતા નંબર 00710123075, IFSC Code - KCCB0SMR007 થી મોકલી આપવા યોગ્ય કરશોજી. આપનો GST-PAN નંબર પણ સત્વરે મોકલવા વિનંતી છે, જેથી તેનું બીલ આપને મોકલી શકાય.

**ઉમાસૃષ્ટિ માસિક વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ**

૫ વર્ષ : રૂા. ૩૦૦૦/- ૧૦ વર્ષ : રૂા. ૫,૦૦૦/-

આજીવન : રૂા. ૧૫,૦૦૦/-

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રીશ્રી "ઉમાસૃષ્ટિ" સામયિક, VUF અમદાવાદ
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**આ લેખનો ઓડિયો સાંભળવા QR સ્કેન કરો**

# ત્યાગ, સમર્પણ અને સતીત્વની જીવંત પ્રતિમા : સીતાજી

**પ્રસ્તાવના :** ભારતીય સંસ્તૃતિમાં નારીને માત્ર ગૃહલક્ષ્મી તરીકે જ નહીં પરંતુ ધર્મ, સંસ્કાર અને ત્યાગની પ્રતિમૂર્તિ તરીકે સન્માન આપવામાં આવ્યું છે. એમ પણ કહેવાયું છે કે - 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः' અર્થાત જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. 'નારી' ને શક્તિનું સ્વરૂપ માનવામાં આવી છે. અને જ્યારે આ શક્તિ સાથે શીલ, સંયમ અને સમર્પણનો સંગમ થાય અને જે દિવ્ય વ્યક્તિત્વ ઉભરી આવે, તે છે "માતા સીતા" વૈશાખ સુદ નવમી એટલે કે સીતા નવમી, જે સીતાજીનો પ્રાગટ્ય દિવસ છે. આ દિવસે મિથિલાની ધરતીએ સાક્ષાત્ લક્ષ્મીજીને પુત્રી સ્વરૂપે સ્વીકાર્યા હતા. સીતાજીનું જીવન માત્ર એક રામાયણનું પાત્ર નથી, પરંતુ તે સ્ત્રીત્વનું સર્વોચ્ચ શિખર અને સહનશીલતાની પરાકાષ્ઠાનો જીવંત દસ્તાવેજ છે.

**સીતાજીના જન્મની કથાઓ : (૧)** સીતાજીના જન્મ વિશેની કથા અત્યંત અનોખી અને પૌરાણિક છે. જનક રાજા પુત્ર કામેષ્ટિયજ્ઞ માટે જમીન પર હળ ચલાવી ભૂમિ ખેડી રહ્યા હતા ત્યારે તેમના હળ સાથે એક માટીનો ઘડો ટકરાયો, રાજાએ ઘડો કાઢીને જોયું તો તેમાં તેજસ્વી, શક્તિસ્વરૂપા બાળકી હતી. આ ઘટના વૈશાખ સુદ નવમીના દિવસે બની હતી, તેથી દર વર્ષે આ દિવસને સીતા જયંતી તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે સીતાજીના પ્રાગટ્યનું સ્મરણ કરીને તેમના જીવનના આદર્શોનું ચિંતન કરવામાં આવે છે. સીતાજીનો જન્મ પૃથ્વીમાંથી થયો હતો. તેથી ધરતી માતાના પુત્રી કહેવાયા. સીતા શબ્દનો અર્થ થાય છે હળ દ્વારા જન્મેલી, તેથી તેનું સીતા પાડવામાં આવ્યું. સીતા જનકપુત્રી હોઈ તેથી જાનકી, જનકનંદિની, ભૂમિજા કે વૈદેહી કહેવાઈ. સીતા ઈશ્વરી શક્તિ છે તેથી તેનો જન્મ નહીં પણ પ્રાદુર્ભાવ થયો કહેવાય. સીતાજી ધરતીપુત્રી હોવાથી ધરતી માતાના ગુણ દ્રઢતા, સ્થિરતા અને સહિષ્ણુતા સીતાજીમાં ઉતર્યા છે.

**(૨) 'વામનપુરાણ'**, 'દેવી ભાગવત' વગેરે પુરાણો પ્રમાણે રાજા કુશધ્વજ અને પત્ની માયાવતીથી લક્ષ્મીના અંશરૂપે જન્મેલી પુત્રી જન્મતાની સાથે જ વેદમંત્રો બોલવા લાગી ! તેથી તેનું નામ 'વેદવતી' પડ્યું. આ વેદવતી તપ કરતી હતી, ત્યારે રાવણ તેના ઉપર મોહિત થયો. વેદવતીએ તેને સપરિવાર સંહારનો શ્રાપ આપ્યો અને પોતે યોગઅગ્નિમાં વિલીન થઈ ગઈ. આ વેદવતી જ બીજા જન્મમાં જનકસુતા સીતારૂપે અવતર્યા અને રાવણના સંહારમાં નિમિત બન્યા. આ રીતે જાનકી માતાનો અવતાર આસુરી શક્તિના સંહાર માટે જ થયો હતો. સીતાજી એક અવતારી સ્ત્રી જ હતાં.

**(૩)** સીતાજીના જન્મ જન્મમાંતરોની અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. **'અદભુત રામાયણ'** પ્રમાણે અંબરીષની પુત્રી વિષ્ણુપત્ની થઈ અને તે જ રામાવતારમાં સીતા થઈ.

**(૪) "આનંદ રામાયણ"**ની કથા પ્રમાણે પદ્‌મ નામના રાજાને પદ્‌મા (લક્ષ્મી)નામની પુત્રી થઈ. રાજાએ પોતાની આ કન્યા માટે સ્વયંવર યોજ્યો, પણ તેને કોઈ રાજા પસંદ ન પડ્યો. તેથી બધા રાજાઓએ આક્રમણ કરીને રાજાને મારી નાખ્યો. પુત્રી લક્ષ્મી અગ્નિમાં પ્રવેશી, રાવણને તે અગ્નિકુંડમાંથી પંચરત્ન મળ્યા. રાવણે તેને એક પેટીમાં ભરીને તે પેટી મંદોદરીને આપી. પેટી ખોલતા એક દિવ્ય કન્યા નીકળી, જેણે રાવણના સંહારની ભવિષ્યવાણી કરી. તેથી મંદોદરીની ઈચ્છા પ્રમાણે તે પેટી જનકરાજાની ધરતીમાં છુપાવી દીધી. હળથી જમીન ખેડતા એક ખેડૂતને તે કન્યા મળે છે. ખેડૂત તે કન્યા જનકરાજાને આપે છે. જનકરાજા તેને પુત્રી તરીકે ઉછેરે છે.

**(૫) સીતાજીની ઉત્પત્તિ પાછળ અનેક કથાઓ પ્રચલિત છે,** કહેવાય છે કે સીતાજી ઋષિઓના રક્તમાંથી ઉત્પન્ન થયા હતાં. ત્રેતાયુગમાં રાક્ષસો ઋષિમુનિઓને બહુ પજવતા હતાં. તેમના યજ્ઞમાં હાડકાં, માંસ નાખતા ત્યારે ઋષિઓએ તેની તપસાધનાના બળે શક્તિસ્વરૂપ દેવી શક્તિનું સર્જન કરવાનું નક્કી કર્યું. ઋષિમુનિઓએ પોતાનું થોડું રક્ત કાઢીને એક માટીના ઘડામાં એકઠું કર્યું અને ઘડાને જમીનની અંદર દાટી દીધો. તેમાંથી એક બાળકીનું સર્જન થયું. આ રીતે સીતામાતાનો જન્મ ધરતીના ગર્ભમાંથી અને ઋષિમુનિઓના રક્તમાંથી થયો હોવાથી તે ઋષિસંતાન છે.

## કવર સ્ટોરી



**બાળપણથી જ શૂરવીરતા :** મિથિલામાં ઉછરેલા રાજકુમારી સીતા બાળપણથી જ શૂરવીર હતા, જે શિવધનુષને મોટા મોટા મહારથીઓ અને રાવણ સહિત ઉપાડવું તો દૂર, તસુભાર હલાવી શક્યા નહોતા તે પિનાકપાણિ ધનુષનો સીતાજી ઘોડો-ઘોડો કરીને રમતાં હતાં. આ તેમની આંતરિક શક્તિનો પરિચય હતો. આ ઉપરથી અંદાજ આવે છે કે સીતાજી કેટલાં બળવાન હશે? તેઓ બચપણથી જ ચંચળ, ચપળ, ચતુર, સુંદર અને સર્વગુણ સંપન્ન હતાં. સીતાજી સ્વયં લક્ષ્મી સ્વરૂપા હતા અને રામચંદ્રજી ભગવાન વિષ્ણુના સાતમા અવતાર હતાં. સીતાજીનું બાળપણ ખૂબ સંસ્કારપૂર્ણ અને શિસ્તબદ્ધ વાતાવરણમાં પસાર થયું. બાળપણથી જ તેઓ અસાધારણ ગુણો ધરાવતા હતા. તેમનામાં વિનમ્રતા, કરૂણા, શૌર્ય અને ધર્મપ્રેમ જેવા ગુણો હતાં.

**શિવધનુષ અને સીતાસ્વયંવર :** સીતા જ્યારે યુવાન બન્યા ત્યારે તેમના લગ્ન માટે રાજા જનકે એક અનોખી શરત મૂકી કે જે વીર વ્યક્તિ ભગવાન શિવનું ધનુષ્ય ઉઠાવીને તોડી શકે તે જ સીતાજી સાથે લગ્ન કરી શકશે. આ સ્વયંવરમાં રાવણ સહિત અનેક રાજાઓ આવ્યા પરંતુ કોઈપણ તે ધનુષ ઉઠાવી શક્યા નહીં, ત્યારે અયોધ્યાના રાજકુમાર રામચંદ્રજીએ સરળતાથી એ ધનુષ ઉઠાવીને તોડી નાખ્યું. ત્યારબાદ સીતાજી અને શ્રીરામના લગ્ન થયા. આ ઘટના માત્ર એક લગ્ન નહોતા, પરંતુ ધર્મ અને આદર્શ જીવનના એક મહાન યોગનો પ્રારંભ હતો.

**વનવાસ અને ત્યાગ :** કૈકેયીએ મહારાજા દશરથ પાસે માગેલા વરદાન પ્રમાણે જ્યારે રાજકુમાર રામને ૧૪ વર્ષ માટે વનવાસ મળ્યો ત્યારે સીતાજીએ રાજમહેલની સુખસગવડો છોડી પતિ સાથે વનમાં જવાનો સંકલ્પ કર્યો. રામે તેમને સમજાવ્યું કે વન્ય જીવન કઠિન હોય છે, પરંતુ સીતાજીએ સ્પષ્ટ કહ્યું કે- **"પતિ જ્યાં હોય ત્યાં જ પત્નીનું સાચું ઘર છે."** આ ઘટનામાં સીતાજીના ત્યાગ અને પતિપ્રેમનું અદ્‌ભુત ઉદાહરણ જોવા મળે છે. તેનો ઉછેર ખૂબ વૈભવમાં થયો હતો અને પોતે એક રાજકુમારી અને રાણી હોવા છતાં રાજમહેલનો મોહ રાખ્યા વિના વલ્કલ વસ્ત્રો પહેરીને કષ્ટોથી ભરેલા વન જીવનને હસતા મોઢે સ્વીકારી લીધું. સીતાજીએ જે કહ્યું તે આજના યુગ માટે પણ એક આદર્શ છે. ૧૪ વર્ષનો વનવાસ રામને મળ્યો હોવા છતાં પતિને જ પરમેશ્વર માની, લગ્ન જીવનના અણમોલ સોણસાં અધૂરા મૂકી, પતિના પગલે પડછાયો બની નારી જગતને મહાન આદર્શ પુરો પાડ્યો.

**રાવણ દ્વારા અપહરણ અને સીતાજીનું શૌર્ય :** વનવાસ દરમિયાન રાવણે કપટથી સીતાજીનું અપહરણ કર્યું અને લંકા લઈ ગયો. લંકામાં અશોક વાટિકામાં રહેતા હોવા છતાં સીતાજીએ રાવણની કોઈપણ પ્રલોભનો કે ધમકીને સ્વીકારી નહોતી. તેમણે સ્પષ્ટ કહ્યું કે તેઓ જીવનભર માત્ર રામના જ છે. આ ઘટના સીતાજીની અડગ નૈતિકતા અને શૌર્યનું ઉદાહરણ છે. લંકામાં એક અસહાય સ્ત્રી હોવા છતાં તેમણે મહાબલી રાવણ સામે પોતાના ધર્મ અને સતીત્વને અડગ રાખ્યું. સીતાજીએ એક ઘાસના તણખલાની આડ રાખીને રાવણનો સામનો કર્યો. આ તણખલું સીતાજીના ચારિત્ર્યની એ મર્યાદા હતી. શિવજીના કૈલાસ પર્વતને પણ ધ્રુજાવી દે તેવો રાવણ સીતાજીએ મૂકેલું તણખલું તસુભાર પણ હલાવી શક્યો ન હતો.

**અગ્નિ પરીક્ષા : સતીત્વ અને પવિત્રતાનો વિજય :-** રામ-રાવણ યુદ્ધ પછી સીતાજીએ પોતાની પવિત્રતા સાબિત કરવા માટે અગ્નિ પરીક્ષા આપવી પડી. અગ્નિદેવની સાક્ષીમાં તેઓ નિર્દોષ સાબિત થયા. આ પ્રસંગ સીતાજીના અખંડ સતીત્વ અને પવિત્રતાનું પ્રતીક છે. આ પરીક્ષા જગત સામે તેમના પવિત્ર સતીત્વને સિદ્ધ કરવા માટે હતી. અગ્નિ પોતે પણ જાનકીની પવિત્રતા આગળ શીતળ બની ગયો. પ્રકૃતિના તત્વોએ પણ તેની રક્ષા કરી. તેમના મહાન સદ્‌ગુણોને કારણે આજે પણ મહાન સતીઓમાં તેમનું નામ આદર સાથે લેવાય છે. આવી સતીઓના નામ સ્મરણથી મહાપાતકનો પણ નાશ થાય છે.

**સીતાજીનું અંતિમ બલિદાન :** અયોધ્યામાં રાજ્યાભિષેક પછી પણ સીતાજીને સમાજના કેટલાક લોકોની શંકાનો સામનો કરવો પડ્યો. રાજ્યની મર્યાદા જાળવવા માટે શ્રી રામે સગર્ભાવસ્થામાં સીતાનો ત્યાગ કરી વનમાં મોકલવાનો કઠિન નિર્ણય લીધો. વનમાં સીતાજીએ લવ અને કુશ નામના બે પુત્રોને જન્મ આપ્યો અને તેમને મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં સંસ્કારપૂર્ણ શિક્ષણ આપ્યું. રામ દ્વારા સીતાનો ત્યાગ એ વજ્રઘાત હોવા, છતાં એ જ ખુમારી, ખાનદાની અને ખમીરથી સામનો કરી લવ-કુશને કુશળ યોદ્ધા બનાવી રામને પણ પોતાની તાકાતનો પરચો બતાવી જગતને પણ બતાવી દીધું કે સ્ત્રી શક્તિ શું છે ! આ બંને પુત્રોને લઈ વાલ્મીકિ સીતાજી સાથે રામસભામા



આવે છે. લવ-કુશ રામકથાનું ગાન કરે છે. પુત્રોની ઓળખ થાય છે. જ્યારે ફરીથી તેની પવિત્રતા સામે પ્રશ્ન ઉઠ્યો ત્યારે ભરીસભામાં પોતાની પવિત્રતાનું પ્રમાણ આપે છે. પોતાનું ગૌરવ અકબંધ રાખી સીતાજીએ ધરતીમાતાને પ્રાર્થના કરી અને પોતે જ્યાંથી જન્મ ધારણ કર્યો હતો તે જ ધરતીમાં સમાઈ ગયા. આ ઘટના સીતાજીના જીવનનું સર્વોચ્ચ બલિદાન દર્શાવે છે.

એક મત એવો પણ છે કે રામ જેવા મર્યાદાપુરુષોત્તમ પ્રાણપ્યારી સીતાનો ત્યાગ ન જ કરે, પરંતુ વાલ્મીકિ રામાયણમાં સીતા-ત્યાગનો આ કરુણ પ્રસંગ કોઈએ પાછળથી ઉમેર્યો છે. એક અન્ય મત એવો પણ છે કે રાજધર્મના પાલન માટે રામને સીતા તરફ કઠોર વ્યવહાર કરવો પડે છે, વાસ્તવમાં રામની નજરે સીતાજી પરમ પવિત્ર હતાં.

**સીતાજીનો મહિમા :** ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસમાં સીતાજીને આદ્યશક્તિ તરીકે પ્રસ્થાપિત કર્યાં છે.

‘उद्‌भवस्थिति संहारकारिणी क्लेशहारिणीम् मंगलमय करणी सर्वश्रेयस्करी सीता नतोऽहं रामवल्लभाम् ॥’

**અર્થાત :** જગતની ઉત્પતિ, પાલન અને સંહાર કરનારી, ક્લેશોને હરનારી અને કલ્યાણ કરનારી રામપ્રિયા સીતાજીને હું વંદન કરું છું.

**સીતાજીનું અદ્વિતીય ચરિત્ર :** ‘सियाराममय सब जग जानी । करऊँ प्रणाम जोरि जुग पानी ॥’

અર્થાત્ આખું જગત રામમય છે, તેથી હું તેમને હાથ જોડીને પ્રણામ કરું છું.

**વાલ્મિકી રામાયણમાં સીતાજીના ગુણો :** ‘अनन्या राघवेणाहं भास्करेण प्रभा यथा’ **અર્થાત્ :** જેમ સૂર્યથી તેની કિરણો અલગ નથી, તેમ હું પણ શ્રીરામથી ક્યારેય અલગ નથી. ‘ पतिव्रतानां श्रेष्ठा सा सीता लोकविश्रुता ।’ અર્થ : સીતાજી પતિવ્રતા સ્ત્રીઓમાં સર્વોચ્ચ અને સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે.

‘सीता लक्ष्मीः जगन्माता रामस्य हृदयेश्वरी !’ અર્થ : સીતામાતા જગતની માતા છે, લક્ષ્મી સ્વરૂપા છે અને ભગવાન રામના હૃદયમાં વસે છે. સીતાના ત્યાગ અને પવિત્રતા માટે તુલસીદાસજી કહે છે ‘नास्ति सीतासमा नारी न भूतो न भविष्यति ।’

**અર્થ :** સીતા જેવી નારી ભૂતકાળમાં પણ નહોતી અને ભવિષ્યમાં પણ દુર્લભ છે.

**સીતાના પતિવ્રત ધર્મ વિશે કવિ કહે છે -** ‘पतिव्रत धर्म कठिन जग माहीं । सीता सम नहिं नारी जग माहीं ’

**અર્થ -** પતિવ્રત ધર્મ ખૂબ કઠિન છે, પરંતુ જગતમાં સીતાજી જેવી બીજી નારી નથી.

‘जिय बिनु देह नदी बिनु वारी । तैंसिअ नाथ पुरुष बिनु नारी ॥’

**અર્થ :** આત્મા વગર શરીરનું કોઈ મૂલ્ય નથી અને પાણી વગર નદીનું અસ્તિત્વ નથી, તેમ પતિ વગર નારીનું જીવન અધૂરું છે.

**સીતાજીનું અડગ સતીત્વ :** ‘प्रभु पद कमल मनहि मन राखा । सीता हरष न भयउ तनु साखा ॥’

**અર્થ :** સીતાજીએ પોતાના મનમાં શ્રીરામના ચરણોને સ્થાપિત કર્યા હતા, તેથી કઠિન પરિસ્થિતિમાં પણ તેમને કોઈ ભય નહોતો.

**સીતાજીના પવિત્ર જીવન વિશે :** ‘जनकसुता जग जननि जानकी, अतिशय प्रिय करुणा निधान की ॥’

**અર્થ :** જનકનંદિની જાનકી સમગ્ર જગતની માતા છે અને તેઓ કરુણાના સાગર શ્રી રામને અત્યંત પ્રિય છે.

પાછળથી લખાયેલા ‘આનંદ રામાયણ’ અને ‘અધ્યાત્મ રામાયણ’ વગેરે ગ્રંથોમાં સીતાજીની આદ્યશક્તિ રૂપે પ્રતિષ્ઠા થઈ અને “ॐ नमः सीतारामा भ्यम्” મંત્ર પ્રમાણિત થયો. સીતાજીને કેન્દ્રમાં રાખીને કેટલાક સંપ્રદાયો પણ અસ્તિત્વમાં આવ્યા છે. સીતા ઉપર લખાયેલા “सीतोपनिषद”માં સીતાજીને પરબ્રહ્મ સ્વરૂપિણી બતાવ્યા છે. વૈદેહી સીતા તો પરમ તત્વનું નારી રૂપ છે. નારીમાંથી નારાયણી કેવી રીતે બનાય તેની જીવનયાત્રાના દર્શન સીતાના માધ્યમથી થાય છે.

## કવર સ્ટોરી



**અશોકવાટિકામાં સીતાજીનું અડગ સતીત્વ :** લંકામાં રાવણે અનેક પ્રલોભનો આપ્યા છતાં સીતાજી અડગ રહ્યા હતાં.

**' नाम पाएरु दिवस निशि ध्यान तुम्हार कपाट । लोचन निज पद जंत्रित जाहिं प्रान केहि बाट ॥'**

**અર્થ :** દિવસ-રાત ભગવાન રામનું નામ જ મારો રક્ષક છે, ધ્યાન મારી દિવાલ છે અને આંખો તેમના ચરણોમાં બંધાયેલી છે. તેથી મારા પ્રાણ ક્યાંથી બહાર જશે ? આ ચોપાઈ સીતાજીના અડગ ભક્તિભાવ અને સતીત્વને દર્શાવે છે.

**શુરવીરતા અને આત્મગૌરવ :** સીતાજી માત્ર મૃદુ નહોતા પણ શૂરવીર હતાં. વનવાસ દરમિયાન અને લંકામાં કેદ હતાં તે દરમિયાન પણ તેમણે ક્યારેય આત્મગૌરવ સાથે બાંધછોડ કરી નથી. તેમનું મૌન એ તેમની નબળાઈ નહીં પણ તેમની મર્યાદા અને તાકાત હતી. જ્યારે અંતિમ સમયે ધરતીમાં સમાઈ જવાનો નિર્ણય લીધો, ત્યારે પણ તેમણે આત્મસન્માનને સર્વોપરી રાખ્યું.

**મર્યાદાશીલતા :** રામાયણમાં એક પ્રસંગ છે. ભીલ સ્ત્રીઓએ સીતાજીનું સન્માન કર્યું અને પ્રશ્ન કર્યો કે તમારી સાથે કોણ છે? ત્યારે સીતાજીએ કહ્યું કે, "જેમના હાથમાં ધનુષ-બાણ છે એ મારા દિયર છે અને તેમની બાજુમાં એમના મોટાભાઈ છે." આ પ્રસંગમાં જ સીતાજીએ મર્યાદા સ્થાપિત કરી દીધી છે. માટે જ ગુજરાતી સાહિત્યના કવિ અવિનાશ વ્યાસ એક ગીતમાં પોતાનો ભાવ આ રીતે રજુ કરે છે.

**"તમથી રે પહેલાં અશોકવનમાં સીતાજીએ રાવણને હરાવ્યો, દૈત્યોની વચ્ચે નિરાધાર નારી, તોય દશમાથ વાળો ત્યાં ન ફાવ્યો,**
**મરેલાં ને માર્યો એમાં કર્યું શું પરાક્રમ, અમથો લૂંટ્યો વિજયનો લ્હાવો, મારા રામ તમે સીતાજીની તોલે ન આવો."**

**કરુણાની મૂર્તિ :** કરુણાની મૂર્તિ સમી સીતાનું સ્મરણ થતાં જ વાલ્મિકીના મુખમાંથી આદિકાવ્ય રામાયણની રચના થઈ છે. એક વાર નદીએ સ્નાન માટે જતા વાલ્મીકિએ એક કરુણ દ્રશ્ય નિહાળ્યું. વૃક્ષ ઉપર ચકવા-ચકવીનું પંખી યુગલ પ્રેમક્રિડામાં મસ્ત હતું. એક પારધીએ બાણથી નર પક્ષીને હણી નાખ્યું. પંખિણી રુદન કરવા લાગી. એ આક્રંદ સાંભળીને વાલ્મીકિને રામના વિયોગમાં વિલાપ કરતી સીતાનું સ્મરણ થયું અને તેમના મુખમાંથી રામાયણ સર્જાયું.

### આજની નારી માટે સીતાજીનો સંદેશ

આધુનિક યુગમાં મહિલાઓ શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ અને સમાજસેવામાં આગળ વધી રહી છે. પરંતુ સીતાજીનું જીવન આજે પણ પ્રેરણારૂપ છે. સીતાજી આપણને શીખવે છે કે,

જીવનમાં સંજોગો ગમે તેટલા કઠિન હોય, ધર્મ અને સત્યનો માર્ગ છોડવો નહીં. પરિવાર અને સંસ્કારોનું મહત્વ ખૂબ જરૂરી છે. નારીમાં સહનશીલતા અને શક્તિ બંને હોવી જોઈએ. આત્મસન્માન અને પવિત્રતા જીવનની સૌથી મોટી સંપત્તિ છે. સફળતા માટે ચારિત્ર્ય એ જ સૌથી મોટું શસ્ત્ર છે. સ્વતંત્રતા અને મર્યાદા વચ્ચે સંતુલન જાળવવું. જે કાર્ય કે સંબંધમાં હોય, ત્યાં પુરેપુરું સમર્પણ રાખવું. પરિવાર અને સંબંધો માટે ત્યાગ ભાવના સમાજને મજબુત બનાવે છે. જીવનમાં પડકારો આવે ત્યારે સનહશીલતા અને ધૈર્ય ખૂબ જરૂરી છે, વ્યક્તિનું સાચું બળ તેનું આત્મગૌરવ અને આત્મસન્માન છે. સીતાજીના જીવનમાં ભક્તિ, ધર્મ અને આધ્યાત્મિકતા સતત રહેલી છે.

**ઉપસંહાર :** સીતાજીનું ચરિત્ર ભારતીય સંસ્કૃતિમાં નારીના સર્વોચ્ચ આદર્શનું પ્રતીક છે. તેમનું જીવન ત્યાગ, સતીત્વ, સહનશીલતા અને અડગ ધર્મનિષ્ઠાનું જીવંત ઉદાહરણ છે. આજના યુગમાં જો સમાજ સીતાજીના આ જીવન મૂલ્યોને અપનાવે તો પરિવાર વધુ સંસ્કારી બનશે, સીતાજી એ દરેક ભારતીય સ્ત્રીના હૃદયમાં વસતી ચેતના છે. સીતા જેવી સહનશીલતા, ધૈર્ય અને સંસ્કારિતાનો ઉદય થાય તો જ સાચી ઉજવણી છે. સીતાજીનું જીવન એ સ્ત્રીત્વના સન્માનની વિજયગાથા છે. સીતાજી વિના રામાયણ, ગ્રંથ પણ અધૂરો રહી જાય. તેમણે પોતાના જીવનના દરેક પાત્રને એક આદર્શ સાથે જીવીને એક સંસ્કારી પુત્રી, સુખ-દુખમાં સહભાગી થનાર પત્ની અને બાળકોમાં સંસ્કારોનું સિંચન કરતી આદર્શ માતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. સીતાજીનું જીવન માત્ર એક પૌરાણિક કથા નથી, પરંતુ સદીઓ સુધી માનવ સમાજને માર્ગદર્શન આપતી એક અમર પ્રેરણા છે. સીતાજી માત્ર રામાયણનું પાત્ર નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે.

તુલસીદાસના શબ્દોમાં આપણે પણ જાનકીદેવીના ચરણકમલોમાં વંદન કરી નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત કરીએ :

**"ताके जुग पद कमल मनावऊँ जासु कृपा निर्मल मति पावऊँ ।"**

**સીતા માતાજીનું ચરિત્ર સૌને માટે આદર્શ બની રહે એ જ અભ્યર્થના...!**

## શિક્ષણ સૃષ્ટિ



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર
અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# પ્રાથમિક શિક્ષણ – દશા અને દિશા

કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર શિક્ષણ છે. ગુણવત્તાવાળું શિક્ષણ જ રાષ્ટ્રને વિશ્વમાં અગ્રીમ રાષ્ટ્ર બનાવે છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી શુલ્ટ્ઝ શિક્ષણમાંના રોકાણને માનવમૂડી રોકાણ (human capital investment) કહે છે.

જે દેશ પોતાના પ્રાથમિક શિક્ષણમાં ઉત્તમ માણસો અને વિપુલ સંસાધન રોકે છે તેને ભવિષ્યમાં ઉત્તમ વળતર મળે છે, કારણ કે નાગરિક ધર્મના, મનુષ્ય ધર્મના, જવાબદારીની ભાવનાના વિકાસનાં બીજ પ્રાથમિક શિક્ષણમાં રોપાય છે. ઉત્તમ નાગરિક હોય તો જ ઉત્તમ રાષ્ટ્ર થઈ શકે. જીવન યાપન માટે જરૂરી કૌશલ્યોના વિકાસ માટે અંગોની કેળવણીનો પણ આ મૂલ્યવાન તબક્કો છે. બાળક દરેક કામ સર્જનાત્મક રીતે કરવાનું શીખશે, તો ભવિષ્યમાં રાષ્ટ્રને તમામ ક્ષેત્રે ગુણવત્તા પ્રાપ્ત થશે. તેથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાની સુધારણા માટે જાગૃત અને સંકલ્પબદ્ધ પ્રયત્નોની આવશ્યકતા છે.

ગુણવત્તા (Excellence) જીવનનાં તમામ ક્ષેત્રોમાં અપેક્ષિત છે, શિક્ષણમાં તો ખાસ અને પ્રાથમિક શિક્ષણમાં તો અનિવાર્ય અને અપેક્ષિત છે, કારણ કે બાળકનો ભાવપિંડ ઘડાતો હોય, અંગોના કૌશલ્યની ખિલવણી થતી હોય, મનની વિવિધ શક્તિઓનો વિકાસ થતો હોય, તેવી વયમાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણ-રચના હશે તો રાષ્ટ્રને તેના ઉત્તમ પરિણામો મળશે. દરેક નાગરિકમાં એનો વિકાસ થાય તે અપેક્ષિત છે.

જુદાજુદા અભ્યાસોમાં એવું પ્રકટ થયું છે કે, પ્રાથમિક શિક્ષણની સીધી અને વિધેયાત્મક અસર વસતીવધારા પર નિયંત્રણ, આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા, કાયદો અને વ્યવસ્થા, રોજગાર, ઉત્પાદન ક્ષમતા, G.D.P., આર્થિક વૃદ્ધિ અને નાગરિક ધર્મનું શિક્ષણ જેવા સામાજિક અને આર્થિક નિર્દેશકો પર અવશ્ય પડે છે. આપણા પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર ડૉ. અમર્ત્યસેનના મતે ભારતની પ્રગતિ માટે ઉત્તમકક્ષાનું પ્રાથમિક શિક્ષણ ભારતના દરેક બાળકને પ્રાપ્ત થાય તે જરૂરી છે. આપણા બંધારણમાં ૧૪ વર્ષ સુધીના બાળકને મફત અને સાર્વત્રિક શિક્ષણ આપવાની જોગવાઈ છે. તાજેતરમાં આપણી લોકસભાએ આને મૂળભૂત અધિકાર ગણવાનો ખરડો પસાર કરેલ છે. ભારતમાં આજે અનેક પ્રયત્નો પછી પણ ૬૨ ટકા સાક્ષરતાનો દર પ્રાપ્ત કરી શક્યા છીએ. વસ્તીનો ૩૮ ટકા ભાગ સાવ નિરક્ષર હોય તે ખરેખર રાષ્ટ્રની શરમ ગણાવી જોઈએ.

આજ આપણા દેશમાં નિશાળે જઈ શકે તેવાં લગભગ અડધોઅડધ બાળકો નિશાળની બહાર છે. દસ કરોડ બાળકો બાળમજૂર તરીકે કામ કરે છે. આ આપણું દુર્ભાગ્ય છે. બીજી તરફ, છેલ્લા વર્ષોમાં ઈન્ફર્મેશન ટેક્નૉલોજીમાં ભારત સુપરપાવર તરીકે ઉભરી રહ્યું છે. અને એમાં પણ વૈશ્વિક સૉફ્ટવેર સેવાઓમાં તો ખાસ વૈશ્વિક બજારમાં અગ્રિમ હરોળ પ્રાપ્ત કરવી અને છતાં દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણમાં નિષ્ફળ રહેવું એ બાબતનો મેળ બેસતો નથી. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની પરિસ્થિતિ સુખદ ગણી શકાય તેવી નથી. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઘણી નિમ્નસ્તરની છે. તેમાં પણ કન્યા કેળવણીમાં જે વિષમતા જોવા મળે છે તે ચિંતાજનક છે.

શા માટે બાળકો શાળાએ નથી આવતાં ? આ અંગેના ઘણા સર્વેક્ષણો થયા છે. એમાં એવું જાણાયું છે કે, ગરીબાઈ, માબાપની બેદરકારી, શિક્ષણનું મહત્ત્વ ન સમજવું, ઘરની નજીક શાળા ન હોવી, દીકરીઓને ઘરકામમાં પ્રયોજવી, વગેરે જેવા કારણોને લઈ બાળકો શાળાએ આવતા નથી, પરંતુ સહુથી વધુ અગત્યનું કારણ શાળામાં બાળક આનંદિત રહે, ભણવું ગમે તેવું વાતાવરણ નથી તે છે. બાળકોને શાળામાં આકર્ષવા શિક્ષણ રસમય, ઉપયોગી અને આનંદમય હોવું જોઈએ.

**આ માટે -**

- શાળાનું મકાન યોગ્ય અને સુવિધાવાળું હોવું જોઈએ.
- શાળાનું પર્યાવરણ સ્વચ્છ અને સુરુચિયુક્ત હોવું જોઈએ.
- શાળાનાં પ્રાંગણમાં બગીચો હોય.
- પૂરતા રમતગમતનાં સાધનો હોય.
- પુરતા શૈક્ષણિક સાધનો હોય.
- પૂરતા શિક્ષકો હોય.
- શિક્ષકો પ્રેમાળ હોય.
- શિક્ષકો વિવિધ રશૈક્ષણિક પ્રવૃત્તિઓ જાણતા હોય.
- આચાર્યનું અસરકારક નેતૃત્વ હોય.
- શાળામાં યોગ્ય લાઈબ્રેરી હોય.

(અનુ. પેઈજ ૧૯ ઉપર)

# શિક્ષણ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કૉલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# પોતાના જીવનને ખુશ રાખવાનો કિમિયો !

"તાઓ" એટલે "માર્ગ'. ચીનના સૌથી પ્રાચીન તાઓ ધર્મના સ્થાપકનું મૂળ નામ હતું લી. લાઓત્સે એ નામ નહીં, પણ વિશેષણ છે અને એના બે અર્થ થાય છે, એક છે "પ્રાચીન ગુરુ" અને બીજો અર્થ છે "વૃદ્ધ બાળક."

લી પાસે નાની વયથી જ વિચારસમૃદ્ધ વૃદ્ધજન પાસે હોય તેવો જ્ઞાન અને અનુભવનો સંચય હતો. એમની સમક્ષ ચી-લુ નામના યુવકે પોતાની મૂંઝવણ પ્રગટ કરતાં કહ્યું, "એક સમસ્યાને કારણે મારી આખી જિંદગી બેકાર અને બિસ્માર બની ગઈ છે અને એ સમસ્યા છે મૃત્યુનો પાર પામવાની. મારે એ જાણવું છે કે ખરેખર આ મૃત્યુ છે શું? એ પછીનું જીવન સુખદ છે કે દુઃખદ?" ઉત્તરમાં લાઓત્સેએ કહ્યું, "ભાઈ ! વાસ્તવમાં જે કોઈ સમસ્યા હોય, તે તો જીવનમાં છે. મૃત્યુમાં વળી કઈ સમસ્યા હોય?'

યુવક વિમાસણમાં પડી ગયો. તે જોઈને લાઓત્સેએ કહ્યું, "મૃત્યુ એમને માટે સમસ્યારૂપ છે કે જેમને જીવનની સમસ્યાનું સમાધાન સાંપડ્યું નથી. જો જીવનની સમસ્યાને ઉકેલી શકીએ, તો મૃત્યુ વિશે કશો વિચાર કરવાની જરૂર નથી. તારે તારી તમામ શક્તિઓને જીવન જીવવામાં અને જાણવામાં એકાગ્ર કરવી જોઈએ. મૃતાત્માઓના જીવનની ચિંતા કરવાને બદલે આપણા આ ધરતી પરના જીવનને પામવું જોઈએ. પોતાના જીવનથી તું સાવ અપરિચિત છે, ત્યારે ભલા, તું કઈ રીતે મૃત્યુથી પરિચિત થઈ શકીશ."

વ્યક્તિ સ્વયં પોતાના જીવનની સરહદ આંકી દેતી હોય છે અને પછી એ હદની બેડીઓ પહેરીને પોતાના જીવનની આસપાસ કારાવાસની "કાળી કોટડી" રચી દે છે. કરોળિયાની જેમ જીવન-તાર કાઢીને સ્વયં એમાં સપડાય છે. એ પછી જિંદગીના આનંદને માણવાને બદલે પોતાના જીવનની માન્યતાને આધારે ફરિયાદપેટીને એક પછી એક ચિઠ્ઠીથી ભરતો રહે છે. મોટા ભાગની વ્યક્તિઓ પોતાની જિંદગી વિશે સતત ફરિયાદ કરતી હોય છે. સ્વજીવન પ્રત્યેનો આવો કટુરસ એની પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં પ્રસરે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનનો પલંગ બદલાય અને બીજાનો પલંગ પોતાને મળે, એને માટે અહર્નિશ તલપાપડ હોય છે.

એને પહેલો અણગમો પોતાના કામ તરફ હશે. પોતાના કામ કે વ્યવસાય પ્રત્યેનો અણગમો વ્યક્તિને ધીરે ધીરે એના આનંદના આત્મઘાત પ્રતિ દોરી જાય છે. એને ઓફિસના સાથીઓ કે બીજાં સગાંઓ પ્રત્યે પારાવાર અણગમો હશે. વ્યવહાર તો એમની સાથે નિભાવવો પડે છે, તેથી એ મોં મચકોડીને કે ભીતરમાં અકળામણની ભીંસ અનુભવીને કામ વેંઢારે જતો હોય છે. ક્યારેક આવી જિંદગી મળ્યા બદલ પિતા, પત્ની, પરિવાર, સ્વજનો, જ્ઞાતિજનો, સાથીઓ, સમાજ કે દેશ યા દુનિયાને દોષ આપતો હોય છે.

અન્યનું દોષદર્શન એ એને માટે સમય જતાં દુઃખવૃદ્ધિનું કારણ બને છે. પરિમાણે એને પોતાની જિંદગી પ્રત્યે વધુ ને વધુ નફરત અને ધિક્કાર જાગે છે. વિચારે છે કે આ જીવનમાં ક્યાં ક્યારેય વસંતનો ટહુકો કે ફાગણનો અબીલગુલાલ છે ? જીવનમાં તો છે ઉદાસીન પર્ણહીન પાનખર અને સતત વરસતો દુઃખનો શ્રાવણ. આનો અંત સ્ટ્રેસ, ડિપ્રેશન, બ્લડપ્રેશર અને બીજી કેટલીય માનસિક વ્યાધિ અને એની પાછળ આવતી શારીરિક બીમારીમાં પરિણમે છે.

'વસુધૈવ કુટુંબકમ'ના આદર્શને લક્ષમાં રાખીને વિશ્વ-મિત્ર થવા નીકળનાર 'સર્વોદયી'ને પૂછવું જોઈએ કે જગતને ચાહવા માટે પોકાર પાડનારા તમે પોતાની જાતને ચાહો છો ખરા ? કે પછી વૃક્ષનાં મૂળને ભૂલીને એનાં પર્ણો પર ભાવનાનાં ખાતર- પાણી નાખ્યા જ કરો છો ? પોતાની જાતનાં મૂળિયાં જ અવિરત ઊખડતાં હોય, ત્યાં વિશ્વસંવાદની વાત કઈ રીતે થઈ શકે ? આખા વિશ્વને બાથમાં લેવાનું કહેનારા ક્યારેય વહાલથી પોતાની જિંદગીને ઉષ્માથી ભર્યું ભર્યું આલિંગન આપે છે ખરા? 'ભારે મોજ પડી' એમ કહીને એ પોતે જ પોતાની જાતને ઉલ્લાસથી છલકાવી દે છે ખરા ? કે પછી 'ઋગ્વેદ'ની એ ઋચાના ભાવને આત્મસાત્ કર્યો છે ખરો ? કે 'આવો, આપણે દીર્ઘાયુષી બનીને નાચીએ અને હસતા હસતા આગળ વધીએ.'

જો કોઈ અણધાર્યો પ્રશ્ન કરે કે "તમે કોને ચાહો છો ?" તો ઉત્તર મળશે કે આ જગતમાં એ માતા, પિતા, પત્ની, પ્રિયતમા કે પરિચિતોને જેટલો ચાહે છે, એટલો અન્ય કોઈને ચાહતો નથી. કોઈને પોતાના આલીશાન મહેલ જેવા બંગલા માટે એટલો પ્રેમ હોય કે એની દીવાલોમાં એક નાની તિરાડ પડે, તોય એના હૈયામાં મોટા ચીરા પડતા હોય છે. કોઈ સંપત્તિને પ્રાપ્ત કરવા તો કોઈ સર્વજ્ઞ ઈશ્વરને પામવા માટે પ્રાણ આપી દેવા આતુર હોય છે. એના આ શાશ્વત પ્રેમ પર કોઈ પણ પ્રકારનો આઘાત થાય, તો એ અકળાઈ ઊઠે છે. એના જીવનની આ ધોરી નસ હોય છે. એના સમગ્ર અસ્તિત્વનો એકમાત્ર આધાર હોય છે. એને અહર્નિશ ચાહવું, એ જ એનું પરમ ધ્યેય, એની હિફાજત એ જ એનું એકમાત્ર કાર્ય.

તમે જે કોઈને ચાહતા હો, તેને ભલે ચાહો, પરંતુ તમારી ખુદની જિંદગીને ચાહો છો ખરા ? કે પછી પોતાની જાતના આનંદને ભૂલીને જિંદગીના આનંદને કોઈના ચરણે કે શરણે મૂકી દીધો છે. ક્યારેય જાતને

# શિક્ષણ સૃષ્ટિ

કહ્યું છે કે 'ચાલ, મારી જિંદગી, તને હું ભરપૂર ચાહું છું. તારો આનંદ એ જ મારી અંતિમ ઉપાસના છે.'

વ્યક્તિ પોતાની જિંદગી બીજી વ્યક્તિ, વિચાર કે ભાવનાને ક્યાંક ગીરે મૂકી દેતી હોય છે અને એની પાછળ પોતાના સર્વ આનંદ કુરબાન કરી દેતી હોય છે. ત્યારે 'પ્રલયકી છાયા'માં જયશંકર પ્રસાદે કહ્યું છે તેવો અનુભવ થશે.

"हाय रे हृदय ! तूने कौडी के मोल बेचा जीवन का मणि कोष,
और आकाश को पकडने की आशा में,
हाथ ऊंचा किये सिर दे दिया अतल में !"

અમૂલ્ય જીવનને કેવું વેડફી નાખીએ છીએ. માત્ર આપણા અસ્તિત્વને ટકાવીએ છીએ. પોતીકા જીવનરસને જાણતા નથી. બધું છોડીને પોતાની જિંદગીને ચાહનારા અને સમજનારા માનવીને માટે કન્ફ્યૂશિયસ 'ચૂનજુ' શબ્દનો પ્રયોગ કરે છે અને એ અન્ય તમામ કલાઓના અભ્યાસ કરતાં 'જીવનયાપન'ના અભ્યાસને સર્વોચ્ચ માને છે. આને એ વ્યક્તિનું સૌથી પહેલું કામ કહે છે. પછી બીજું બધું આવે. જીવનનું કુરુક્ષેત્ર એ યુદ્ધક્ષેત્ર હોય કે ધર્મક્ષેત્ર, પણ સૌથી વધુ તો એ વ્યક્તિની આત્મસાધનાનું ક્ષેત્ર છે અને એ આત્મસાધનામાં વ્યક્તિ અતીતને ઓગાળીને અને ભવિષ્યને વિસ્મરીને વર્તમાનમાં જીવતો હોય છે અને જિંદગીની મુસીબતોને શાયર અકબર ઇલાહબાદી કહે છે તેમ 'લિઝ્જત'માં ફેરવી નાખે છે.

જિંદગીની આવી લિઝ્જતનું વિસ્મરણ કરનાર સ્થિતિસ્થાપક બની જાય છે. જીવન પરનો સૌથી મોટો અભિશાપ સ્થિતિસ્થાપકતા છે, કારણ કે વ્યક્તિ જ્યાં હોય ત્યાં પ્રમાદ સેવતો પડ્યો રહે છે. એની એ આળસ એના જીવનમાંથી નીકળીને જગત સાથેની વર્તણૂકમાં પ્રસરવા માંડે છે અને પરિણામે ધબકતી ચેતનવંતી જિંદગી મળી હોવા છતાં ન એની જિંદગીમાં ઉષ્મા, ઉમંગ કે ધબકાર હશે કે ન તો કોઈ ચેતન હશે. માત્ર શ્વાસ-ઉચ્છ્વાસનો વ્યાયામ કરતો એની આવન-જાવનમાં જીવન ગાળીને શેષ આયુષ્યની અંતિમક્રિયા કરતો હશે.

જિંદગી પ્રત્યેની આપણી ચાહનાનો પડઘો આપણા વ્યવહારમાં સંભળાય છે. જિંદગી પામવાને માટે કૃતકૃત્યતા અનુભવીએ. જીવનની સ્થિતિ અને ગતિને સ્નેહથી સ્વીકારીને પ્રગતિ કરીએ. જેવું જીવન છે તેને સ્વીકારીને, એને વધુ 'સત્યમ્ શિવમ્ સુંદરમ' કરવા માટે કૂચકદમ કરતા રહીએ. 'જિંદગીની આશિકી' પ્રત્યેક ઊગતો સૂર્ય અનેક શક્યતાઓને લઈને આવે છે અને એ પછી વિષાદનો કાળોડિબાંગ અંધકાર ઉષાને અજવાળે શોધ્યો જડશે નહીં. નિષ્ફળતાઓની ઠોકરો સફળતાની સીડીનાં પગથિયાં જેવી લાગશે. તમારી પ્રત્યેક ક્ષણના અપાર આનંદના અનુભવને કારણે જિંદગી મ્હોરેલી વસંત જેવી લાગશે. પોતાની જિંદગી પ્રિય બનશે, તો એનો અપાર આનંદ આવશે, કારણ કે આવી જિંદગીનો પડઘો પ્રસન્નતા છે. સદ્વર્તનના પ્રતિભાવ રૂપે સઘળેથી સારો વર્તાવ મળે છે. એમાં કોઈ અપવાદ હોઈ શકે, પરંતુ મુખ્યતઃ તો લોકોનો તમારી સાથેનો વ્યવહાર સૌજન્યશીલ અને ઉષ્માપૂર્ણ રહેશે, આથી જ વિખ્યાત અંગ્રેજ લેખક જ્યોર્જ બર્નાર્ડ શૉના એ વિધાનનું અહીં સ્મરણ થાય છે કે, સ્વાધીન થાઉં, તે પહેલાં આ જગતને જેટલો પ્રકાશ આપી શકું તેટલો બધો જ પ્રકાશ તેની પાસેથી અપાવવા હું ઇચ્છું છું."

જીવન એ દીપકનો પ્રકાશ કે સૌંદર્યનો આત્મા છે. માનવી આજે પોતાના જીવનના આનંદને વીસરીને મનોરોગી બન્યો છે અને પછી થાકેલા જીવનમાં નવી સ્ફૂર્તિ લાવવા માટે ટૅબ્લેટ કે ઇંજેક્શનનો સહારો લે છે. ડૉક્ટરને શરણે જાય છે. મન એક વ્યાધિ પરથી બીજી વ્યાધિ પર ઠેકડા મારીને આધિ અને ઉપાધિ સર્જતું હોય છે. પોતાના જીવનને ચાહનારી વ્યક્તિ એની ચોપાસ એક વાતાવરણ રચી દે છે. આ વાતાવરણના પ્રભાવે એ પ્રતિકૂળતાથી પરેશાન થતો નથી. નિષ્ફળતા મળતાં પીછેહઠ કરતો નથી કે પછી સુખ કે સંપત્તિ છોડીને ચાલી જાય, તોપણ વસવસાના નિસાસા નાખતો નથી, કારણ કે એણે પોતાના જીવનમાંથી જ આનંદનું ઘરગથ્થું ઔષધ મેળવી લીધું છે.

શ્રીરામ, ભગવાન મહાવીર કે ભગવાન બુદ્ધને એમનાં જીવનમાં ઘણાં દુઃખો સહન કરવાં પડ્યાં એમ આપણે માનીએ છીએ. નરસિંહ, મીરાં, ચૈતન્ય મહાપ્રભુ કે સંત તુકારામના જીવન પર પારાવાર આપત્તિઓ આવી એ પણ આપણે જાણીએ છીએ. એનું વર્ણન સાંભળીને ઘણા ભાવુકોની આંખમાં આંસુ આવે છે, પરંતુ આ મહાપુરુષોને માટે આવી મુશ્કેલીઓ એમના જીવનના આનંદના મુકાબલે કોઈ વિસાતમાં નહોતી. આપણે આપણા જીવનમાંથી આનંદ પામતાં શીખ્યા છીએ ખરા ? દુર્ભાગ્યે એ જીવનને પહેલાં સીમા અને સરહદોમાં કેદ કરીએ છીએ, એના આનંદરસને જીવનમાંથી સાવ નિચોવી સૂકવી નાખીએ છીએ અને પછી કોઈ માર્ગદર્શક પાસે જઈને એની જાદુઈ લાકડીથી આપણું જીવન ઉલ્લાસપૂર્ણ બને, તેવી ખેવના રાખીએ છીએ. પોતાના જીવનને ચાહતાં શીખે છે, એ પોતાના જીવનને ખુશ રાખવાના કીમિયા સુપેરે જાણે છે. એ કોઈ ગ્રંથ વાંચીને આનંદ અનુભવશે, પ્રકૃતિના સૌંદર્યને પામીને આત્મસૌંદર્યમંડિત થશે. જગત સાથેના વ્યવહારમાં આનંદરસનું પાન કરતો રહેશે. આપણી જિંદગીને ચાહીશું તો જ આપણી આસપાસના લોકોની જિંદગીને ચાહતાં શીખીશું. કવિ રામધારીસિંહ 'દિનકર'ની એ કાવ્યપંક્તિઓ મનમાં સ્ફુરે છે,

'उदेश्य जन्म का नहीं कीर्ति या धन है, सुख नहीं, धर्म भी नहीं, न तो दर्शन है,
विज्ञान, ज्ञान-बल नहीं, न तो चिंतन है, जीवन का अंतिम ध्येय स्वयं जीवन है.'



**ભદ્રાયુ વછરાજાની**
લેખક જાણીતા કેળવણીકાર અને
મોટીવેશનલ સ્પીકર છે.

# કોઈકના મૃત્યુ સમયે આપણી આંખમાં આંસુ કેમ આવે છે ?

જીવન એટલે વિરોધાભાસ. તનાવ પણ અને સંતુલન પણ પ્રકાશ અને અંધકાર પણ. જન્મ છે તો મૃત્યુનો અનુભવ પણ છે. પણ આને વિરોધાભાસ ગણવો કે સહયોગ? તનાવનું વિરોધી છે સંતુલન, પણ તનાવને દૂર કરવામાં સહયોગી બને છે સંતુલન! પ્રકાશ તો અંધકારથી સાવ વિપરીત, પણ પ્રકાશ વગર અંધકારનું હટવું શક્ય છે ખરું? બસ, આવો જ અનુભવ છે જીવન અને મૃત્યુનો. મૃત્યુની ભૂમિમાંથી તો જીવનનું ફૂલ ખીલે છે. પૃથ્વીમાં છોડ ઊગે, ખીલે, વૃક્ષ બને અને એક દિવસ એ જ પૃથ્વી તેની કબર બને. મૃત્યુમાંથી જીવન પ્રગટે છે અને મૃત્યુમાં જીવન લીન થઈ જાય છે.

તિબેટમાં એક ફકીર હતો. મારપા એનું નામ. તેની પાસે આવીને કોઈએ પૂછ્યું : જીવન અને મૃત્યુ વિશે કંઈક કહો. મારપા તો અટ્ટહાસ્ય કરવા લાગ્યો. મારપાએ કહ્યું : "તમારે જીવન વિશે જાણવું હોય તો કહું, કારણ મને તો જીવનનો પરિચય છે! મૃત્યુની વાતમાં હું કંઈ ન જાણું, કારણ મૃત્યુ સાથે આજ સુધી મારો ભેટો નથી થયો. મૃત્યુ સાથે મારો કોઈ પરિચય નથી. મૃત્યુ વિશે જાણવું હોય તો એને પૂછો જે મરી ગયા છે અથવા મરી રહ્યા છે. હું તો જીવન છું, મૃત્યુની ઓળખાણ થવાની હજી બાકી છે.'

પણ તો પછી દુઃખ કેમ થાય છે સ્વજનના મૃત્યુથી? કોઈકના મૃત્યુ સમયે આપણી આંખમાં આંસુ કેમ આવે છે?...

આપણે કોઈકના મૃત્યુથી કદી દુઃખી થતા જ નથી ! સ્વજન ગયાનું એ દુઃખ નથી. આપણો ભ્રમ ભાંગ્યાનું દુઃખ છે. મારો અહમ્ તૂટ્યાનાં આંસુ છે. મારી ધારણા ખોટી પડયાનો વસવસો છે. ક્યો ભ્રમ? કેવો અહમ્ ? કઈ ધારણા ...

મારા પ્રિયજન કે મારા આપ્તજન કદી મારાથી વિખૂટાં પડી જ ન શકે, 'તે ભ્રમ. જે મા-બાપ-ભાઈ-બહેન-પતિ-પત્ની મર્યાં તે મરી જ કેમ શકે?' તે અહમ્. 'હજુ હમણાં તો હતાં, હવે નથી?' તે ધારણા.

રડવું આવે છે તે ગયેલા માટે નહીં, ગયા તે જઈ જ કેમ શકે?" તેનું રડવું આવે છે. મેં માની લીધું હતું કે તેઓ તો રહેશે જ, કાયમ ! મારી આ ધારણા તૂટી તેનો વસવસો, તેનો વલોપાત, તેનું આક્રંદ. How can I be wrong : That too, death can make me fool? મૃત્યુનો ડર આપણને સતાવે છે. આપણને રડાવે છે. આપણે ક્યારે રડીએ છીએ ? જ્યારે આપણે ડરીએ છીએ! કોઈને મરતા જોઈને, તેમની સાથે જીવતા હતા ત્યારે કરેલો અવિવેક, અન્યાય, અકર્મ આપણા માનસપટલ પર દૃશ્યમાન થાય છે, તેના પસ્તાવારૂપે આપણે રડી પડીએ છીએ. સ્વજનનું મૃત્યુ જોઈ મનમાં સરવૈયું મંડાય છે, Swot Analysis શરૂ થાય છે,... Analysisમાં સારપ ઝાઝી તો હર્ષનાં આંસુ અને ખારપ ઝાઝી તો દુઃખનાં - વસવસાનાં આંસુ. કોઈકનું, બે સત્યો પ્રતિપાદિત કરતું મૃત્યુ. અશ્રુને આમંત્રે છે : (૧) ઓહો, આ આમ જતા રહ્યા? (૨) અરેરે,... હું પણ આમ જ જતો રહીશ ... મૃત્યુનો આ અણદીઠ્યો ભય છે. મૃત્યુના ભયનો એક જ અર્થ છે : જીવનનો અપરિચય. મૃત્યુ જીવનનો વિરોધાભાસ નથી. મૃત્યુ જીવનનો સહયોગ છે. કાકાસાહેબ કાલેલકર સરસ વાત કરે છે : થાકેલો મજૂર વિસામો નથી લેતો? દિવસભર નાચીકૂદીને ખૂબ થાકી ગયેલું બાળક ઊંઘની સોડમાં નથી ભરાઈ જતું? પાકેલું ફળ પોતે જ નીચે નથી પડી જતું? થાક્યોપાક્યો માણસ ઊંઘી જવાની ઇચ્છા કરે તો આપણે દેકારો કરીએ છીએ? આંસુ સારીએ છીએ? કે તેને ઊંઘવા માટે વ્યવસ્થા કરી આપીએ છીએ!' મૃત્યુની ભૂમિમાં જીવનનું એક ફૂલ ઊગી રહ્યું છે; આ દિવ્યપળનું સ્વાગત કરો, કારણ જીવનની યાત્રાનું પહેલું ડગલું જ મૃત્યુના માઈલસ્ટોન તરફ છે. ■

(અનુ. પેઈજ ૧૬નું શરૂ)

## પ્રાથમિક શિક્ષણ – દશા અને દિશા

આ ઉપરાંત ગામના લોકો રસ લેતા થાય તે પણ જરૂરી છે. અત્યારે ૧૦૦ ટકા સાક્ષરતા પ્રાપ્ત કરવા માટે ત્રણ ધ્યેયો લક્ષમાં રાખવા જોઈએ :

(૧) દરેક ગામમાં પહેલા ધોરણમાં પ્રવેશને પ્રાપ્ત દરેક બાળક શાળામાં દાખલ થાય. (Enrolmentt) (૨) શાળામાં દાખલ થયેલ દરેક બાળક સાત ધોરણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે. (Retention) (૩) દરેક બાળક ગુણાત્મક શિક્ષણ પ્રાપ્ત કરે. (Quality Education) છેલ્લા થોડા વર્ષોથી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આ ત્રણે બાબતોને અમલમાં મૂકવા સઘન પ્રયત્નો થઈ રહ્યાં છે તે આવકાર્ય છે.

**પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણમાં નીચેની બાબતો અનિવાર્યપણે હોવી જોઈએ :** ● સરકારની પ્રબળ રાજકીય ઇચ્છા ● સમાજ અને જનસમુદાયની અસરકારક ભાગીદાર ● નાણાકીય સાધનોની અસરકારક ઉપલબ્ધતા ● વધુ નાણાકીય સાધનો ઊભા કરવાની તૈયારી ● પરિણામોની સિદ્ધિ માટે સદૈવ નવતર અભિગમો.



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# બોર વેચવા બોલવું (હાસ્ય-વ્યંગ)

**'ન બોલ્યામાં નવ ગુણ'** ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ આ કહેવત છે, જો કે તે મૂળ સંસ્કૃત સુભાષિત 'सर्ववविदां समाजे विभूषण मौन पंडितानाम्' મૌન એ વિદ્વાનોની સભામાં મુરખનું આભૂષણ છે એનો ભાવાનુવાદ જ છે. એથી જ પછી કોઈ નવ ગુણોનું અંય કશું વર્ણન કરી શક્યું નથી.

એમ તો આ કહેવતની વિરુદ્ધાર્થી કહેવત પણ એટલી જ સુપ્રસિદ્ધ છે, બોલે તેના બોર વેચાય.

બોલે તેના બોર વેચાય એટલે કે બોર વેચવા, ફળ વેચવા કે કોઈ પણ વેપાર કરવા અથવા આપણે આપણી પ્રતિષ્ઠા ઊભી કરવા માટે બોલવું જ જોઈએ. બોલ્યા વગર થઈ શકે એવો કોઈ સમારંભ કે કાર્યક્રમ હોતો પણ નથી. શોકસભામાંયે અંજલિ આપવા બોલવું પડતું હોય છે? શબ્દોની કિંમત કેટલી છે એ ન સમજાયું હોય તો પણ મોટિવેશનલ સ્પિકર અને વકીલોને આપણે કિંમત ચૂકવતા જ હોઈએ છીએ. ગુર્જયેફે તો નિશુલ્ક ધર્મ કે તત્વજ્ઞાનનો ઉપદેશ આપવાની પણ ના પાડી છે. ગુર્જયેફને વાંચ્યા વગર પણ ધર્મક્ષેત્રમાં એમના આ વિચારના અનુયાયીઓની સંખ્યા વધતી જ રહી છે. આવો છે બોલવાનો મહિમા...

આમાં પણ અપવાદ તો છે જ. અનેક મૌનીપુરુષો એ મૌન રાખીને જે પ્રતિષ્ઠા મેળવી છે, નામના મેળવી છે એ બિલકુલ નહિ બોલીને મેળવી છે. ભલે એ માટે એમના અનુયાયીઓ કે શુભેચ્છકો કેટલાય વખત સુધી બોલ્યા હશે અને પૃથ્વીના બધાંય બોર વેચી દીધા હશે એમ માનવાને કારણ છે. ટૂંકમાં, બોલે એના બોર વેચાય એમ નહિ, બોર વેચવા બીજા દ્વારા બજાર ગજાવીએ તો પણ ફાયદો જ ફાયદો છે.

આપણે કહેવત અને એના અર્થ સુધી નથી અટકવું. એથીયે આગળ જઈને એ વાત કરવી છે કે કેવું બોલવાથી બોર વેચાય? અથવા કેવું બોલવાથી બોર માટે પડાપડી થાય? બોલતી વેળાએ ધ્યાન આપવા લાયક જે બાબતો હોય તેની ચર્ચા કરવી છે. તમને એની જરૂર ન હોય તો પણ એ ચર્ચા કરવી જ છે. કારણ કે, આપણે શ્વાસ લેતા લેતા ચાળીસ - બેતાળીસ વર્ષ થઈ ગયા છતાં અનેક મહાનુભાવો આપણને શ્વાસ લેવા- મૂકવાનું પ્રારંભથી શીખવી રહ્યા છે. જીવનનું પંચાવન ટકા ઊંઘી લીધા પછી હવે શરીરને કેવી સ્થિતિમાં રાખીને ઊંઘવું જોઈએ એનો થોકબંધ ઉપદેશ દેનારા પરોપકારી મનુષ્યો મોબાઈલ ઓપન યુનિવર્સિટીમાં ડીન બની બેઠા છે. તો મનુષ્ય અથવા માણસે પાણી ઊભા ઊભા પીવું કે બેઠા બેઠા પીવું, ગળગળાટ પીવું કે પંખીની જેમ ઘૂંટડે ઘૂંટડે પીવું એ વિશે સાંભળવા જેવું, જોવા જેવું કે વાંચવા જેવું ઢગલાબંધ સાહિત્ય ઉપલબ્ધ છે આ આંતર રાષ્ટ્રીય મોબાઈલ ઓપન યુનિવર્સિટીમાં !

આ યુનિવર્સિટીમાંથી સંતત્વ કે શેતાનીમાં ગ્રેજ્યુએટ અર્થાત્ પારંગત થઈ શકાય છે, વૈદક કે સામાજિક સેવામાં ઉપદેશક બની શકાય છે. રસોઈ કે શૃંગારમાં સિદ્ધિ મેળવી શકાય છે. સત્ સાહિત્ય કે કથાવાર્તા સાંભળી શકાય છે તો વગર ખર્ચે હિન્દી ફિલ્મોના ગીત સાથે હોઠ ફફડાવતા રહીને વીડિયો ઉતારી હિરોઈન કે હીરો બનવાની મંછા પૂર્ણ કરી શકાય છે.

ભીંતને કાન હોય છે કે નહિ, એ ખબર નથી પરંતુ મોબાઈલને કાન, આંખ અને જીભ બધું જ હોય છે એ બધાંય જાણે છે. પહેલાના સમયમાં અફવાઓ ફેલાવવા માટે પાડોશીના કાન પૂરતા હતા. વિકસેલા આ જમાનામાં આંતરરાષ્ટ્રીય અફવાઓ પણ સેકંડોમાં આગ કરતાંય વધુ ઝડપે ફેલાતી જોવા મળે છે આ મોબાઈલના માધ્યમથી.

મોબાઈલ યુનિવર્સિટીમાંથી બહાર પડતાં જે તે વિષયના ઢગલાબંધ કે ટનબંધ સાહિત્યમાં સાચું શું અને ખોટું શું એ તારવણી કરવા માટે એક્સપર્ટ્ઝ તૈયાર કરી શકે એવી બીજી અનેક યુનિવર્સિટીઓની આવશ્યકતા ઊભી થઈ રહી છે જે સેલ્ફ ફાઈનાન્સ શે. સંસ્થાઓના સંચાલકોને ધ્યાને પડે એ મહત્વનું છે.

હા, બોર વેચવા કેવું, ક્યાં, ક્યારે અને કેટલું બોલવું જોઈએ એ વાત કરીએ. તમારે સમજવું હોય કે ન સમજવું હોય, તમારે જરૂર હોય કે ન હોય એની કશી જ દરકાર કર્યા વગર મારે મારો ઉપદેશ અથવા માર્ગદર્શન મોબાઈલમાં ઠાલવી દેવા જોઈએ જ એવું હું દઢપણે માનું છું કારણ કે આ મોબાઈલ મારો છે અને નેટ રિચાર્જ પણ મેં જ કરાવ્યું છે એમાં કોઈને કંઈ સંશય હશે જ નહિ. તો ચાલો, આગળ વધીએ...

**બોર વેચવા માટે,** પ્રથમ તો, વ્યક્તિ પાસે વેચવા જેવા બોર હોવા જોઈએ. **બીજું,** એ બોર એણે વેચવા જ છે એવો નિશ્ચય કરવો જોઈએ. **ત્રીજું,** માણસોની વસ્તી હોય અને એ પણ જેઓ બોર ખાતા હોય એવા સ્થાને જઈને બૂમો પાડવી જોઈએ. **ચોથું,** આજુબાજુના રહેણાંક વિસ્તારમાં સંભળાઈ શકે એવા મોટા અવાજે બૂમો પાડવી ઈચ્છનીય છે. **પાંચમું,** બૂમો પાડવાથી જ કામ ન થાય. બહુ સ્પષ્ટ સમજી શકાય એવા ઉચ્ચારથી બૂમો પાડવી. **છઠ્ઠું,** બૂમો પાડ્યા પછી જો કોઈ આવીને ભાવ પૂછે તો ભાવથી એ સાંભળે એવા અવાજમાં ભાવ જણાવવો. એમાં બૂમ પાડવાની જરૂર નથી. આમ સારી રીતે બોર વેચી શકાશે અને ન બોલ્યામાં નવ ગુણ ક્યા ક્યા છે એ જાણવાની ક્યારેય જરૂર પણ નહિ પડે. ■

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# સ્ત્રી સ્ત્રીની દુશ્મન નથી...

જે બધી વાત પુરુષ સમાજમાં સામાન્ય છે, તે જ બધી વાત સ્ત્રી સમાજમાં પણ બને છે. તો પછી સ્ત્રીને સ્ત્રીની દુશ્મન છે એવું શા માટે કહેવાય છે? શું પુરુષોના સ્વભાવમાં ઈર્ષ્યા, અદેખાઈ અને અહંકાર નથી હોતા ? શું પુરુષોમાં બિઝનેસ કે નોકરી બાબત હરીફાઈ નથી હોતી ? પરંતુ ક્યારેય સ્ત્રીઓએ આ વાત જાહેર કરી નથી કે "પુરુષ પુરુષનો દુશ્મન છે." જેમ પુરુષો એકબીજાની ઈર્ષ્યા કરે છે તેમ સ્ત્રીઓ પણ કરે છે. સ્વાભાવિક છે આ તો માનવસ્વભાવની સહજ નબળાઈ છે. સ્ત્રી કે પુરુષ કોઈ જ સર્વગુણસંપન્ન તો નથી જ. પરંતુ "સ્ત્રી" આરંભથી જ જગતભરના વાતો કરનારાની વાતનો વિષય રહી છે.

સ્ત્રીને મમતાની મૂર્તિ, પ્રેમની દેવી, પતિની પ્રેરણામૂર્તિ અને દયા-ક્ષમાનો ભંડાર માનવામાં આવે છે. સ્ત્રીઓમાં સહનશીલતા, ત્યાગ, સ્વાર્પણ અને સેવાપરાયણતા વગેરે ઘણી બધી હકારાત્મક લાગણીઓ ભરપૂર હોવાનું મનાય છે. તેમ છતાં સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ એક નકારાત્મક લાગણી જેવી કે ઈર્ષ્યા - અદેખાઈ પણ એનામાં હોય છે અને સ્વભાવવશ તે અન્ય સ્ત્રીની ઈર્ષ્યા કરી બેસે છે.

સ્ત્રી કોઈ સ્ત્રીની સુંદરતા, ટેલેન્ટ કે સિદ્ધિની પ્રશંસા જરૂર કરે છે. કોઈ હીરોઈન હોય, મૉડેલ હોય કે પછી મિસ ઇન્ડિયા કે મિસ વર્લ્ડ કોઈ પણ હોય સ્ત્રી બેશક એની પ્રશંસા કરી શકે છે. પરંતુ પોતાની બહેન, ભાભી, નણંદ કે દેરાણી- જેઠાણીની સુંદરતા-મોહકતા, ટેલેન્ટ કે કૌશલ્યની એવી પ્રશંસા નહિ કરી શકે. કોઈ સામાન્ય ઘરની દીકરી તેની વિશેષ ટેલેન્ટના કારણે લગ્ન કરીને કોઈ ધનિકના ઘરમાં જાય છે ત્યારે દેરાણી – જેઠાણી અને સાસુ-નણંદ આવી ટેલેન્ટેડ વહુ ઘરમાં આવવા બદલ ગૌરવ અનુભવવાને બદલે કટાક્ષો કરશે, તેની હાંસી ઉડાવશે અને વ્યંગભર્યાં વચનો સુણાવશે. આ બીજું કંઈ નથી પરંતુ સ્ત્રીના મનની ઈર્ષ્યા જ છે.

આજના આધુનિક યુગની સાસુ અને નણંદની વિચારધારા બદલાઈ ચૂકી છે. સાસુ હવે પહેલાં જેવી જૂની અને રૂઢિગત વિચારોની નથી રહી. આજના મૉડર્ન યુગની આધુનિક સાસુ નવા જમાનાની નોકરી કરતી વહુનું સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વાગત કરી શકે છે. વહુના વિચારોને સમજી શકે છે. સાસુ-વહુ એક ગાડીમાં બેસીને ફરી શકે છે. નણંદ પણનવી આવતી ભાભીનું એક સહેલી તરીકે સ્થાન સ્વીકારે છે, ભાભીની ઈર્ષ્યા કરવી અને ભાભીને મહેણાં મારવા એ બધી જૂની વાતો છે. આમ સાસુ વહુ અને નણંદ-ભાભી વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે અને વહુને યોગ્ય માન-સન્માન મળી રહ્યું છે.

**સ્ત્રીઓ વચ્ચે પહેલો સંબંધ છે માતા અને દીકરી વચ્ચેનો.**

વંશવેલો આગળ વધારવા, અગ્નિસંસ્કાર આપવા, કમાણી કરવા કે ઘડપણમાં ધ્યાન રાખવા દીકરો જરૂરી છે. એ આપણી સામાજિક પરંપરા છે. એટલે જ્યારે ગર્ભમાં દીકરી છે એ વાત સોનોગ્રાફી ટેસ્ટથી ખબર પડે છે અને ત્યારે સ્ત્રીને ગર્ભપાત કરાવી નાંખવા મજબૂર કરવામાં આવે છે. સ્ત્રીઓ તો મને-કમને આ પીડા સહન કરતી હોય છે અને કદાચ વિચારતી હશે કે સમાજે જે અન્યાય અને અત્યાચાર મારા ઉપર કરેલા છે એ મારી દીકરી ના ભોગવે. આ વિચારથી પણ કદાચ ગર્ભપાતનું દુઃખ સહન કરતી હશે.

**સ્ત્રીઓ વચ્ચેનો બીજો સંબંધ છે સાસુ અને વહુ વચ્ચેનો.**

જેમાં સાસુને વહુની દુશ્મન સમજવામાં આવે છે. આ તો એક ભ્રમણા છે. સાસુ-વહુ એકબીજાના હરીફ નહિ પણ પૂરક છે. જેનાથી એક કુટુંબ પરિપૂર્ણ બને છે. જો દીકરો માતા અને પત્ની સાથેની જવાબદારી બરાબર સમજે અને સાસુ વહુને પોતાની દીકરી સમજે તો ક્યારેય આ વિવાદ ઉદ્ભવે જ નહિ. પરંતુ હંમેશા આમ બનતું નથી. દીકરાની તો હાલત ખરાબ થઈ જાય છે, ના માને કહી શકે કે ના પત્નીને - - માના પક્ષમાં બોલે તો માવડિયો કહેવાય અને પત્ની તરફથી બોલે તો વહુઘેલો કહેવાય. એટલે મોટે ભાગે તે મૌન જ રહે છે. સમાજ પણ સાસુ-વહુની પાસેથી મા-દીકરીના સંબંધની અપેક્ષા રાખે છે. જ્યારે વહુએ દીકરી બનીને રહેવાનું અને જમાઈએ દીકરો બનીને નહિ રહેવાનું. જમાઈની એના સાસુ-સસરા પ્રત્યે કોઈફરજનથી હોતી. આવો ભેદભાવ સમાજેજઊભો કર્યો છે.

**સ્ત્રીઓ વચ્ચેનો ત્રીજો સંબંધ છે પત્ની અને પ્રેમિકા વચ્ચેનો.**

જ્યારે પતિ-પત્ની અને પ્રેમિકા એમ પ્રણય ત્રિકોણ રચાય છે ત્યારે દુશ્મનાવટ થાય છે પત્ની અને પ્રેમિકા વચ્ચે અને બે સ્ત્રીઓના આત્મગૌરવને ઠેસ પહોંચાડવામાં આવે છે છતાંપણ પત્ની તો પતિને પરમેશ્વર માનીને પૂજે છે. પુરુષનું સ્થાન સમાજમાં અકબંધ રહે છે. પુરુષ જ્યારે ચાહે, જેને ચાહે એની સાથે રહી શકે છે, છતાં પણ કહેવાય છે સ્ત્રી સ્ત્રીની દુશ્મન છે. આ સામાજિક પરિસ્થિતિમાં ફેરફાર કરવો જરૂરી છે.

આજે તો એક સ્ત્રી પોતાના અથાગ પ્રયત્નોથી થયેલ ધ્યેયપ્રાપ્તિથી બીજી સ્ત્રી માટે પ્રેરણારૂપ બને છે. શું એક સ્ત્રી બીજી સ્ત્રીની મિત્ર ના બની શકે? જિંદગીમાં કરવા જેવાં એટલાં બધાં કામો છે જે પૂરાં કરવા માટે જિંદગી ટૂંકી પડે . તો પછી આવી દુશ્મનાવટ શા માટે રાખવી ? દુશ્મની અને મિત્રતા એ માનવસંબંધનો એક સહજ ગુણ છે. એમાં દોષારોપણ નહિ પરંતુ સમજણની જરૂર છે. ■

# નારી સૃષ્ટિ



**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રીઓના અપમૃત્યુના બનાવો કેમ વધ્યા છે ?

માણસના મનને જાણવું તે આજ સુધી જ્ઞાનીઓ અને વિજ્ઞાનીઓ બન્નેને માટે અશક્ય રહ્યું છે, પરંતુ એટલું ચોક્કસ છે કે માણસ જે કંઈ કરે છે, બોલે છે, વિચારે છે અને માને છે તે બધું તેના મન દ્વારા પ્રેરાયેલું હોય છે.

શિક્ષણ માણસની બુદ્ધિ, સમજણ અને વિચાર શક્તિને સંકોરી શકે છે. પરંતુ શિક્ષણથી માણસની પ્રકૃતિનું પોત બદલાઈ શકતું નથી અને પ્રકૃતિમાં ફેર પાડી શકે તો પણ તે ફેર સપાટી ઉપરનો હોય. મનના છેક ભીતરી ઊંડાણ સુધી તેની અસર પહોંચી શકતી નથી.

સંસ્કાર સિંચન, મનોવલણો અને વ્યક્તિત્વનો પિંડ બંધાવો તે વ્યક્તિના ઉછેરમાંથી આવતી બાબતો છે. એટલે આત્મહત્યા, બળાત્કાર અને વ્યભિચારનું અસ્તિત્વ માનવ જાતિમાં છે. કોઈ પશુ-પક્ષી ગમે તેવી પરિસ્થિતિમાં આત્મહત્યા નથી કરતું. એક ગભરુ ચકલી કે દુર્બળ કૂતરીને પોતાના શિયળનું રક્ષણ કરવા પોલીસની કે પોતાના ભાઈઓની જરૂર નથી પડતી. ગમે તેવા ડાઘિયા કૂતરા સામે પણ તે પોતાનું રક્ષણ કરી શકે છે. માનવજાતિ સિવાય બીજે ક્યાંય સંસ્કૃતિ નથી. એટલે વ્યભિચાર પણ નથી. એક ગાય પ્રત્યેક વેતરમાં જુદા-જુદા સાંઢથી ગર્ભધારણ કરીને પણ પવિત્રતા ખોતી નથી. તેના દર્શનમાં તેના દૂધમાં અને તેના શુકનમાં એની એજ પવિત્રતા રહે છે. તેનું ગાયમાતાનું રૂપ જરાય ઝાંખું પડતું નથી. જે છે તે સહજ કુદરતી જીવન છે. માનવ પણ પહેલાં લગભગ આવો જ હતો.

આજે એક જૈનને રીંગણાં-બટાકા ખાવામાં ભયંકર પાપ દેખાય છે. તો બીજી તરફ માંસાહારી મુસ્લિમ જરાય અપરાધી ભાવ વિના માંસાહાર કરે છે. એક મુસ્લિમ પોતાની માજણી સગી બહેન સિવાય બીજી કોઈ સ્ત્રીને બહેન માનતો નથી એટલે તે સગા કાકાની છોકરી સાથે રાજી-ખુશીથી લગ્ન કરી શકે છે. તેમાં કોઈ પાપ કે કલંક લાગવાનો પ્રશ્ન જ નથી રહેતો. પ્રાચીન ભારતમાં આર્ય પ્રજામાં મામા-ફોઈના બાળકો પરસ્પર લગ્નગ્રંથિથી જોડાયા હોય એવા આદર્શ પુરુષોના દાખલા છે. આંતરવર્ણ કે આંતરજ્ઞાતીય લગ્નો થવાનાં તો અસંખ્ય દાખલા છે.

અત્યારે સ્ત્રીઓના અપમૃત્યુના બનાવો ખૂબજ વધી ગયા છે તેના મુખ્ય કારણોમાં કોઈની ઈચ્છા વિરુદ્ધ તેમને લગ્ન કરવાનું દબાણ કરાયું હોય, પતિના ચારિત્ર પર શંકા થવાથી તથા પોતાનું પતિસુખ કોઈ અન્ય લઈ લે છે તે સહન ન થવાથી અથવા પત્નીના ચારિત્ર ઉપર શંકા થવાથી આવાં કારણો મુખ્ય હોય છે.

આ આત્મહત્યા કરનાર સ્ત્રીઓની વાત થઈ. પણ સ્ત્રી હત્યાના પ્રકરણમાં પણ આવા જ કેટલાય કૌટુંબિક, દહેજ જેવા કારણો પણ ખરાં. આ બધાં કારણોના મૂળ ઘણાં ઊંડા છે તેને ઉપર ઉપરથી દબાવી દેવાથી તે નિર્મૂળ થવાના નથી.

પ્રત્યેક માતા-પિતા પોતાના દીકરીનું હિત જ ચાહે તેમાં શંકા નથી. પણ પસંદગી કે મનનો મેળ એ હિતથી અલગ વસ્તુ છે. છોકરો કે છોકરીને મન હિત કરતાં વધારે મહત્વ પસંદગીનું હોય છે. તેમાંય તે પહેલેથી એક જગ્યાએ મેળ મળી ગયો હોય અને તેને તોડીને બીજી જગ્યાએ મેળ બેસાડવા માતા-પિતા દબાણ કરે ત્યારે કાં તો આત્મહત્યા સર્જાતી હોય છે કે પછી નિષ્ફળતાભર્યું ત્રિપાંખિયું લગ્નજીવન સર્જાતું હોય છે. બન્ને ત્રાસદાયી છે.

ધર્મ કે સંસ્કૃતિના નામે આવા ત્રાસને પ્રોત્સાહન ના અપાય. સંસ્કૃતિનાં સ્વરૂપ તથા મૂલ્યો કાળના પ્રવાહમાં પરિવર્તિત ના થાય તો તે ચેતના ખોઈ બેસે છે. ૨૫-૨૭ વર્ષની દીકરી કૉલેજમાં કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હોય તેની પાસે માવતર પોતાની ઈચ્છા પ્રમાણેના લગ્નની અપેક્ષા રાખે તો તે અનર્થ ગણાય માતા-પિતાએ પૂરક બનવું પડે. આ થયું સંસ્કૃતિનું પરિવર્તિત રૂપ.

૨૭ વર્ષની કૉલેજ કન્યા પાસે કોઈ વર એવી અપેક્ષા રાખે કે તેણીએ સ્વપ્નામાં પણ બીજા કોઈ પુરુષને પ્રેમથી જોયો ન હોય તો તે આદર્શ દંભને જ જન્મ આપે. ૨૫-૨૭ વર્ષ સુધી કૉલેજોની હવામાં જીવનાર વર કન્યાઓથી જાણતા-અજાણતા નાની-મોટી ભૂલો થઈ ગઈ હોય તો તેને સ્વીકારી લેવી અને લગ્નજીવનમાં તેને અંતરાયરૂપ ના થવા દેવી. આ થયું મૂલ્યપરિવર્તન. જો આવું મૂલ્યપરિવર્તન ના ચલાવી શકાય તો સહશિક્ષણ પણ ના ચલાવી શકાય. તો કાંતો છોકરા-છોકરીઓને પહેલેથી છેલ્લે સુધી અલગ-અલગ શિક્ષણ સંસ્થાઓમાં ભણાવવા જોઈએ અને ઘરમાં પણ તેમના તમામ સંપર્કો અટકાવી દેવા જોઈએ પણ જો સંપર્કો અને સહશિક્ષણ ચાલુ રખાય તો જૂના મૂલ્યો ચાલુ ના રાખી શકાય. જે સ્ત્રીઓએ આત્મહત્યા કરી હતી તેનાં કારણ પસંદગીમાં હતાં. પોતાના જીવનસાથીની પસંદગી માતાપિતાએ સ્વીકારી નહિ, પણ બીજે ક્યાંક લાકડે-માંકડું ગોઠવી દેવા પ્રયત્ન કર્યો હોય. સંસ્કૃતિની નવી ચેતના અને મૂલ્યોની ગતિશીલતાનો સ્વીકાર જ સ્ત્રીઓના અપમૃત્યુ અટકાવી શકશે.

(અનુ. પેઈજ ૨૪ ઉપર)



**શ્રીમતી સુનિતા ડી. વ્યાસ**
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા,
ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રી છે.

# સલામતી જ તમારું કેદખાનું

સુરક્ષા એ મૃત્યુ છે. ફક્ત કબરમાં સૂતેલા માણસો જ સુરક્ષિત છે. લગ્નમાં સલામતી છે - કાયદાની રીતે, સામાજિક રીતે, માન આપવા અને લેવાની તમારા ખ્યાલની દૃષ્ટિએ. લોકો શું કહેશે એ માટે ફક્ત આડંબર કરે છે, કારણ કે તેઓ એકબીજાથી ડરે છે.

પ્રેમ અદેશ્ય બની ગયો છે. એ તમારા હાથમાં નથી. એ તો પવનની લહેરખીની જેમ આવે છે ને જાય છે. જેઓ ચેતી ગયા તેઓ જાણે છે. તેઓ પવન સાથે નૃત્ય કરે છે. ઊંડાણમાં હોય તેવા બધા જ આનંદને માણે છે પણ સામાન્ય ગર્ભિત માણસ આનાથી વિરુદ્ધ કરે છે. પ્રેમને કિસ્સામાં બંધ કરવાની કોશિશમાં છે. આમ જોઈએ તો દરેક વ્યક્તિ આનંદિત નથી રહી શકતો. પૈસેટકે સુખી જરૂર બની શકે છે. શું કારણ જાણો છો, મિત્રો ?

ફ્રેડરિક નિસ્તો કહે છે : એમ ન માનશો હું સુખી છું. હું મારા આંસુ છુપાવવા હસું છું. હું હસવામાં વ્યસ્ત રહું છું, જેથી મારા આંસુઓને ખાળી શકું. જો હું હસું નહીં તો મારી આંખમાંથી આંસુ સરી પડશે.

તમારા આંસુને છુપાવવા બીજા વ્યક્તિથી તમે થોડા અલિપ્ત રહો. આખી માનવજાત દુ:ખી છે. તમારું દુ:ખ એમને જણાવીને શું કરશો. તમે તમારું દુ:ખ કહેશો તો એનું દુ:ખ માઈનસ થવાની જગ્યાએ પ્લસ થઈ જશે. દુ:ખ દૂર નથી થતું પણ દુ:ખ દૂર થવાનો આભાસ થાય છે. જ્યારે બીજાને આપણા દિલના જખ્મો જણાવીએ છીએ ત્યારે ત્યાં દવાની જગ્યાએ એસિડ પણ મળી શકે છે. સલામતીની શોધમાં આખી જિંદગી વેડફી નાખી ક્યાંય મળી ? ના... અતિ સુંદર પળ તમારા હાથમાં હતી તે પણ શાંતિની શોધમાં ખોઈ નાખી.

મિત્રો ! એક વાત કહું. શું તમને ખબર છે વૃક્ષો ખૂબ જ સુંદર કેમ છે ? કારણ કે તેમને અસલામતીનો ડર નથી. પ્રાણીઓ કેવા આનંદમાં ફરે છે. પુષ્પો સૂર્યપ્રકાશમાં ખીલી ઉઠે છે. વરસાદમાં ભીંજાવાનો આનંદ લે છે, કારણ કે સાંજે શું થશે તેની તેમને ચિંતા નથી. તેમની પાંખડીઓ ખરી પડશે ! જે રીતે અજ્ઞાતમાંથી પ્રગટ થયા હતા તે રીતે અજ્ઞાતમાં અદશ્ય થઈ જશે. પરંતુ આ પ્રગટ થવા અને અદશ્ય થવા વચ્ચે નૃત્ય કરવાની એક તક હોય છે. સાચી વ્યક્તિ સલામતીની વાર્તાને પડતી મૂકે છે. તે જાણે છે કે કુદરતનો એ સ્વભાવ છે જેને તમે બદલી નહીં શકો માટે સહર્ષ સ્વીકારો. દીવાલ સાથે વ્યર્થ માથું અફળાવશો નહીં. એના કરતાં દરવાજાની બહાર નીકળી જાઓ. પડછાયાને પકડવાની મથામણ વર્ષોથી માણસ કરે છે. નથી પકડી શક્યો. જીવન એમાં ને એમાં પૂરું કરી નાખે છે, ખૂબ દોડીને થાકી જાય છે ને મૃત્યુના સમીપ આવી પહોંચે છે. આ આદર્શની વાતો જ અવરોધ સર્જે છે. તમે આનંદ શી રીતે માણી શકો. ધર્મગુરુઓ કહે છે બ્રહ્મચર્ય પાળો. સ્વર્ગ મળશે. પત્નીને પ્રેમ કરવો છે પણ...! એક હાથથી પત્નીને ગળે લગાવવા જાય છે ત્યાં બીજો હાથ ધર્મગુરુઓ પકડશે, શું કરે છે ? જાગો. ચેતો... અરે ! પત્નીને પ્રેમ પણ નથી કરી શકતા. માફ કરજો ધર્મગુરુઓ, તમે પણ શું કરો... તમને પણ તમારા ધર્મગુરુએ શીખવ્યું હશે. તમે પણ તે જ કર્યું અને તમે એ પાઠ બીજાને શીખવી રહ્યા છો. તમે પણ કંઈ જ આનંદ નહીં મેળવ્યો હોય. બીજાને પણ નહીં આપી શકો. માણસ તે જ આપી શકે છે જે તેની પાસે હોય છે. સુખી માણસ જ બીજાને સુખ આપી શકે. દુ:ખી માણસ પાસે દુ:ખ સિવાય કશું જ હોતું નથી એ તમને સુખ શું આપી શકે. જેવું વાંચન, જેવો માહોલ જેવું મિત્રવર્તુળ તેવું વ્યક્તિનું વ્યક્તિત્વ બને છે.

આથી મારી સલાહ છે આ પળથી જ તમે ઈશ્વર છો એમ માની લો. ભલે ગુસ્સો હોય, જાતિય આકર્ષણ હોય કે લોભ હોય પરંતુ જીવનને ઉજવો. જેમ જેમ ઉત્સવ મનાવશો તેમ તેમ ક્રોધ ઓછો થતો જશે. પરમાનંદમય બનશો. લોભ ઘટશે ને આનંદ વધશે ને વાસના ઘટશે... પછી તમે સાચા રસ્તે હશો. રસ્તો તમારી સામે જ હશે. આનંદમય વ્યક્તિ જ પોતાના જીવનને સંપૂર્ણપણે માણી શકે છે.

તમારા ઘરમાં અંધકાર હોય ત્યારે તમે પૂછો કે, હું મીણબત્તી કઈ રીતે સળગાવું ? અરે મિત્રો, મીણબત્તી પ્રેમની પ્રગટાવો. અંધકાર આપોઆપ દૂર થઈ જશે. પ્રેમની મીણબત્તી પ્રગટાવો. વિકારો આપોઆપ દૂર થઈ જશે. અંધકારનું કોઈ અસ્તિત્વ જ નથી. ફક્ત પ્રકાશની ગેરહાજરી છે.

# નારી સૃષ્ટિ

મિત્રો, તમને એમ થતું હશે કે હું ભગવાન જ છું એ કઈ રીતે માનવું ધર્મગુરૂ, મંદિર, મસ્જિદનું શું થશે. સમાજ તો તમને સ્વીકારશે જ નહીં. તમને લાગશે કે તમે આ દુનિયામાં એકલા પડી ગયા છો. લોકો તમને પાગલ કહેશે. અ બધા ડરને કારણે તમે ગભરાવ છો. તો એક કામ કરો.

તમે દુનિયા સાથે રહો છો તો દુનિયા જે કાંઈ કહી રહી છે. તેને નાટક સમજી કરો. બીજાને ખુશ રાખો પણ જો તમારે ખુશ થવું હોય તો તમારા અંતરઆત્માના અવાજને સાંભળો. મન સાથે ઝઘડો કરશો નહીં પણ મનના વિચારોને મહત્ત્વ આપ્યા વગર શ્વાસ પર ધ્યાન રાખો. ધીરે ધીરે મનના વિચારો શાંત થઈ જશે. ધીરે ધીરે તમે આનંદમય શાંત પ્રભુ જેવા બની જશો અને આ ક્રિયા વારંવાર કરવાથી તમે ખુદ પરમાત્મા બની જશો. મિત્રો, હું તમને મારો એક અનુભવ કહું. આમ તો જીવનમાં ઘણા અનુભવો થયા છે પણ એક અનુભવ તમને જણાવું. આ વાત છે ૨૦૦૮ના નવમા મહિનાની. મારી આંગળી પર એક મોટો ઊંડો કાપો પડી ગયો હતો. ખબર નહીં ઘરકામ કરતા શું વાગી ગયું. બે દિવસ સુધી અસહ્ય તકલીફ. એન્ટિબાયોટિક કે કોઈ દવા મને માફક આવતી જ નથી. હું કોઈ દવા લગાવું તો અસહ્ય વેદના થાય. દુઃખ ઘટવાની જગ્યાએ વધે. શું કરૂં કંઈ જ ન સમજાય. સવારે જ્યારે નાહવા બેઠી હતી ત્યારે વાગેલા ઘા સામે જોઈને કહ્યું : પ્રભુ, તું મારી અંદર બહાર છે. મારી દરેક વાત તું સાંભળે છે. જો હું ભગવાન જ છું તો હું પાણી આંગળી પર નાખું ને મટી જાય તો માનું કે તું મારી અંદર બેઠો છે. સ્નાન કર્યા પછી આંગળી પર જરા પણ દર્દ દુખાવો નહીં. બીજી ક્ષણે કપડાં, વાસણ સાબુથી કામ કર્યું. ખરેખર પ્રભુ મારી અંદર જ છે એ વાત પ્રભુએ સાબિત કરી બતાવી. આત્મવિશ્વાસથી મોટો કોઈ ગુરુ, ધર્મ કે ભગવાન નથી, તમે ખુદ ઈશ્વર છો. મેં માગ્યું મને મળ્યું. તમે માગી તો જુઓ, પ્રભુ તમારી અંદર બહાર તમારી આસપાસ છે. મિત્રો, આ મારો વિશ્વાસ છે જે કંઈ જોઈએ તે મનથી માગો મળશે જ.

મિત્રો ! દુનિયા તેમજ દરેક સંબંધ એક પડછાયા જેવો છે. જેમ પકડવા દોડશો તેમ તમારાથી આગળ જ દોડશે તો ક્યારેક પાછળ. તમે નહીં પકડી શકો. થાકી જશો એને પકડવાની શોધમાં. જિંદગી પૂરી થઈ જશે. મિત્રો, તમને જે પળ મળી છે તેને આત્મવિકાસ અને આનંદથી ભોગવી, પડછાયા સાથે લડવાનું છોડી દો. થાકી જશો, હારી જશો છતાં કંઈ જ નહીં મળે. બસ, આત્માના અવાજને સાંભળો.

મો. ૯૪૨૯૯ ૫૫૮૧૭

(અનુ. પેઈજ ૨૨ ઉપર)

## સ્ત્રીઓના અપમૃત્યુના બનાવો કેમ વધ્યા છે ?

### <u>પ્રેમ સ્વયં એક ધર્મ છે</u>

ખલિલ જીબ્રાને પ્રેમ વિશે નોંધ્યું છે કે જે પ્રેમ નિત્ય પાંગરતો નથી, તે રોજ કરમાતો જાય છે.પ્રેમ એ તો અનિયતકાળ સુધી ચાલતી પવિત્ર પ્રલંબ સમાધિ છે.પ્રેમ કોઈને પણ કોઈ સાથે, કોઈ પણ સમયે જોડી શકે છે.પ્રેમ સજાતીય હોઈ શકે છે અને વિજાતીય હોઈ શકે છે. અહીં આપણે આજની યુવાનીના માનસમાં ધોળાતા યક્ષશબ્દ પ્રેમ " વિશે વિજાતીય પ્રેમ વિશે વાત કરીએ તો એક સહસામાન્ય બાબત હત ધ્યાનમાં આવશે કે, કિશોરાવસ્થાના અંતિમ અને યુવાવસ્થાના આરંભ વચ્ચેની જે અવસ્થા છે એ સમયે યુવક અથવા યુવતીને અન્યોન્ય પ્રત્યે આકર્ષણ સહજ બને એવા કુદરતી સંચાર યોજાય છે. અહીં, એક વાત ધ્યાનમાં રાખવી ઘટે કે પ્રેમ એ દેહાકર્ષણનું કારણ કે પરિણામ નથી.પ્રેમ પ્રગટે એમાં પવિત્રતા અને નિખાલસતા-નિર્મળતાનું તત્વ હોવું આવકાર્ય જ નહિ બલકે આવશ્યક છે. આજકાલની યુવાનીમાં અન્યોન્ય પ્રત્યે પાંગરતા પ્રેમમાં ઘણે ભાગે માત્ર આકર્ષણથી વિશેષ કશુંજ હોતું નથી એને જરૂરિયાત આધારિત પ્રેમ કહી શકાય. કાર્યસાધક પ્રેમ કહી શકાય? મતલબપૂર્ણ પ્રેમ કહી શકાય? આવા ઘણા પ્રશ્નો આ પ્રકારના પ્રેમની પેદાશ છે.

પ્રેમ સ્વયં એક ધર્મ છે. જો તેનો યથેચ્છ અને માવજતપૂર્ણ વિકાસ થયો હશે તો આ પ્રેમ સમગ્ર સમાજ માટે એક પ્રતીકરૂપ બની રહેવો જોઈએ.

આજે પ્રેમ શબ્દને આપણે ઘસી નાખી, ગૌરવહીન બનાવી દીધો છે! એને 'લીલાં ' અને 'નખરા ' રૂપે ખપાવીને એને સસ્તો બનાવી દીધો છે! પ્રેમ એ નથી પ્રદર્શનનો વિષય કે નથી ' નાટક ' નો, એ તો છે માનવીની ઉરગંગોત્રીમાંથી સ્વયં ફૂટેલી પાવનધારા ! આ વાત સમજવા પણ 'હદય ' જોઈએ.


BIS
HUID JEWELLERY
JC SONI JEWELLERS ™
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY, RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103, NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD, SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678

# સમાજ સૃષ્ટિ




**કૌશિક મહેતા**

સુપ્રસિદ્ધ લેખક, પત્રકાર, કોલમિસ્ટ અને ફૂલછાબ દૈનિકપત્રના પૂર્વ તંત્રી. ૩૦ જેટલા પુસ્તકો પ્રકાશિત, હરીન્દ્ર દવે એવોર્ડ, નારદ એવોર્ડ તથા નચિકેત એવોર્ડથી સન્માનિત.


# નદી રૂપાળી નખરાળી

જળ ત્યાં જીવન. એવું તો આપણે બાળપણથી ભણતા આવ્યા છીએ. પણ જળ જે આપે છે એ નદીના વહેવાપણા સાથે આપણને વારેવારે વાંધો પડી જાય છે. અને એના વહેણ અમે બદલી નાખીએ છીએ. નદીઓ સુકાઈ જાય છે અને એનું અસ્તિત્વ ભૂતકાળ બની જાય છે. અને આ નદીનાં પાણી પણ આપણે ગંદાં કરી નાખીએ છીએ. ખબર નહીં આપણને એમાં શું મજા આવે છે! ગંગા હોય કે ગોમતી, નર્મદા હોય કે અલકનંદા.. નદીની પવિત્રતા અમે રહેવા દીધી નથી. શું લખાયું છે નદીઓ પર, કેવી કેવી કવિતાઓ થઈ છે.સૌરાષ્ટ્રમાં એક નદી છે હિરણ અને એના વિષે કવિ દાદ બાપુએ કવિતા લખી છે એ વાંચો તો જાણે તમે નદી કાંઠે બેઠા હોય એવો અહેસાસ થાય.

**ડુંગરથી દડતી, ઘાટ ઉતરતી, પડતી ન પડતી આખડતી, આવે ઊછળતી, જરા ન ડરતી, ડગલાં ભરતી, મદઝરતી, કિલકારા કરતી જાય ગરજતી, જોગ સરજતી ઘોરાળી હીરણ હલકારી, જોબનવાળી નદી રૂપાળી નખરાળી... આંકડિયાવાળી હેલળિયાળી વેલ્યુંવાળી વખવાળી, અવળા આંટાળી, જામી જાળી, ભેખડિયાળી ભેવાળી, તેને દઈ તાળી જાતા ભાળી, લાખ હિલ્લોળી નખરાળી હિરણ હલકારી, જોબનવાળી નદી રૂપાળી નખરાળી...**

ઓહોહો શું વર્ણન છે. આગળ વાંચો તો ખરા.. આંબા આંબલીયું, ઉંબ ઉંબરિયું, ખેર ખીજડિયું બોરડિયું, કેહુડા કળિયું વા વખરિયું હેમની કળિયું આવળિયું પ્રથવી ઊતરિયું સરગી પરિયું વળિયુંવાળી જળધારી, હીરણ હલકારી, જોબનવાળી નદી રૂપાળી નખરાળી... રાણ્યુ કદંબા, લઈ અવડંબા, ધૂડ ધડંબા જળબંબા કરી કેશ કલબા બીખરી લંબા જય જગદંબા શ્રી અંબા દાદલ દિલરંગી, છંદ ત્રિભંગી, બની ઉમંગી બિરદાળી હીરણ હલકારી જોબનવાળી નદી રૂપાળી નખરાળી....

આવી નદીઓ આપણી પાસે છે છતાં એનું સૌંદર્ય વીંખી નાખવામાં આપણને જરાય શરમ નડતી નથી. શા માટે આપણે આવું કરીએ છીએ? કોઈ વાર પ્રશ્ન કરવા જેવો છે. પ્રશ્ન નથી થતો તો વાંચો ડૉ. પરશુરામ શુકલની આ કવિતા

नदी निकलती है पर्वत से, मैदानों में बहती है.

और अंत में मिल सागर से, एक कहानी कहती है.

बचपन में छोटी थी पर मैं, बडे वेग से बहती थी.

आँधी-तूफान, बाढ-बवंडर,सब कुछ हँसकर सहती थी.

मैदानों में आकर मैंने, सेवा का संकल्प लिया.

और बना जैसे भी मुझसे, मानव का उपकार किया.

अंत समय में बचा शेष जो, सागर को उपहार दिया.

सब कुछ अर्पित करके अपने, जीवन को साकार किया.

बच्चो शिक्षा लेकर मुझसे, मेरे जैसे हो जाओ.

सेवा और समर्पण से तुम, जीवन बगिया महकाओ.

બીજી બાજુ, કેન્દ્ર સરકારે સંસદમાં કહેવામાં આવેલું કે, દેશની ૩૫૧ નદીઓ પ્રદૂષિત છે. અને એમાં ગુજરાતની ૨૦ નદીઓનો સમાવેશ થાય છે. અને સાબરમતી કે જેની સાથે કેવા કેવા ઇતિહાસ જોડાયેલા છે એ પણ પ્રદૂષિત છે. ૨૦૦ કિલોમીટરનો પટ ધરાવતી આ નદીમાં નર્મદાનાં પાણી ઠલવાયાં હતાં પણ સાથે એમાં ગટરનાં ગંદાં પાણી અને ઉદ્યોગોનાં પ્રદૂષિત પાણી પણ ઠલવાય છે. જેની પર રિવરફ્રન્ટ બન્યો છે. એ પર્યટન સ્થળ બની રહ્યું છે પણ આ નદી પ્રદૂષિત છે. સૌરાષ્ટ્રની ભાદર અને ભોગાવો નદી પણ એટલી જ પ્રદૂષિત છે. જેતપુરમાં અને આસપાસ સાડી છાપકામનાં કારખાનાં છે અને સાડી છપાઈ પછી ધોવાય એ ગંદાં પાણી ભાદરમાં ભળે છે. આ મુદ્દે વર્ષો પહેલાં હાઈકોર્ટ સુધી કેસ થયો અને વર્ષો બાદ એના ચુકાદામાં કહેવાયું હતું કે, આવાં પાણી ટ્રીટ કરી પછી જ છોડવામાં આવે. પણ આજેય આ સમસ્યા છે. હા, પહેલાં જેટલી ભીષણ નથી. પણ એક સમય એવો હતો કે, ધોરાજી સુધી પાણી પ્રદૂષિત થતું હતું અને કોઈ ઘરમાં જાવ તો કલરવાળું પાણી જોવા મળતું. અને એની અસરો કેવી થાય છે? આ નદીઓના કાંઠે શાકભાજી વવાતાં હોય છે અને એ પણ ઝેરી બને છે અને એનાથી લોકોના આરોગ્ય પર જોખમ બને છે.

ગુજરાતમાં ૯૯ સુએજ પ્લાન્ટ આ મુદ્દે બનાવવાના થાય છે એ યોજના બની અને સરકારે દાવો કર્યો કે એમાંના ૨૦ જેટલા પ્લાન્ટ તૈયાર થઈ ગયા. આ યોજના માટે ૧૯૩૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. એક આરોપ તો એવો છે કે, અમદાવાદની ૨૧ ટકા પ્રજાને પ્રદૂષિત પાણી મળે છે અને આરઓ પ્લાન્ટ સિવાય આ પાણી પીવાય તો બીમારી થઈ શકે છે. વિશ્વામિત્રી નદીમાંય પ્રદૂષણ છે.

આમ તો એમ માનવામાં આવે છે કે જ્યાં પાણી છે એટલે કે નદી છે ત્યાં વસ્તી વસે છે. આ વાત સાવ સાચી છે. પણ જે નદીઓના કાંઠે આપણે વસીએ છીએ એ જ નદીને બગાડવામાં કોઈ કસર છોડતા નથી. આ નદીમાં આપણને વિહરવું ગમે છે પણ એ સ્વચ્છ રહે એ માટે આપણે શું કરીએ છીએ? ભગવાન શ્રીકૃષ્ણ પાસે આ શીખવા જેવું છે. યમુના નદીમાં કાલિય નાગની ઘટના શું છે? આખી નદી ઝેરી બને અને એ કારણે આસપાસની વનરાજીને અસર થાય, લોકો, પશુ પક્ષીઓને અસર થાય. કૃષ્ણે એનો નાશ કર્યો અને નદીને ઝેરમુક્ત કરી.

શાળામાં એક કવિતા આવતી, 'જળકમળ છાંડી જા રે, બાળા! એમાંની એક પંક્તિ છે...

બેઉ બળિયા બાથે વળગ્યા,

કૃષ્ણે કાળીનાગ નાથિયો;

સહસ્ર ફેણા ફૂંકવે જેમ ગગન ગાજે હાથિયો.

કૃષ્ણ પાસેથી આ શીખવા જેવું છે. એ પર્યાવરણમિત્ર હતા અને રક્ષક પણ. અને નદી ઘણું બધું શીખવી જાય છે. કુદરતનું સર્જન છે આ નદી. એ એને વહેવા દો, એનાં વહેણ સુકાય હોય તો એને જીવતી કરો, કોઈને મારવાનો આપણને હક નથી. કારણ કે જળ છે ત્યાં જીવન છે. ■

## સમાજ સૃષ્ટિ



**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# વિવેક વિના જ્યાં ત્યાં અથડાય

રાતના નવ વાગ્યા હતા. ધીમે ધીમે સદસ્યો આવતા હતા. હજુ આવશે એવી આશામાં સમય લંબાતો જતો હતો. ધાર્યાથી સંખ્યા અર્ધી આવી. એક કલાક પછી મીટીંગ શરૂ થઈ. પ્રમુખનો આદેશ ઝીલીને મંત્રીશ્રીએ મીટીંગ શરૂ કરી: “આપણે આવનાર સમયમાં સમુહમિલન અને ભોજનનો કાર્યક્રમ કરવાનો છે એટલા માટે આપણે ભેળા થયા છીએ…”

“મીટીંગના હેતુ શું છે? પ્રથમ એ કહોને?” ભગાએ કહ્યું.

“ હા. ઈ વાત સાચી…એ કહો એટલે ચર્ચા થાય અને મીટીંગ આગળ વધે.” રઘાએ કહ્યું.

“પહેલા તો સભ્યો ઓછા કેમ છે, એનું વિચારો?” માધાએ કહ્યું.

“આવે ન આવે એવું બને આપણે દબાણ કરી શકાય નહીં.” દલાએ દવા બતાવતા કહ્યું.

“ત્રણ મીટીંગમાં ન આવે એવાને કારોબારીમાંથી કાઢી નંખાય એના બદલે બીજા રાખવા જોઈએ.” મગાએ કહ્યું.

“ઈ બરોબર છે!” ગીગાએ ટેકો આપવા ડોકું હલાવીને કહ્યું.

“એમનમ નામ રાખવા…અમથા ટીંગાઈ જાય એનો કોઈ અર્થ નથી…” ભગાએ કહ્યું. જગાએ એની વાત કાપતા કહ્યું:

“ તું જ નથી આવતો.. તું બહુ ડાયો ન થા! પહેલા તને જ કાઢવો પડશે, એવું લાગે છે!”

“મને કાઢવો હોય તો પૂછો પ્રમુખને! ઈ ઘરે કહેવા આવ્યા‘ તા એટલે રહ્યો છું, સમજ્યા?” મગાએ વટ મારતો હોય એમ ઉત્તર આપ્યો.

‘મૂળ જે કામ છે એની ચર્ચા કરીએ, બિનજરૂરી થૂંક ઉગાડવાથી વાત વકરશે!’ ઉપપ્રમુખ મૂળાએ ઊભા થઈને કહ્યું. ગીગો, કમો અને ધમો એની સાથે સૂર પૂરાવતા ઊભા થયા. એ જોઈને મગાએ હુંકાર સાથે રોફ જમાવતા કહ્યું:

‘પહેલા એને હું જવાબ આપી દઉં પછી આગળની કાર્યવાહી હાથ ધરાશે.’

‘આપણે વાદ નથી કરવો. પ્રમુખનો આદેશ માનવો જોઈએ. પ્રથમ એજન્ડા છે…’ મંત્રીએ ઝડપથી ઊભા થઈને એક પછી એક એજન્ડા કહ્યા.

‘પહેલા આ બકબક કર્યા કરે છે એની બોલતી બંધ કરો પછી મીટીંગની વાત! ‘રઘવાયા થયેલા રઘાએ કહ્યું.

‘તનેય અહીંયા બોલવાનો કોઈએ પરવાનો નથી આપ્યો, તું બોલ્યો એટલે હું બોલ્યો, હમજ્યો!’ મગાએ વાદને વિસ્તારના ઈરાદે કહ્યું.

‘એને તો સલાહ આપી…તું સીધો એને વળગ્યો, વાંક તારો છે, મગાનો નથી!’ મગાના મિત્ર ગીગાએ ઉલળીને કહ્યું.

‘ ઈ સલાહકાર સમિતિમાં નથી એટલે એને તો સલાહ આપવાનો જ હક્ક નથી. તું એની વકિલાત ન કર!’ બકાએ રઘાનો પક્ષ લઈને કહ્યું.

‘સાંભળો !જુઓ, હવે જે કોઈને વાદ કરવો હોય તેને બહાર નીકળી જવું…’ પ્રમુખે ઊભા થઈને હોદાની રૂએ કહ્યું.

‘દરેક વિસ્તાર મુજબનાં કાર્ડ છે. એ પેકેટ તમે લઈને વિતરણ કરી દેજો… પચાસેક કાર્ડ વધ્યાં છે… એ કોઈ સંભાળે તો સારું… સમયસર વિતરણ થઈ જાય…!’ મંત્રીએ મામલો શાંત પડીને કાર્યવાહી આગળ વધારતા વિવેકથી કહ્યું. સદસ્યો પોતાપોતાના વિસ્તારનાં કાર્ડ હાથવગા કરીને બેઠેલા હતા. વધારાનાં કાર્ડનું વિતરણ કરવા કોઈ તૈયાર ન થયું. બધા થંભી ગયા. એ જોઈને સવાએ કહ્યું: ‘લાવો મારી પાસે…હું દરેકને ઘરે ઘરે જઈને વિતરણ કરી આપીશ.’

દર વખતે ઈ જ લઈ જાય છે. એને રસ છે, એને જ આપી દેવાય!’ મગાએ કટાક્ષમાં કહ્યું.

‘તો તું લઈ જા! તું કોઈ કામમાં નથી આવતો, અમથો ફિસિયારી મારીને વાતાવરણ બગાડે છે!’

મગો ઉત્તર આપવા જતો હતો પણ ટીડાએ સવાની કેપેસીટી જોઈને મગાને કોણી મારી અને આંખના ઈશારે ‘ના’ કહી એટલે મગો મૂંગો થઈ ગયો. દરવખતે મીટીંગમાં બકબક કરતો જોઈને સવાએ આક્રોશથી કહ્યું: ‘ટીડા, તું એને બોલવા દે. બોલે તો ખરો…આજ બોલે તો ઉતેડી નાખું! એનો ખીલ્લો જ કાઢી નાખું…!!’

# સમાજ સૃષ્ટિ

પ્રમુખે પરિસ્થિતિ વણસે એ પહેલા ઊભા થઈને મીટીંગ પૂર્ણ થયાની જાહેરાત કરી અને કહ્યું: હવે ફંકશનના આગલા દિવસે સમારોહ સ્થળે મળીશું. દરેક સમિતિ વાઈઝ પોતાની કામગીરી પૂર્ણ કરવી. અત્યારે આપણે બધા ગરમાગરમ ભજિયાં ખાઈને છૂટા પડીશું...

નાસ્તો કરતા કરતા ટીડો, મગો અને પવો ત્રણેય સવા અને ભગા સામે કરડી આંખે જોયા કરતા હતા !!

ઉપરોક્ત ચર્ચામાં એક સંગઠનની સંવાદિતા તોડી નાખે એવું કંઈક થયું. તેનું કારણ વિવેકનો અભાવ છે. સંગઠન મજબૂત કરવાને બદલે પોતાની ઈચ્છા પૂર્તિ કરવા અને મહત્તા સ્થાપવા મથે છે. નાની નાની બાબતોમાં જૂથવાદ ઊભો કરવાથી મૂળ સંગઠનનો હેતુ ખોરંભે ચડી જાય છે. મારા માણસો જ ગોઠવવા એવું વલણ એકતા તોડે છે. ઘણીવાર બહારના રાગ-દ્વેષ સંગઠનમાં આવે અને અહીંના રાગ-દ્વેષ બહાર અથડાય ત્યારે એકતા પર કુઠારાઘાત થાય છે. તેનાં મૂળમાં અહંકાર અને દ્વેષ ઘર કરી જાય છે ત્યારે અથડામણ થાય છે. રૂપ, ગુણ, કુળ, વિદ્યા, સંપતિ, હોદો કોઈનો ખભો વગેરે પચે નહીં તો અહંકાર વધે છે.

અહંકાર અને દ્વેષ મૂળ હેતુથી ચલિત કરે છે. જ્યાં રાગ ન હોય ત્યાં દ્વેષ પણ ન હોય. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું છે કે, જેમની ઈન્દ્રીયો રાગ-દ્વેષથી રહિત મનુષ્ય ઈન્દ્રીયોથી વ્યવહાર કરે ત્યારે જીવાત્મા અનાસક્ત બને છે અને પ્રસન્નતા મેળવે છે. પ્રસન્નતા પ્રાપ્ત થતા તેની બુદ્ધિ સ્થિર થઈ જાય છે. બુદ્ધિની સ્થિરતા નિર્વેદ તરફ ચિત્તની વૃત્તિઓને લઈ જાય છે. સંત નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજનના લક્ષણોમાં એક દઢ વૈરાગ્ય જેના મનમાં રે...' કહ્યું છે. ભાગવતમાં આવતો 'વસ્ત્રાહરણ પ્રસંગ' વૃત્તિઓરૂપી વસ્ત્ર ત્યાગવાની વાત છે. વસ્ત્રના રંગ બદલવાથી વિતરાગ જતો નથી. કબીર 'મેલી ચદરિયા' નાં રૂપકથી સમજાવે છે. અખાએ કટાક્ષ કરતા કહ્યું છે:

**દેહાભિમાનની હતો પાશેર, ધન મળતા વધ્યો શેર;**
**ચર્ચા અને વાદે તોલે થયો, ગુરૂ થયો ત્યાં મણમાં ગયો.**

આમ તો અહંકાર બીજું કંઈ નથી. જ્યાં પોતે પહોંચી શકતો નથી ત્યાં પોતાપણું સ્થાપવા મથે છે, જ્યાં પોતે નથી ત્યાં પોતાપણાનો આરોપ કરે છે. જ્યાં 'હું' નથી ત્યાં 'હું' માનવું એ અહંકાર છે. લાયકાત વિના કોઈ કક્ષા-હોદો મળી જાય કે આપવામાં આવે તો દ્વેષ અને વાદવિવાદ ઊભો કરીને પોતાના અસ્તિત્વની નોંધ લેવડાવવા હંવાતિયા મારે છે. જે હોદાની ગરિમા જાળવવાનો મૂળ હેતુ ભૂલાવી દે છે અને અહેતુક વળગણ લઈને આગળ વધતા એકબીજાને પછાડવા ભાતભાતના પેંતરા રચે છે. કાનાફૂસી, પરપિડન દ્વારા કુટીલતા બહાર કાઢે છે. સમય જતાં કુટીલતા જ કુટીલની કબર બની જાય છે, તેની ખબર રહેતી નથી. સ્વકીય વાસનામુક્ત સમાજસેવક કે સમાજસુધારક સાધુપુરુષ બની શકે છે.

જીવાત્મા સાથે અહંકાર જોડાયેલો છે. એના વિકાસમાં અમુક અંશે ઉપયોગી થાય છે. તે બીજાને વાગે એવો ન હોવો જોઈએ. માણસ અહંકાર અને દ્વેષ લઈને નીકળી પડે ત્યારે વાસ્તવથી દૂર નીકળી જાય છે. રાવણનો અહંકાર સીતા સુધી ગયો અને વિભિષણથી દૂર ગયો. તે જ્ઞાની હોવા છતાં વિનાશના વમળમાં ફસાઈ ગયો. કોઈ રાષ્ટ્ર, ધર્મ સંગઠન, કોમ, જૂથ કે સંગઠન કે મંડળ, પરિવાર, મિત્ર કે ભાઈ-ભાઈ વચ્ચે આ બે તત્ત્વો પ્રવેશે એટલે મોટી ખાઈ ઊભી કરે છે એમાં સ્વાર્થ ભળે એટલે મહાભારત શરૂ થાય. સત્ય ઉજાગર થાય ત્યાં સુધીમાં ચારેબાજુ જ્વાળામુખીમાંથી વિનાશ વેરતો બારણાં ખખડાવીને ઊભો રહી જાય છે. એક પદની પંક્તિઓ યાદ આવે છે:

**આજકાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશે,**
**બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશે.**

જેનાં વાતમાં વાક્ચે વાક્ચે 'હું', 'મેં' 'મારૂ' અને અન્યની દ્વેષ-ટીકા આવ્યા કરે તે અહંકારી માણસ છે. જીવાત્મા સાથે 'હું' જોડાયેલો છે એટલે અહંકાર સાથે નાનીમોટી ઘટનાઓમાં પનારો પડ્યા કરે છે. એ વકરે તો પોતાને નડે અને બીજાને કનડે ત્યારે નુકસાનકર્તા બને છે. અહંકાર પોષાય એટલે વિવેક પણ ભૂલાય જાય છે. સંયમી અને સમજદાર માણસ ગમ ખાઈને બેસી રહે તો વાદવિવાદથી બચી જાય છે. આત્માના અવાજ મુજબ રહેવાની ટેવ પડે તો અંહકાર-દ્વેષ ધીમે ધીમે ઓગળવા લાગે છે. સમરસ થઈને, રાગ-દ્વેષનો કચરો કાઢીને જીવાત્મા જ્યાં જ્યાં જોડાય ત્યાં ત્યાં આનંદ આનંદ છવાઈ જાય છે.

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭

## સમાજ સૃષ્ટિ



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# ઘરનો મોભી

ઘરના મોભીનો નિર્ણય કુટુંબને ઉગારી શકે છે તો સામે પતન તરફ પણ લઈ જઈ શકે છે.

જેમ પૂરા બ્રહ્માંડની ઉર્જા આ પૃથ્વી ઉપર અસ્ખલિત રીતે પ્રવાહિત થતી હોય છે, તેમ કુટુંબના મોભીની ઉર્જા પણ આખા પરિવાર ઉપર પ્રવાહિત થતી રહે છે,

મોભી... એ ઘરનો એવો વિશાળ વડલો છે, જેની છાંયામાં પરિવારના બધા વિકસી રહ્યા હોય. છે, સાથે સાથે આ વડલાનો છાંયો પરિવારના દરેક સભ્યને ઊર્જા પૂરી પાડે છે, પરિવારના દરેક સભ્ય આ વડલા જોડે અતૂટ રીતે જોડાયેલા હોય છે, પરિવારના દરેક નાના મોટા સભ્યો આ વિશાળ વડલાની ડાળીઓ અને વડવાઈઓ હોય છે, અને નાના બાળકો આ વડલાના ટેટા હોય છે, ઘરના મોભી તરફથી મળતી ઉર્જા જ બધાને સંઘર્ષમાં ટકી રહેવાનું બળ પૂરું પાડે છે. કહેવાય છે કે આત્મીયતાના પદાર્થ પાઠ ઘરના મોભી દ્વારા જ છેક તળિયાના બાળકો સુધી પહોંચતા હોય છે, ઘરના મોભી દ્વારા મળેલા પાયાના સંસ્કાર એ જીવનનું ભાથું હોય છે, કુટુંબ વ્યવસ્થા. પરિવાર વ્યવસ્થા પડી નથી ભાંગતી તેનું સંપૂર્ણ શ્રેય ઘરના મોભીને અચૂક આપી શકાય, કારણકે ઘરના મોભી જ પરિવારને એકસૂત્રતાથી બાંધી રાખે છે, ઘરના મોભીની ઉંમર ગમે તેટલી હોય પરંતુ પરિવારને તેઓ વિખેરાવા દેતા નથી, તેઓ હંમેશા કડે ધડે રહેતા હોય છે, કુટુંબ પરિવારના દરેક સભ્યને તેમના ખોળામાં લાગણીઓ અને પ્રેમના ઘૂઘવતા સાગરના દર્શન થતા હોય છે, ભંયકરમાં ભયંકર મુશ્કેલ પરિસ્થતિમાં પણ ઘરના મોભીનો ખભો બધાને અદભૂત સુરક્ષાનો અનુભવ કરાવે છે... શાંતિનો અનુભવ કરાવે છે.

જીવનના ચડાવ ઉતાર વચ્ચે, સૌ માટે જીવનનો પ્રેરણા સ્રોત.. જીવનની શકિત તાકાત.. એ બધું જ ઘરના મોભી હોય છે, સાથે સાથે વિશ્વનીયતા અને પ્રતિબદ્ધતાનું પ્રતિક પણ એ જ હોય છે, તેઓની અગાધ લાગણી..ઊંડા પ્રેમનો અનુભવ પરિવારનો દરેક સભ્ય વારંવાર કરે છે.

જીવનના ઝંઝાવાતો - સંઘર્ષો સામે અણનમ અડીખમ ઉભા રહી શકાય તેના માટેના જીવનના અમૂલ્ય પદાર્થ પાઠ ઘરના મોભી દ્વારા જ મળતા હોય છે.

જે ઘરમાં દરેક સભ્યની સુખાકારી કાયમ ઘરના મોભીના હૈયે અને હોઠે રહેતી હોય તેવું ઘર મંદિર બની જાય છે, પ્રસંગ ખુશીનો હોય કે દુઃખનો હોય સૌ પ્રત્યે તેઓનું અદકેરું વ્હાલ અને પ્રેમ તેમના મોભી પણાને ગૌરવાન્તિત કરે છે.

જેમના ખોળામાં કે ખભે માથું મૂકીએ એટલે ભારે માથું પણ... ભાર વગરનું થઈ જતું હોય, સાથે સાથે જેમની પાસે કોઈ પણ સમસ્યાનો ઉકેલ હમેંશા હોય એવા વાત્સલ્યમૂર્તિ..કરુણા મૂર્તિ એવા ઘરના મોભીને પરિવારના દરેક સભ્યએ નતમસ્ત... હૃદયથી કોટી કોટી વંદન અને પ્રણામ કરીને તેમના મોભીપણાનું સન્માન કરવું જોઈએ, સાથે સાથે અંતરના ઉંડાણથી તેમના ચરણોમાં નમન કરવું જોઈએ, ઘરના મોભીમાં કુટુંબના દરેક સભ્યને હંમેશા એક પ્રેમાળ લાગણીઓથી છલોછલ મમતાની મુરતના કાયમ દર્શન થતા હોય છે.

ઘરના મોભી ઘરમાં ઉભા થતાં કોઈ પણ પ્રોબ્લેમને કોઈ પણ પ્રશ્ન કે સમસ્યાને તે પોતાના ખભે લઈને કુટુંબ પરિવારનું ભારણ ઓછું કરી નાખતા હોય છે, ઘરની ભારેમાં ભારે સમસ્યામાં તેઓ બેલેન્સ રાખતા હોય છે. તેઓ કારેય વિચલિત થતા નથી.

કુટુંબ પરિવારને બાથ ભરીને ચાલવાનું ઘરના મોભી જ દરેક સભ્યને શીખવાડતા હોય છે, ક્યારેક તો એવું બને બધાની કાળજી લેતા લેતા તેઓ પોતાનું દેહ ભાન પણ ભૂલી જતા હોય છે. તેઓનું સુખ, આનંદ, ખુશી એ બધું જ કુટુંબ પરિવાર સાથે સંકળાયેલું હોય તેવી બધાને વારંવાર અનુભૂતિ થતી હોય છે.

કુટુંબ પરિવારનો દરેક સભ્ય ભગવાનને પ્રાર્થના કરતો હોય છે અને અંતરથી હંમેશા એવું ઈચ્છતો હોય છે કે ઘરના મોભીનું આરોગ્ય ખૂબ સારું રહે, સાથે સાથે તેમના આશીર્વાદ ઝરમર ઝરમર વરસતા વરસાદની જેમ કુટુંબ પરિવાર ઉપર સતત વરસતા રહે.

જેમ કોઈ વિશાળ પર્વત પોતાની છાતી ઉપર હજારો વૃક્ષોનો ભાર લઈને ઉભો હોય છે, સાથે સાથે પોતાના વિશાળ પટ ઉપર હજારો પ્રાણીઓ.. પશુ પક્ષીઓના કે અન્ય જીવોના ભરણ પોષણનું નિમિત્ત બનતો હોય તો તે પણ મોભીની વ્યાખ્યામાં આવી શકે,

# સમાજ સૃષ્ટિ

## ભવ્ય મંદિર નિર્માણ કાર્યમાં નવા અધ્યાયનો મંગલ પ્રારંભ!







તા. ૨૩ માર્ચે જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ ભવ્ય મંદિર નિર્માણના પવિત્ર સંકલ્પને વેગ આપવા આગામી સિવિલ અને સ્ટ્રક્ચરલ બાંધકામની કામગીરી **'રામા સિવિલ ઇન્ડિયા કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ'** કંપનીને આપવામાં આવેલ છે તે અંતર્ગત મંદિર નિર્માણના પવિત્ર સ્થળે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ભક્તિમય વાતાવરણમાં પૂજનવિધિ કરી બાંધકામ કાર્યનો શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ, રામા સિવિલ ઈન્ડિયા કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ચેરમેન ડૉ. રામનિવાસ ગુપ્તા, ડાયરેક્ટર પ્રવિણ ગુપ્તા (MD), ડાયરેક્ટર ગૌતમ ગુપ્તા (Joint MD), પ્રહલાદભાઈ કામેશ્વર, કાંતિભાઈ રામ તથા સંસ્થાના હોદેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, પીએસપી કંપનીના મેનેજર રવિકાન્ત મિશ્રા, ANAROCK કંપનીના મેનેજર રાજીવ ગુપ્તા વગેરેએ ઉપસ્થિત રહી મા ઉમિયાની આરાધના કરી હતી. પૂજન દરમિયાન મા ઉમિયાના આશીર્વાદથી નિર્માણ કાર્ય અવિરત અને વેગવંતું બની રહે તેવી મંગલ કામના કરવામાં આવી હતી.

મોભી એને જ કહી શકાય કે જે કુટુંબ પરિવાર ઉપર થતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે ઢાલ બનીને ઊભો રહે.સાથે સાથે કુટુંબ પરિવારની સુરક્ષા જેના માટે સર્વોચ્ચ સ્થાને હોય તે છે ઘરનો મોભી..

નૈતિકતા..સહનશીલતા...કરુણા... જેવા ગુણોને સમગ્ર પરિવાર ઉપર વહેતા રાખી, નાના મોટા કલેશ ઝગડાઓને સલુકાઈથી ઉકેલી, કુટુંબ પરિવારમાં શાંતિનું સામ્રાજ્ય ઉભું કરે તેવા ઘરના મોભીની પ્રતિષ્ઠા અને સન્માન ખૂબ ઉંચાઈ ધારણ કરે છે. જયારે ઘરમાં જ કોઈ અધર્મી ..દુરાચારી..અત્યાચારી ઉભો થાય કે જે સમગ્ર કુટુંબની શાંતિ હણી લેતો હોય ..સમગ્ર કુટુંબની એક્ચતા જોખમાતી હોય, ત્યારે ઘરનો મોભી આંખ આડા કાન કરવાને બદલે યોગ્ય અને ઠોસ નિર્ણય કરીને એ અધર્મીની શાન ઠેકાણે લાવે તો ઘરની શાંતિ અને એકતા જળવાઈ રહે છે, સાથે સાથે અકબંધ પણ રહે છે, જેમ કે ધૃતરાષ્ટ્ર દ્વારા જો દુર્યોધનનો કાન આમળ્યો હોત તો મહાભારત જેવું વિનાશકારી યુદ્ધ ટાળી શકાયું હોત, સમયે સમયે કુટુંબના મોભી દ્વારા લેવાતા નિર્ણયો કુટુંબને ક્યાં તો ઉગારે છે અથવા તો પતન તરફ લઈ જાય છે, કુટુંબના મોભી દ્વારા લેવાતા અનૈતિક નિર્ણયો અન્યાય કર્તા બની જાય ત્યારે અસંતોષ વિખવાદનું સ્વરૂપ ધારણ કરે અને આ વિખવાદ કુટુંબને પતન તરફ દોરી જાય છે, કુટુંબના જ કેટલાક તત્વો દ્વારા કાંન ભંભેરણી કરીને મોભીના નિર્ણયોને પોતાની તરફેણમાં ફેરવવા મજબૂર કરે ત્યારે મોભીની સર્તક્તા જાગૃતતા કુટુંબને પાયમાલ થતું બચાવે છે. મોભીની સચોટ નિર્ણય લેવાની ક્ષમતા કુટુંબને વેર વિખેર થતું બચાવે છે,

પરિપક્વતાથી સજ્જ નિર્ણય લઈ શકતો મોભી સમગ્ર પરિવારમાં સન્માનીય પદ ઉભું કરી શકે છે તે નિર્વિવિદ છે.

મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

- સંકલન

# પરસેવાની કમાણી

આજથી ૭૦ વરસ પહેલાંની પટેલના ઘરની આર્થિક સ્થિતિ, સામાજિક રિવાજો, જીવન શૈલી સંબંધોની સમરસતા અને વહેવારો જોવા જઈએ તો આજના યુવાનોને આ બધુ એક કાલ્પનિક વાર્તા જેવું લાગશે.

આખો દિવસ ખેતરમાં કામ કરતાં કરતાં સૂર્યદેવ ક્યારે ઉગ્યા અને આથમી ગયા એનીયે ખબર ખેડૂત પટેલને ના પડતી. આખોય પરિવાર ખેતી કામમાં ગળાડૂબ રહે. નાના છોકરા પણ નાનુ મોટું કામ કરી લે. બૈરા લોકોને ત્રણ ઘણું કામ હોય ઘરનાં તમામ કામ, કૂવે થી પાણી ખેંચી ઘેર લાવવાનું, રસોઈ કરવી, અનાજ ઘંટીમાં જાતે દળવું, દૂધનુ દહીં બનાવી તેને મોટી ગાગર જેવડી ગોળી માં નાખી મોટી વલોણી ઉપર થી લટકાવી ગોળીના કાંઠે બેરીન્ગ આપી વલોણુ બે જણા બે હાથે બે જાડા દોરડા વડે ગોળ ગોળ ઉલટ સુલટ ઘૂમેડે, તેમાંથી છાસ, માખણ, બને. માખણમાંથી ઘી બનાવવું. ઉપરાંત માલ - ઢોરને સાચવવાનું, ખેતરેથી ઘાસ કાપી ચારો માથે ઉપાડી ઘેર લાવવો, ઢોરને ખવડાવવવો પાણી પીવડાવવું. ઢોરને આતરે દહાડે નવડાવવું દૂધ દોહવું છાણ અને મૂત્ર ભેગું કરી, વાન્સના મોટા સૂંડલામાં ભરી ઉકરડે નાખવા જવું. વલોણું કર્યું હોય તે દિવસે લાંબી લાઈનમાં ઊભેલા દરેકને મફત છાસ વહેંચવાની.

લીલો અને સૂકો દુષ્કાળ એના જીવનનો ભાગ બની ગયો હતો.

સૂકા દુષ્કાળમાં ખેતરમાં કાંઈ પાક્યું ન હોય તો પણ સંગ્રહ માં થી કે ઉછી પાછીનું કરી કુટુંબ ને વર્ષ જીવાડવું. પશુ ધનને જીવાડવા, બોરડીના કૂટા કરી કરીને પોતાના ઢોરને સાચવવા માટે પરસેવો પાડતા પટેલની, પરસેવાની કમાણીથી આજની પેઢી ઉજળી છે.

જયારે લીલો દુષ્કાળ પડે અને પુરના પાણીએ કાળો કેર વરતાવ્યો હોય ચારે બાજુ પાણી સિવાય કંઈ જ ના દેખાતુ હોય ત્યારે હિંમત અને હામ રાખી ખરા વરસાદમાં શણના કોથળાનો કુશલો (રેઈન કોટ) બનાવી ખેતરના ઊંચાળા ભાગે શેઢા ઉપરનું ઘાસ કાપવા જતા પટેલોની હિંમતને દાદ આપવી પડે.

શરીરના ખુલ્લા ભીના ભાગે કરડતા મચ્છર અને કુત્તાની (મચ્છરથી મોટી જીવાત) વચ્ચે જીવતા. આવી કલ્પના આજના શહેરમાં રહેતા પટેલના યુવાનો ના કરી શકે.

ખરા ધોમ ધખતા ઉનાળામાં તેના નસીબમાં આરામ નહોતો લખાયો, ખેતરમાં વાડ કાંટો કરવાનું કામ શેઢા સાફ કરવાનું કામ, ખેતરનાં નકામા ઉગી નીકળેલ બોરડી ખીજડાને મૂળમાંથી કાઢવાનું કામ, ઉકરડે થી ગાડામાં છાણીયું ખાતર ભરવાનું ખેતરમાં લઇ જઇ એને દંતાળીથી આખા ખેતરમાં ફેલાવી દેવાનું,

ખેતીના ઓજારને સુથાર પાસે સમાર કરાવવાનું કામ, લુહાર પાસે દાતરડાં, કુહાડી, કોદાળી, ધારીયુ, કોસ વગેરેને ધાર કઢાવવા વારંવાર જવાનુ અને ખેતરોને વરસાદ પહેલા ખેડી દેવાનું કામ આ બધુ કરતાં કરતાં ઉનાળો કયાંય જતો રહે અને ચોમાસુ બેસી જાય એની ખબર એને નહોતી રહેતી.

આજે સવારના દશ વાગ્યાથી એ.સી. માં ભરાઈ જનાર અને એ.સી. કાર માં ફરનાર યુવાનોએ યાદ રાખવાનું છે કે આ તેમના વડવાઓની પરસેવાની કમાણીનું ફળ છે.

વરસાદ પડયા પછી સારી વરાપ થાય એટલે ખૂબ હર્ષ અને ઉલ્લાસથી ખેતરને ખેડીને વાવણી થાય આ કાર્યમાં રાત અને દિવસ જોયા સિવાય પરસેવો પાડીને કામ કરે. આ સમયે આવતો એક આનંદનો પ્રસંગ કહેવાનું મન થાય છે.

ગામના બે ચાર આગેવાન પટેલો ભાત ઉપાડવાનો દિવસ (હળોતરા) નક્કી કરે. આ દિવસે સવારે બધા પટેલો સાંતી લઈને ખેતરે જાય. ઘેર લાપસી, ખીચડી, શાક વગેરે બનાવવાનાં આવે આખા ઘરનું ભાતું એક મોટી સૂંડલીમાં ભરવામાં આવે અને ગામની બધી સ્ત્રીઓ વાસ-મહોલ્લાના નાકે નાકે ભેગી થાય. માથે ભાતુ ભરેલી સૂંડલી ભરત ભરેલા રૂમાલથી ઢાંકેલી હોય. પ્રસંગને અનુરૂપ ગીતો ગાતી ગાતી સ્ત્રીઓ ગામના મુખ્ય મારગે થઈને નીકળે સાથે નાના મોટા બાળકો હોય. છોકરીઓના માથે પાણીની નાની માટલી હોય. જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ નાકાની બીજી સ્ત્રીઓ જોડાતી જાય અને ગાતી જાય. બધા એકી સાથે ગાય. ગામના પાદરે બધા ઉભા રહે અને એકાદ બે ગીતો ગાય અને બધા થોડા થોડા સમૂહોમાં ખેતરના માર્ગ પ્રમાણે વહેંચાઈ જાય અને ગાતા ગાતાં

# સમાજ સૃષ્ટિ

પોતાના ખેતરે જાય, ખેતરે ખેતરે પરિવાર સમૂહ ભોજન કરે એક પ્રકારનું 'વનભોજન' કહેવાય મજા આવી જાય. પણ આ બધામાં પરસેવો પાડીને કમાવવાની વાત કેન્દ્રમાં રહેતી.

આપણા જનમ પહેલાની વાત છે ૧૨૫ વરસના વહાણા વહી ગયા. હાજા ગગડાવી નાંખે અને માણસ માણસને ખાય તેવા દુષ્કાળને પણ પાટીદાર સમાજે પરસેવો પાડીને પેટે પાટા બાંધીને જગતને જીવાડવાનો સંઘર્ષ કર્યો છે. એક જ ગુજરાતનો પાટીદાર સમાજ એવો છે કે કડવા વેણ બોલીને સાચું કહી દે છે. પરસેવાની કમાણી જ તેને મીઠી લાગે છે.

તે વખતે નહોતા બોરવેલ, નહોતા મશીન કે નહોતી સિંચાઈની નહેરો. બધો આધાર વરસાદનો હતો. હા ઘણા ખેડૂતો મહેનત કરીને બાવળાના બળથી કાચો કૂવો ગાળીને જાતે વનસ્પતિની સાંઠીઓમાંથી વીંટલાઓ ગૂંથીને પાણી મેળવતા. આ બધું કરવા છતાં પણ ખારું પાણી મળે, તો મહીનાની મહેનત એળે જાતી. પરસેવાથી રેબઝેબ પટેલ પરીવારની કઠણાઈનું વર્ણન કરવા માટે શબ્દો પણ ઓછા પડે.

આમ છતાં મરચું રોટલો અને છાસ ખાનાર ખમીરવંતા પટેલે કોઈ દિવસ ભીખ નથી માંગી. વાણિયાના પાસેથી લાવેલ સામગ્રીના પૈસાના વ્યાજનું વ્યાજ પટેલ જ ચૂકવી શકે. અજ્ઞાનતા એટલી બધી કે કાળા અક્ષર ભેંસ બરાબર. માટીના ગાર અને ઈંટના બનેલા ઘર. ઊપર છાપરે માટી પકવી કુંભારે ઘડેલા નળીયા હતા. દરેક ચોમાસા પહેલા છાપરે ચડી સંચવા પડતા.

કાળા અક્ષર ભેંસ બરાબર એવા અભણ. શેઠ તમે લખ્યું તે બરાબર કહેનાર ૯૦% પટેલો દેવાના દરીયામાં ડૂબેલા હતા. તોલમાં ઓછું આપવું અને વધારે લેવાનો અન્યાય પટેલોએ સહન કર્યો છે. તે વખતે ૧૬ પંચા પંચાણુ અને પાંચ છૂટના લાવો પટેલ ૧૦૦ પુરા કહીને પટેલને છેતરવામાં આવતો. તો બેસતા વરસના દિવસે શુકન ના નામે પટેલના ઘેર કરીયાણું મુકીને શેઠ જે ભાવ ભરવો હોય તે ભરતા.

આમ છતાં સતત મહેનત પરસેવાની કમાણી અને હાડમારી માંથી નવું નવું શીખીને આ સમાજ ધીરે ધીરે પોતાના બાળકોને સારા સંસ્કાર આપી, ભણાવવા લાગ્યો. એ એની સાચી દિશા હતી.

પાણી ખેંચવાના કોસના વરત ઉપર બેસીને પીહા પડી ગયેલ પાટીદાર સમાજને એટલી ખબર પડી ગઈ હતી, કે બાળકોના શિક્ષણને પ્રાથમિકતા આપવી પડશે. પણ બધાની આ તેવડ ન હોવાથી સાતમા કે ગામમાં જેટલા ધોરણ ચાલતા તેટલા થી સંતોષ માનીને તેમને ખેતી કામમાં પરોવી દેતા.

પટેલની પરિશ્રમની પારકાષ્ટાની પારાયણ નો પાર નથી આવે તેમ, છતાં ગામના તમામ સમાજને ગોર મહારાજ, લુહાર, સુથાર, હજામ, દરજી, મોચી, રાવળ, સફાઇ કર્મચારી, વગેરેને બારેમાસ સાચવતો.

ગાયકવાડ સરકારમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ કરવા માટે ગામના સુખી અને મોભાદાર પટેલને 'મુખીની' પદવી આપવામાં આવતી. ગાયકવાડે આ કામ પટેલને જ સોંપેલું. રાજવીઓને કેટલો બધો વિશ્વાસ આ સમાજ ઉપર હતો! કેટલીક વખત કોઈ બીજી કોમ કે જ્ઞાતિમાં આ પદ આપવું પડયું હોય તો તેને પણ પટેલ કહેવાતા!

આમ આ સમાજે ઘણું બધુ આપીને બધાને એક તાંતણે બાંધવાનો પ્રયાસ કર્યો છે. કદી માંગ્યું નથી. એટલે કહેવાય છેકે કણબી પાછળ કરોડ!

પોતાના બાવડાના બળે પરસેવાની કમાણી કરીને અન્યાય સહન કરીને સમાજે છેલ્લા પચાસ વરસમાં સૌને અચંબામાં નાંખી દે તેવી માં ઉમા ખોડલના આશિષથી હરણફાળ ભરી છે. રોકેટ ગતિથી આગળ વધતા આ સમાજે કેટલીક બાબતોને સાવધાની પૂર્વક લેવાની જરૂર છે. આપણા પાયાના મૂલ્યોને જાળવવાની જરૂર છે,

- ●પરસેવાની કમાણી કરવી ●હરામનું ન લેવું.
- ●બાળકોને શિક્ષણ આપવું ●કુરુવાજોને તિલાંજલિ આપવી.
- ●બાળકોને નાનપણ થી જ પાટીદારનું ગૌરવ સમજાવવું.
- ●પોતાની દીકરીને પાટીદારના ઘેર આપવી.
- ●પૈસાની સાથે સાથે સંસ્કારોનું જતન કરવું.
- ●શરાબ અને શબાબથી દૂર રહેવું.
- ●શાકાહારીની ઓળખ ટકાવી રાખવી.
- ●જમીનને બાપદાદા એ સાચવી તેમ આપણે પણ સાચવીએ.

સત્ય બાબતને અહીં કહેવાનો પ્રમાણિક પ્રયત્ન કરેલો છે.

પટેલ સમાજને અનુલક્ષીને લખેલ આ લેખમાં કોઈ અન્ય જ્ઞાતિઓનું અપમાન કરવાનો ઈરાદો લેશમાત્ર નથી.


SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com



# સામુદ્રિક વૈભવથી છલકતો પ્રદેશ ગોવા

પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી

એક પૌરાણિક કથાનુસાર ભગવાન પરશુરામે અગ્નિબાણની વર્ષા કરીને વરૂણદેવ પાસેથી સૌંદર્યસભર ગોમાન્તક પ્રદેશ છીનવી લીધો હતો. આજે સુવર્ણપ્રદેશ ગોવા અનેકવિધ રીતે એ ઉક્તિને સાર્થક કરે છે. વિપુલ વર્ષાથી અહીંની ભૂમિ સઘન વનરાજીથી છવાયેલ રહે છે. પશ્ચિમઘાટની ગિરિમાળાઓમાંથી વહેતી સજળ સરિતાઓ અને હરિયાળીથી આચ્છાદિત એમનો રમણીય તટ પ્રદેશ આ ભૂમિમાં નંદનવન ખડુ કરે છે. તાડ, તમાલ અને નાળીયેરીની ઘટાઓથી ઘેરાયેલ એના સુરમ્ય સાગર તટો સામુદ્રિક સૌંદર્યની રંગસ્થલી રચે છે. તો આ ભૂમિમાં વીકસેલી સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજનીતિક પરંપરા ગોમાન્તક પ્રદેશને પૂર્વના સુવર્ણપ્રદેશ તરીકે ઘોષિત કરે છે.

અફાટ કુદરતી સૌંદર્ય સાથે પરમશાંતિ, સુરમ્ય સાગર તટો અને આહલાદક આબોહવાને કારણે કવિઓ, લેખકો, ચિત્રકારો, ફિલ્મ નિર્માતાઓ અને દેશ-વિદેશના અસંખ્ય લોકોને આકર્ષનાર ગોવા સહેલાણીઓનું સ્વર્ગ છે. ગોવાના સાગર તટની સોનેરી રેતી પર જ્યારે સૂર્યનારાયણ પોતાનો વૈભવ બીછાવે છે ત્યારે આકાશને આંબતા તાડના વૃક્ષો જાણે કે તાલબદ્ધ હવા સાથે નૃત્ય કરવા લાગે છે. જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન ભારે વરસાદને કારણે ગોવા જવું હિતાવહ નથી. આજે ગોવામાં દર વર્ષે દેશ-વિદેશમાંથી આવતા પર્યટકોની સંખ્યા ગોવાની વસ્તીથી વધુ છે.

વાસ્તવમાં ગોવા કોઈ પ્રદેશનું નામ છે. નગર કે શહેરનું નહીં. ગોવા એક પુરો પ્રદેશ છે જેના સાગર તટની લંબાઈ ૧૦૫ કીમી. છે. ૩,૬૩૬ ચો.કીમી.ના વિસ્તારમાં ફેલાયેલ સમુદ્ર તટ,, સરોવરો, પર્વતો, નદીઓ તેમજ ફળ ફૂલોની સુગંધથી મહેકતા બાગ-બગીચાઓથી ભરેલા ગોવામાં ૧૩ મી સદી સુધી આર્યોનું શાસન હતું. પોર્ટુગીઝોએ ગોવામાં લગભગ ૪૫૦ વર્ષ સુધી શાસન કર્યું હતું. દેશ ૧૯૪૭માં આઝાદ થયો પરંતુ ગોવા ૧૬ વર્ષ બાદ પુર્તગાલી શાસનમાંથી મુક્ત થયો. ૧૯૬૧માં ગોવા ભારતનું અભિન્ન અંગ બન્યો. આ વિસ્તૃત વિસ્તારમાં ગોવાની રાજધાની પણજી, માપુસા, મારગાઓ, વાસ્કોડીગામા, પોંડા, બોંડલા જેવા અનેક શહેરો આવેલા છે. બે બાજુ મહારાષ્ટ્ર અને કર્ણાટકથી ઘેરાયેલ ગોવાનો પશ્ચિમ ભાગ અરબી સમુદ્રને સ્પર્શે છે. ગોવામાં હિન્દી, અંગ્રેજી, મરાઠી, કોંકણી તથા પુર્તગાલી ભાષા બોલાય છે. ગોવામાં જુઆરી, માંડવી, તીરાકોલ, સાલ, ચાપોરા તથા તાલપોના જેવી નાની મોટી નદીઓ વહે છે. સાગરના નીલારંગના પાણીને સ્પર્શતા કલંગુર, કોલવા, દૌના-પાઉલા, મીરામાર, અંજુના, વાગાટોર, ૩ અગોંડા, આરામ બોલ, પોલોલેમ જેવા વિશ્વ પ્રસિદ્ધ બીચ આવેલા છે. આ ઉપરાંત નદીઓ, સરોવરો, ઝરણાં અને ધોધ ઉપરાંત બાગ-બગીચાઓ ગોવાની ખુબસુરતીને ચાર ચાંદ લગાવી જાય છે.

ગોવા રાષ્ટ્રીય રાજમાર્ગ ૪એ,૧૭એ તથા ૧૭ પર આવેલ છે. જેનો મુંબઈ, બેંગલોર, મેંગલોર, પૂના, બેલગામ સાથે સીધો સંપર્ક છે. મુંબઈથી તો અનેક વાહનો દ્વારા સવારે નીકળી સાંજે ગોવા પહોંચી શકાય છે. કોંકણ રેલ્વે દ્વારા ગોવા થોડા સમય પહેલા જ દેશના અન્ય ભાગો સાથે જોડાયું છે.

ગોવાના માંડગાંવ રેલ્વે સ્ટેશન પર બધી ટ્રેનો રોકાય છે. માડગાંવથી ટેક્સી કે બસ દ્વારા પણ પહોંચી શકાય છે. ગોવા જવા માટે દેશના અનેક ભાગોમાંથી ટ્રેનની સુવિધા પણ ઉપલબ્ધ છે. મુંબઈ થી ગોવા સમુદ્રી જલયાત્રા દ્વારા ૨૪ ક્લાકનો સમય લાગે છે. બુકીંગ બે મહિના પહેલા કરાવવું પડે છે. ગોવામાં સ્થાનિક પરિવહન



માટે ટેક્સી, ઓટોરિક્ષા, બસની સુવિધા ઉપરાંત એક અનોખી સવારીનો આનંદ માણી શકાય છે. જે મોટર સાયકલ છે. તેનું મડગાર્ડ પીળા રંગનું હોય છે. ગોવામાં અનેક જોવાલાયક વિશ્વપ્રસિદ્ધ બીચ અને સ્થળો આવેલા છે.

**દૌના-પાઉલા બીચ :** આ પ્રસિદ્ધ બીચ પણજીથી ૭ કીમી. દૂર આવેલ છે. અહીં બોટીંગની સુવિધા પણ છે. અહીં અરબ સાગરની લહેરો કલકલ કરતા સાગર તટને સ્પર્શીને ચાલી જાય છે. અહીંથી મારગાઓ હાર્બર તથા જુઆરી નદીનું સુંદર દૃશ્ય જોવા મળે છે. અહીં અસંખ્ય પિક્ચરના શુટીંગ થાય છે.

**કલંગૂટ બીચ :** પણજીથી ઉત્તરે ૧૬ કીમી. દૂર આવેલ આ બીચ ગોવાનો સૌથી સુંદર બીચ છે. અહીં પર્યટકો માટે આવાસની સુંદર વ્યવસ્થા છે. આ બીચ પર સૂર્યાસ્તનું દૃશ્ય ખૂબ જ આકર્ષક અને સુંદર છે.

**અંજૂના બીચ :** કલંગૂટ બીચની બાજુમાંજ આવેલ અંજૂના બીચ વર્ષો પહેલાં હિપ્પીઓનું સ્વર્ગ સમાન હતો. આ બીચની દક્ષિણે કૈંડોલીમ બીચ પણ આવેલો છએ. માછીમારો માટે તે સુરક્ષિત છે.

**કોલવા બીચ :** પણજીથી દક્ષિણમાં મારગાંવથી લગભગ ૬ કીમી. દૂર આવેલ આ બીચ સુંદરતામાં કલંગૂટ બીચ સમાન છે. તાડ અને નાળીયેરીના વૃક્ષોથી આચ્છાદીત આ બીચની છટા નીરાબી છે. અહીં સૂર્યોદય અને સૂર્યાસ્ત દૃશ્યો જોવા એક લ્હાવો છે.

**મીરામાર બીચ :** પણજીથી માત્ર ૩ કીમી. આવેલ આ બીચ ખૂબ જ લોકપ્રિય છે. પણજીથી નજીક હોવાને કારણે હોટલોમાં રહેનારા પર્યટકો માટે ખૂબ જ સુવિધાજનક છે.

**વાગાટોર બીચ :** પણજીથી ઉત્તરે ૨૨ કીમી. દૂર આવેલ આ બીચ તેના સુરમ્ય સાગર તટ અને કુદરતી સૌંદર્ય માટે વિશ્વપ્રસિધ્ધ છે.

**એગ્વેડા બીચ :** પણજીથી દૂર એગ્વેડા કિલ્લા પાસે માંડોવી નદી અને સાગરના સંગમ સ્થાને આ બીચ આવેલો છે. અહીં તાજ ગ્રુપ દ્વારા સંચાલિત વૈભવી રીઝોર્ટ અને હોટેલ આવેલ છે. અહીંથી થોડે દૂર મોટરબોટમાં બેસીને દરિયામાં ઉછળતી ડોલ્ફીન માછલીને જોવાનો આનંદ મળે છે.

**પોલોલેમ બીચ :** મારગાંવથી ૩૮ કીમી. દુર આવેલ અને અગ્વેડા બીચથી દક્ષિણમાં આવેલ આ બીચ વધુ સુંદર અને વીરાન છે. એની બાજુમાં આવેલ પશ્ચિમ ઘાટની પહાડીઓ સુંદરતામાં ચાર ચાંદ લગાવી જાય છે. સાગર અને પર્વતના સુંદર દૃશ્યો પર્યટકોને આકર્ષે છે. આ ઉપરાંત ગોવામાં આરામબોલ બીચ પણજીથી ૫૦ કીમી., હરમાઈ બીચ, બાગમાલો બીચ, ચારોપા બીચ, બૈનોલીમ બીચ, મબોર બીચ, બલસાઓ બીચ, બેતૂલ બીચ આવેલા છે.

**બામ જીસસ ચર્ચ :** ૧૬મી સદીમાં બનેલું આ ચર્ચ ખૂબ જ પ્રસિદ્ધ છે. અહી સંત ફ્રાંસીસ જેવીર્સનું પાર્થિવ શરીર ચાંદીના તાબૂતમાં સુરક્ષિત રખાયું છે. જે પ્રત્યેક દશ વર્ષે દર્શનાર્થે બહાર મુકવામાં આવે છે.

**મંગેશ ટેમ્પલ :** પણજીથી ૨૩ કીમી. દૂર પોંડામાં એક પહાડી પર સ્થિત શિવજીનું ૪૦૦ વર્ષ જૂનું મંદિર અને તેનું વાતાવરણ અદભુત છે. આ ઉપરાંત સપ્તકોટેશ્વર અને શાંતાદૂર્ગા મંદિર પણ દર્શનીય છે.

**મુખ્ય શહેરોથી અંતર**

| | |
|---|---|
| મહાબળેશ્વર : ૪૫૦ કીમી. | પૂના : ૪૮૦ કીમી. |
| હૈદરાબાદ : ૭૨૧ કીમી. | મુંબઈ : ૫૯૦ કીમી |
| બેંગ્લોર : ૫૮૦ કીમી. | મદ્રાસ : ૯૧૩ કીમી. |

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫



યુવાનોના પ્રેરણાસ્રોત
સ્વામી વિવેકાનંદ

# સફળ જીવનનું રહસ્ય

### આદર્શને માટે જીવો

જે કશાનીયે પરવા નથી કરતો એને બધુંય આવી મળે છે. ભાગ્ય ચપલા જેવું છે. એને જે માગે છે એની એ પરવા કરતું નથી. તેમ જ પૈસા પણ જે એની પરવા કરતો નથી, તેના પર વરસે છે. એવી રીતે ખ્યાતિ પણ થોકબંધ આવે છે, એટલે સુધી કે એ મુશ્કેલી અને ભારરૂપ બની જાય છે. બધું જ સ્વામીને મળે છે. ગુલામને કશું જ મળતું નથી. બધું ન હોવા છતાં જે જીવી શકે, જગતની અલ્પ, અર્થહીન વસ્તુઓ પર જેનું જીવન અવલંબતું નથી એ જ સ્વામી છે. આદર્શ માટે જીવો. એક જ આદર્શ માટે, એ આદર્શ એટલો મહાન, એટલો મજબૂત બનાવો કે માનસમાં અન્ય કશું જ રહે નહિં. બીજા કશા માટે ત્યાં જગા હોય નહિ. અન્ય કશા માટે ફુરસદ હોય નહિં.

### સાધન પ્રતિ એટલું જ ધ્યાન આપો

મારા જીવનમાં હું એક સૌથી મોટો પાઠ શીખ્યો છું. કોઈપણ સાધ્ય પ્રતિ જેટલું ધ્યાન રાખીએ એટલું જ ધ્યાન એ અન્ત પ્રાપ્ત કરવાનાં સાધનો પર પણ રાખવું. સફળતાની સાચી ચાવી એમાં છે. પરિણામ પર નજર રાખો એટલી એટલી જ સાધન પર રાખો. આપણો મોટો દોષ એ છે કે આપણે આદર્શો પ્રતિ આકર્ષાઈએ છીએ. ધ્યેય આપણને એટલું મોહક અને આકર્ષક જણાય છે, આપણી માનસિક ક્ષિતિજ પર એ એટલું મોટું દેખાય છે કે પરિણામે વિગતો સાવ વિસારી મૂકીએ છીએ.

પરંતુ જ્યારે જ્યારે આપણને નિષ્ફળતાનો સામનો કરવો પડે ત્યારે ત્યારે આપણે જો ઝીણવટથી પૃથ્થકરણ કરીશું તો આપણને ખાતરી થશે કે નવાણું ટકામાં આપણને જણાશે કે આપણે સાધનો પ્રતિ પૂરતું ધ્યાન આપ્યું નહિ તેથી જ નિષ્ફળતા આવી. સાધનોને તેજસ્વી બનાવવાની, મજબૂત બનાવવાની ખાસ લક્ષ આપવાની જરૂર છે. આપણાં સાધનો સુયોગ્ય હશે તો સુયોગ્ય પરિણામ આવશે જ. કારણ પરિણામ ઉપજાવે છે એ હકિકત આપણે વીસરી જઈએ છીએ. પરિણામ કાંઈ આપોઆપ પ્રગટ થતું નથી. એટલે જો કારણો ચોક્કસ, સુયોગ્ય અને શક્તિશાળી ન હોય તો ધારી અસર નહિ નીપજે. એક વાર આદર્શ નક્કી કરી નાખો, પછી એ પ્રાપ્ત થતાં હરકત નડવાની નથી પરિણામ આવવાનું જ છે. આપણે કારણ પર લક્ષ કેન્દ્રિત કરીશું તો પરિણામ આપોઆપ આવશે જ. આદર્શ પ્રાપ્તિ એ જ પરિણામ છે. સાધનો કારણ છે એટલે સાધન ઉપર લક્ષ્ય આપવું એ જીવનની મુખ્ય ચાવી છે.

### હિંમત મુશ્કેલીઓનો સામનો કરો

એકવાર હું બનારસમાં હતો. એક સ્થળ આગળથી હું પસાર થતો હતો. એ સ્થળની એક બાજુ વિશાળ સરોવર હતું, બીજી બાજુએ ઊંચી દિવાલ હતી. વચ્ચેના મેદાનમાં ઘણાં માંકડા હતાં. બનારસનાં માંકડાં કદાવર હોય છે. કેટલીક વાર એ ચીડિયાખોર હોય છે. કોણ જાણે કેમ? મને એ સાંકડા માર્ગમાંથી પસાર થવા ન દેવાનો એમણે નિર્ધાર કર્યો. એટલે તેમણે કિકિયારીઓ કરી મૂકી. કેટલાંક તો હું ચાલતો હતો ત્યારે મારા પગે વળગી પડ્યાં. તેઓ બહુ નજીક આવ્યાં એટલે હું દોડવા લાગ્યો. જેમ મેં ભાગવામાં ઝડપ વધારી એમ વધારે ઝડપથી માંકડાં મને ઘેરી વળવા લાગ્યાં. બચકાં ભરવા માંડ્યાં, હવે છટકવાનો કોઈ માર્ગ જ રહ્યો નહિં. એવામાં એક અજાણ્યો આદમી ત્યાં આવી ચઢ્યો, તેણે હાક મારી 'એમની સામે ઊભા રહો.' હું પાછો વળ્યો. માંકડાંનો સામનો કર્યો. બધાં પાછાં હઠ્યાં, છેવટે સૌ ભાગી ગયાં, જીવન એ પાઠ છે. જોખમની સામે થાઓ, હિંમતથી સામનો કરો. જીવનની મુશ્કેલીઓથી ભાગી જતાં આપણે અટકીએ કે તુરત જ પેલાં માંકડાં પેઠે એ ઓસરી જાય છે.

### ધૈર્યના બે પ્રકાર

ધૈર્યના બે પ્રકાર છે : તોપની સામે ખડા થવાની હિંમત, બીજું આધ્યાત્મિક દઢ માન્યતાનું ધૈર્ય. એક સમ્રાટે ભારત પર આક્રમણ કર્યું. એના ગુરુએ એને ભારત જઈ ત્યાં સંતસમાગમ કરવા આદેશ દીધો હતો. સમ્રાટે સંતની શોધ માંડી. લાંબી શોધ પછી એને એક ઘણો જ વૃદ્ધજન મળ્યો. એક શીલા પર એ બેઠો હતો. સમ્રાટે એની સાથે થોડીક વાતચીત કરી જોઈ. એના શાણપણની સમ્રાટ પર ઊંડી છાપ પડી. એણે પેલા સજ્જન વૃદ્ધજનને પોતાને દેશ આવવા આમંત્રણ આપ્યું, "ના ભાઈ ના !" સંત બોલ્યા, "મને આ અરણ્યમાં પૂરો સંતોષ છે." "હું તમને દ્રવ્ય, પદવી, સંપત્તિ આપીશ." સમ્રાટ બોલ્યા, "હું જગતનો સમ્રાટ છું." "ના ભાઈ ! ના." પેલા વૃદ્ધે ફરી મસ્તક ધુણાવ્યું, "મને એ બધાની કશી પડી નથી." હવે સમ્રાટ ચિડાયો, "તમે નહિ આવો તો હું તમને મારી નાખીશ" એ વૃદ્ધે ગંભીર સ્મિત કર્યું. તે બોલ્યા "સૌથી મુર્ખાઈભરી વાત તમે આ કરી, સમ્રાટ! તમે મને નહિ મારી શકો, મને સૂર્ય સૂકવી શકતો નથી, અગ્નિ બાળી શકતો નથી, તલવાર મારી શકતી નથી, મને જન્મ જ નથી, મૃત્યુ નથી. હું તો સર્વવ્યાપી, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ આત્મા છું." આનું નામ આધ્યાત્મિક ધૈર્ય, બીજું ધૈર્ય સિંહ યા વાઘનું છે.

# યુવા સૃષ્ટિ

## વીર અને ઉદાર બનો

એક વાર મેં એક વાત વાંચી, કેટલાંક વહાણ તોફાનમાં સપડાયાં હતાં. દક્ષિણ મહાસાગરના ટાપુઓ નજીક હતા. સચિત્ર "લંડન ન્યુઝ" માં એનું ચિત્ર પ્રગટ થયું હતું. એક અંગ્રેજ વહાણ એકલું જ બચ્યું. બીજાં બધાં ભાંગીને ભૂક્કો થઈ ગયાં. આ ચિત્રમાં થોડી જ વારમાં જે મનુષ્યો સાગરને તળિયે બેસી જવાના હતા એમનું આલેખન હતું. એ બધા જ તૂતક પર ઊભા હતા. તોફાનમાં જે નૌકાવિહાર કરી રહ્યા હતા એમને એ પ્રોત્સાહિત કરી રહ્યા હતા. આપણે એવા વીર અને ઉદાર થવું જોઈએ. તમે ડૂબતા હો તો અન્યને સાથે ખેંચી જશો નહિ.

## સ્વેચ્છાથી સહન કરો

સમગ્ર જગતનો ભાર ઉપાડવા જો તમે ઈચ્છતા હો તો જરૂર ઉપાડો. પરંતુ આ કરતાં ઊંહકારા ન ભરશો. અન્યને શાપ ન આપશો. તમારાં દુઃખથી અમને ગભરાવી ન મારશો. અમારો બોજ ઝીલવા અમે જ્યાં છીએ ત્યાં જ સારા છીએ એવું અમને લાગવા ન દેશો. ખરેખર જે બોજ ઉપાડે છે એ જગતને ધન્ય કરી જાય છે. એ પોતાને માર્ગે જ આગેકૂચ કર્યે જાય છે. એ કોઈને દોષ દેતો નથી, કોઈની ટીકા કરતો નથી. એમાં અનિષ્ટ નથી એમ નહિ, પરંતુ સ્વેચ્છાએ રાજીખુશીથી એણે ભાર પોતાના સ્કંધ ઉપર ઉપાડી દીધો છે. ફક્ત તારણહાર જ ઉલ્લાસભેર પોતાનો માર્ગ મોકળો કરતો જાય છે, બચી જનાર નહિં.

કશું માગો નહિં, કશું ટાળો નહિં, માથે પડે તે વધાવી લો. કશાની આપણા ઉપર અસર ન થાય એનું નામ મુક્તિ, માત્ર સહન કરો એટલું જ નહિ અનાસક્ત રહો. સુખ આવશે, ભલે આવે. કોણ ઈન્કાર કરે છે? દુઃખ આવશે. એ પણ ભલે આવે. પેલા સાંઢની વાત યાદ રાખો. એક વાર એના લાંબા શિંગડાં પર એક મચ્છર બેઠો. ઘણી વાર સુધી બેસી રહ્યો. પછી એનું દિલ ડંખવા માંડ્યું, "સાંઢ મહાશય !" તે બોલ્યો, "હું આ ચાલ્યો, પરંતુ સાંઢે ઉત્તર દીધો, "ના રે ! ના, એમ તે કાંઈ બને. તમારા સમગ્ર પરિવારને અહીં બોલાવો, તમે બધા મારાં શિંગડાં પર બેસો. તમે શું કરી શકનાર છો ?" દુઃખને આપણે આમ ન કહી શકીએ?

## ભૂલ ને નિષ્ફળતા : છૂપા આશીર્વાદ

વિચાર એ જ પ્રેરકબળ છે, બધા વિચાર કરે છે. ઉચ્ચત્તમ વિચારોથી તમારા દિલને ભરી દો. રોજબરોજ એનું શ્રવણ કરો. મહિને મહિને એનો વિચાર કરો, નિષ્ફળતાની પરવા ન કરો, એ બિલકુલ નૈસર્ગિક છે. આ નિષ્ફળતાઓ જીવનનું એક સૌંદર્ય છે, એમના સિવાય જીવન કેવું લાગે છે ? સંઘર્ષ વિના પ્રાપ્તિ કોઈનેય પસંદ નહિ પડે.

એના સિવાય જીવનમાં કાવ્ય કેવી રીતે આવશે ? સંઘર્ષ : ભૂલોની પરંપરા : કશાનીયે પરવા ન કરો. ગાયને મેં કદીય જૂઠું બોલતાં સાંભળી નથી પણ એ તો માત્ર ગાય છે, મનુષ્ય નથી. માટે આ નિષ્ફળતાઓ, ક્ષુલ્લક વાતોની પરવા ન કરશો. હજારવાર આદર્શને વળગી રહો. ભલે હજારવાર નિષ્ફળ જાઓ. એકવાર ફરી પ્રયાસ કરો. ફરી એકવાર.

બિલકુલ અનિષ્ટ હોય એવું તો કશું જ નથી. પ્રભુની જેમ શેતાનને પણ જગતમાં સ્થાન છે. નહીં તો એ અહીં હોઈ શકે જ નહિ.

તેવી જ રીતે આપણી ભૂલોને પણ અહીં સ્થાન છે. આગળ વધો, કાંઈક ખોટું કર્યું છે એવું તમને લાગે તો પણ તમે પાછું વાળી જોશો નહિં. આવી ભૂલો અગાઉ ન કરી હોત તો તમે આજે છો એવા હોઈ શકત ? ના. હવે એ વાત માનો છો ને ? તો તમારી ભૂલોને ધન્યવાદ આપો. અજાણતાં એમણે દેવદૂતનું કાર્ય કર્યું છે. તમારા નસીબને ધન્ય છે. તમારા સુખને પણ ધન્ય છે. તમારી પરિસ્થિતિ કેવી છે, એની પરવા કરો નહિં. આદર્શને વળગી રહો, આગે બઢો. નાની નાની ભૂલો અને વાતો ઉપર ધ્યાન ન આપો. આપણા આ રણક્ષેત્રમાં ભૂલોની ડમરી તો જાગવી જ જોઈએ. એની ધૂળ પણ ન વેઠાય એવા નાજુક દેહના જે હોય તે હરોળમાંથી બહાર નીકળી જાય.

## તમારા દૈવી અંશને પિછાણો

એકવાર હું હિમાલયનો પ્રવાસ કરી રહ્યો હતો. મારી સામે એક લાંબો પંથ પડેલો હતો. અમે તો ગરીબ સાધુઓ ! અમને ઊંચકી જનાર કોઈ ન મળે. અમારે પગપાળા જ પ્રવાસ ખેડવાનો હતો. અમારી સાથે એક વૃદ્ધજન હતા. સેંકડો માઈલ ટેકરિયાળ માર્ગ લંબાતો પડ્યો હતો. પેલા વૃદ્ધ સાધુને આ હકીકતનો ખ્યાલ આવ્યો ત્યારે એ બોલ્યા, 'અરે ! ભાઈ ! મારાથી એટલું શી રીતે ચલાશે ? મારાથી તો અત્યારથી જ ચલાતું નથી. મારી છાતી તૂટી પડશે.' મેં એમને કહ્યું, "તમારી દ્રષ્ટિ નીચે નાખો." એમણે એમ કહ્યું "આ જે તમારા પગ નીચે જ માર્ગ છે એ તો તમે વટાવી ચૂક્યા છો. આ જે માર્ગ તમે તમારી નજર સામે જોઈ રહ્યા છો, એ પણ હમણાં તમારા ચરણ નીચે આવી જશે." ઊંચામાં ઊંચી વસ્તુઓ તમારા ચરણ નીચે છે. કારણ તમે દૈવી તારકો છો. આ બધી જ વસ્તુ તમારા ચરણ નીચે જ છે તમારી ઈચ્છામાં આવે તો તમે તારકોની પણ મૂઠી ભરીને ખાઈ શકો છો. એવું તમારું સાચું સ્વરૂપ છે. મજબૂત બનો વહેમમાત્રને ફગાવી દો. સ્વતંત્ર બનો.



**ડો. સૌરભ વણઝારા**
લેખક નામાંકિત ફીઝીશીયન અને ફેફસાંના નિષ્ણાંત છે
તથા શેલ્બી મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ્સ ખાતે કાર્યરત છે.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં 'લૂ'થી કેવી રીતે બચશો?



હજી તો ઉનાળો હમણાં જ શરુ થયો છે ત્યાં દક્ષિણ ગુજરાતના નવસારીમાં ડામરના રસ્તા ઓગળ્યાના સમાચાર આવ્યા. આપણે ત્યાં માર્ચ મહિનાથી ઉનાળાની શરૂઆત થાય છે. દર વર્ષે એપ્રિલ, મે અને જૂન મહિનો ગરમી લઈને આવે છે પરંતુ, છેલ્લાં કેટલાક વર્ષોથી આ ગરમીનો પારો નોંધપાત્ર રીતે વધ્યો છે. આ મહિનાઓ દરમ્યાન આપણા દેશના અનેક ભાગોમાં તાપમાન અત્યંત ઊંચું રહે છે અને તેની સીધી અસર આપણા આરોગ્ય પર પડે છે. અતિશય ગરમીના કારણે શરીરમાં પાણીની ઉણપ, થાક, ચક્કર તથા માથાના દુઃખાવા જેવી તકલીફો થાય છે અને ઘણી વખત પરિસ્થિતિ ખૂબ વણસે ત્યારે આપણે Heat Strkoeના ભોગ બનીએ છીએ જેને આપણે ગુજરાતીમાં "લૂ લાગવી" કે "ગરમી ચડવી" કહેતા હોઈએ છીએ.

મિત્રો, Heat Strkoe એક એવી સ્થિતિ છે કે જેમાં શરીરનું તાપમાન ખૂબ વધી જાય છે અને શરીર પોતાને ઠંડું રાખવાની ક્ષમતા ગુમાવી દે છે. આવી પરિસ્થિતિમાં જો વ્યક્તિને સમયસર સારવાર ન મળે તો તે જીવલેણ બની શકે છે. Heat Strkoe ઉપરાંત ઉનાળાની ગરમી અને પરસેવાને કારણે ત્વચા પર દાદર, ખંજવાળ, ઘમોરિયા, ફોલ્લીઓ, ટેનિંગ અને ફંગલ ઈન્ફેક્શન જેવી સમસ્યાઓ ઉદ્ભવે છે. તેથી ઉનાળામાં યોગ્ય સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે.

પહેલાંના સમયમાં ઉનાળામાં ગરમી તો પડતી હતી, પરંતુ સામાન્ય રીતે તે સહન કરી શકાય તેવી હતી. આપણે દૈનિક કામકાજ સરળતાથી કરી શકતા હતા. ડોક્ટર તરીકેની મારી પાછલા અનેક વર્ષોની કારકિર્દી દરમ્યાન મેં જોયું છે કે અગાઉ Heat Strkoeનો ભોગ બનતા દર્દીઓની સંખ્યા ઓછી હતી. જોકે, જેમ-જેમ સમય બદલાતો જાય છે તેમ-તેમ આપણે વાતાવરણમાં પણ ધરખમ ફેરફારો અનુભવીએ છીએ. આજના સમયમાં કાળઝાળ ગરમી પડે છે. ગરમીનો પ્રકોપ પહેલાં કરતાં ઘણો જ વધારે અને લાંબા સમય સુધી રહે છે. આવી વિષમ પરિસ્થિતિમાં અનેક લોકો ગરમ લૂની લપેટમાં આવી જઈને અત્યંત ગંભીર રીતે Heat Strkoeના શિકાર બને છે અને હોસ્પિટલમાં દાખલ થવા સુધીની નોબત આવે છે. એપ્રિલ, મે અને જૂન મહિના દરમ્યાન શેલ્બી મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ્સના ઈમર્જન્સી વિભાગમાં પ્રતિદિન સરેરાશ ૫ થી ૭ દર્દીઓ Heat strkoeના કારણે દાખલ થાય છે.

ફક્ત ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં છેલ્લા કેટલાક વર્ષોમાં તાપમાન સતત વધી રહ્યું છે. તેનું મુખ્ય કારણ Global Warming છે. પ્લાસ્ટિકનો વધતો ઉપયોગ, ઔદ્યોગિક અને રાસાયણિક પ્રદૂષણ, શહેરોમાં વધી રહેલ બાંધકામ અને કોંક્રિટના જંગલો, વૃક્ષોનો ઘટાડો અને કુદરતી સંસાધનોનું દોહન જેવા અનેક પરિબળો ગરમી વધારવામાં જવાબદાર છે. આ બધા પરિબળો મળીને Climate Changeને વધુ ગંભીર બનાવે છે. જેના કારણે ગરમીની લહેરો વધુ તીવ્ર બને છે.

જોકે ગરમીના પ્રકોપથી કોઈપણ વ્યક્તિ પ્રભાવિત થઇ શકે છે. પરંતુ, તેમાં પણ નાના બાળકો, વૃદ્ધો, ખેડૂતો, સતત બહાર કામ કરતાં કામદારો, સતત વાતાવરણના સંપર્કમાં આવતા ટ્રાફિક પોલીસ જેવા કર્મચારીઓ, ફિલ્ડ માર્કેટીંગ સાથે સંકળાયેલા વ્યવસાયીઓ તેમજ નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો જલ્દીથી Heat Strkoeનો ભોગ બની શકે છે. આથી, આવા લોકોએ ખાસ સાવચેતી રાખવી જરૂરી છે.

કોઈપણ વ્યક્તિને જ્યારે Heat Strkoe એટલે કે ગરમીની અસર ચડે તે પહેલાં જ તેને વહેલી તકે ઓળખવી અત્યંત મહત્વપૂર્ણ છે. જો કોઈને વધારે પરસેવો થાય, માથું દુઃખે, ચક્કર આવે, ઉબકા આવે કે ઉલટી થાય, વધારે તરસ લાગે, શરીરમાં કમજોરી અનુભવાય, સ્નાયુઓમાં ખેંચ અનુભવાય તો તુરંત નિષ્ણાત ડોક્ટરને બતાવો. ખાસ કરીને વ્યક્તિ જો ગુંગળામણ કે અકળામણ અનુભવે, બેભાન થઈ જાય અથવા શરીરનું તાપમાન ખૂબ વધી જાય તો તાત્કાલિક સારવાર લેવી

# આરોગ્ય સૃષ્ટિ

જરૂરી બને છે. જોકે આપણે કેટલાંક નીચે પ્રમાણેના ઉપાયો અપનાવીએ તો ગરમી (Heat Strkoe)થી બચવું પણ અત્યંત સરળ છે.

**૧. પુષ્કળ માત્રામાં પ્રવાહી પદાર્થો લેવાઃ** ગરમીથી બચવા માટેદિવસ દરમ્યાન વારંવાર પાણી પીવું જોઈએ. છાશ, નાળિયેરનું પાણી, લીંબુ પાણી શરીરને હાઇડ્રેટ રાખવામાં મદદરૂપ થાય છે.

**૨. બપોરના સમયે બહાર નીકળવાનું ટાળોઃ** બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા દરમ્યાન તડકો સૌથી વધુ હોય છે. આથી, શક્ય હોય તો આ સમયમાં બહાર જવું નહીં.

**૩. ઉનાળાને અનુકૂળ વસ્ત્રો પહેરોઃ** આ ઋતુમાં એવા કપડાં પહેરવા જોઈએ કે જે પરસેવો ઝડપથી શોષવામાં મદદ કરે અને આરામદાયક લાગે ઉનાળા દરમ્યાન યોગ્ય આછા રંગના ખાદી તથા સુતરાઉના કપડાં પહેરો. ખાદી તથા સુતરાઉ કપડાં શરીરને ઠંડક આપે છે તથા આપણા પરસેવાને શોષી લે છે. કાળા, ઘાટા રંગના તથા ચટકીલા-ભડકીલા રંગોવાળા કપડાં ગરમી વધારે છે. આથી, આછા રંગના અને ઢીલા કપડાં પહેરો. ઉનાળામાં શરીરને ચપોચપ અને ટાઈટ હોય તેવા તેમજ સિન્થેટીક કે નાયલોનનાં કપડાં પહેરવા હિતાવહ નથી, કારણકે તે પરસેવો શોષતા નથી અને હવાની અવરજવર અટકાવે છે, જેનાથી ત્વચા પર ખંજવાળ, શુષ્કતા અને સોજો ઉદ્ભવે છે.

**૪. બહાર જતાં આટલું અવશ્ય અનુસરોઃ** બહાર જતી વખતે છત્રી અથવા ટોપીનો ઉપયોગ અવશ્ય કરો. શક્ય હોય તો સન સ્ક્રીન લોશન લગાવીને બહાર નીકળો.

**૫. સંતુલિત આહારચર્યા અપનાવોઃ** ઉનાળામાં અત્યંત મરી-મસાલાવાળો, તેલવાળો અને ભારે ખોરાક બિલકુલ ઓછા પ્રમાણમાં લો. તરબૂચ, કાકડી, લીંબુ અને નારંગી જેવા પાણીથી ભરપૂર ફળો વધુ પ્રમાણમાં લો. પોષણયુક્ત અને હળવો આહાર લો.

**૬. ઘરને ઠંડું રાખવાનો પ્રયત્ન કરોઃ** ઘરમાં પંખા, કૂલર અથવા એર કન્ડિશનનો ઉપયોગ કરો.

ખસની ટટ્ટી કે પડદાનો ઉપયોગ કરી શક્ય હોય ત્યાં સુધી ઘરમાંથી હવા પસાર થવા દેવી હિતાવહ છે. ઉપરોક્ત ટીપ્સ ઉપરાંત કમજોર રોગપ્રતિકારક શક્તિ ધરાવતા તથા ડાયાબિટીસના દર્દીઓએ ઉનાળા દરમ્યાન પોતાની સવિશેષ કાળજી રાખવી ઘટે છે. Diabetesના દર્દીઓને ગરમીના કારણે ઝડપથી પાણીની ઉણપ થઈ શકે છે. જેને કારણે શરીરમાં બ્લડ-શુગરની માત્રામાં ફેરફાર થઇ શકે છે. આથી, ડાયાબીટીસના દર્દીઓએ શરીરમાં બ્લડ-શુગર યોગ્ય માત્રામાં જળવાઈ રહે તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ કાળજી લેવી ઘટે છે.

**૧.** બ્લડ શુગરનું નિયમિત ચેકિંગ કરવું. **૨.** પુરતી માત્રામાં પાણી પીવું. **૩.** પોષણયુક્ત સંતુલિત આહાર લેવો. **૩.** ઈન્સ્યુલિન અને દવાઓ નિયમિત લેવી. **૪.** કેરીનો રસ કે શેરડીનો રસ નહિવત અથવા બિલકુલ અલ્પ-માત્રામાં ખાવાનો આગ્રહ રાખવો. **૫.** લાંબા સમય સુધી તડકામાં રહેવાનું ટાળવું. **૬.** અસામાન્ય થાક કે ચક્કર જેવા કોઈપણ લક્ષણો જણાય તો તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક સાધવો.

મિત્રો, ઉપરોક્ત તમામ કાળજી લીધા છતાં જો Heat Strkoe કે લૂ લાગે તો તાત્કાલિક શું કરવું, તે વિશે પણ આપણે યોગ્ય માહિતી મેળવવી રહી. **૧.** વ્યક્તિને છાયાવાળી જગ્યાએ લઇ જવી. **૨.** કપડાં ઢીલા કરવા. **૩.** પાણી અને ઓ.આર.એસ. (WHO ORS) પીવડાવવું. **૪.** શરીર ઉપર ઠંડુ પાણી નાંખવું અથવા ભીનું કપડું રાખવું. **૫.** જો પરિસ્થિતિ ગંભીર જણાય તો વ્યક્તિને તુરંત જ હોસ્પીટલમાં ખસેડવી.

મિત્રો, Heat Strkoeનો ભોગ બનેલ દર્દીઓની સારવાર એવી હોસ્પીટલમાં કરરાવવી કે જ્યાં તમામ પ્રકારની સારવાર એક જ છત હેઠળ ઉપલબ્ધ હોય. દા.ત. શેલ્બી મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પીટલ ખાતે Fever Clinic, Skin Clinic, Sugar Clinic એમ વિવિધ પ્રકારના ક્લીનીકો કાર્યરત છે કે જ્યાં તમામ રોગોના સુપર-સ્પેશીયાલીસ્ટ નિષ્ણાત ડોકટરો ઉપલબ્ધ હોય છે. દા.ત. પરેશભાઈને Heat Strkoe આવ્યો છે. શરીરમાંથી પાણી બિલકુલ ઘટી થઇ ગયું છે. ખૂબ તાવ છે. પરસેવાના કારણે શરીરના અનેક ભાગોમાં rashes થઈ ગયા છે અને ખંજવાળ આવે છે. ઉપરોક્ત સંજોગોમાં બધી જ સ્પેશીયાલીટીના નિષ્ણાત ડોકટરો અને સારવાર એક જ જગ્યાએ ઉપલબ્ધ હોઈ દર્દીને બધી જ સારવાર એકસાથે ઉપલબ્ધ કરાવી શકાય છે તથા દર્દીની સારવાર સંદર્ભે બધા જ ડોકટરો એક બીજા સાથે મળીને સરળતાપૂર્વક સંકલન સાધી શકે છે. જાગૃતિ અને સાવચેતીપૂર્વક આપણે પોતાની સાથે- સાથે આપણા પરિવાર અને સમાજને પણ ગરમીના ગંભીર પ્રભાવથી સુરક્ષિત રાખી શકીએ છીએ.

મો.૮૧૨૮૮૦૫૩૧૦

**સંકલન :** પુષ્પક જવેરી, શેલ્બી હોસ્પિટલ - અમદાવાદ.



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
કો.ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# ઝાડા અને આરોગ્ય

મિત્રો,

આપણામાંથી એવી કોઈ વ્યક્તિ નહિં હોય કે જેને ઝાડા એટલે કે પાતળું સંડાસ જેવી બીમારી ન થઈ હોય. આપણે કદાચ આ બીમારીને સામાન્ય અને નાની બીમારી સમજી બહુ ધ્યાન નથી આપતા પણ જો તમે આ બીમારીના આંકડાઓ સાંભળશો તો અધધધ બોલી જશો.

દર વર્ષે આખી દુનિયામાં ૪૦ લાખ નાના બાળકો આ બીમારીથી મરણ પામે છે. જેમાંથી આપણા આ મહાન ભારત દેશના ૧૫ લાખ બાળ મરણ પણ આવી જાય છે. બીજી રીતે કહીએ તો આ દેશમાં દર મીનીટે ત્રણ બાળકો આ ઝાડાની બીમારીથી મૃત્યુ પામે છે. અને અચરજ પમાડે તેવી વાત એ છે કે આ મૃત્યુને આપણે સહેલાઈથી રોકી શકીએ તેમ છીએ. આ બાળ મરણ અટકાવવા માટે કોઈ મોંઘી દવાઓ કે મોંઘા ડોક્ટરોની જરૂર આપણા દેશને કે સમાજને નથી. બસ જરૂર છે ફક્ત આ રોગને અને તેના ઈલાજને વૈજ્ઞાનિક રીતે દરેક વ્યક્તિએ સમજવાની. જો આપણે આપણા આ મહાન દેશને આ શ્રાપથી બચાવવો હોય તો આ રોગની માહિતી આપણા દેશના દરેક નાગરિક સુધી પહોંચે તેની જવાબદારી આપણે સ્વીકારવી જ રહી.

આપણા પેટમાં કંઈ નુકશાનકારક વસ્તુ જ્યારે પ્રવેશે છે ત્યારે તેને શરીરની બહાર ધકેલી દેવા આપણું આંતરડું ખુબ બધા પ્રવાહીનો સ્ત્રાવ શરૂ કરી દે છે જેથી આપણું શરીર તે નુકશાનકારક વસ્તુથી છુટકારો મેળવી શકે. અને આ વધારાનું પ્રવાહી શરીરની બહાર ઝાડા રૂપે નીકળે છે.

આ નુકશાનકારક વસ્તુઓ જેવી કે ખોરાકમાં ઝેરી પદાર્થ કોઈ પણ રસાયણ, નાના સુક્ષ્મ જીવાણુઓ જેવા કે બેક્ટેરીયા, વાયરસ, ફંગસ, પેરેસાઈટ વગેરે તથા કૃમીઓ હોઈ શકે. શરીરમાંથી ખુબ પ્રવાહી છુટવું તે કુદરતે બનાવેલ રક્ષણની વ્યવસ્થા છે. એટલે કે આનો ઈલાજ પ્રવાહીને નીકળતું બંધ કરવાનો નથી પણ ઝાડાને કારણે શરીરમાંથી જે પ્રવાહી તથા અમુક ખનીજ તત્વો જેવા કે સોડીયમ, પોટેશ્યમ, ક્લોરાઈડ તથા બાઈકાર્બોનેટ વગેરે નીકળી ગયા હોય તે શરીરને પાછા આપવા તે છે. શરીરમાંથી આ પ્રવાહી બહાર નીકળી જવાથી ઉભી થતી પરિસ્થિતીને અંગ્રેજીમાં ડીહાઈડ્રેશન કહે છે. જેના ચિન્હોમાં ખુબ તરસ લાગવી, જીભ તથા હોઠ સુકાઈ જવા, આંખો ઊંડી ઉતરી જવી, ચામડી લુઝ થઈ જવી, શીશું નું તાળવું બેસી જવું, નાડીના ધબકારા વધી જવા, પેશાબ ઓછો થઈ જવો, વજન ઘટી જવું, લોહીનું દબાણ ઘટી જવું વગેરે છે અને જો આ સમયે આપણે ડીહાઈડ્રેશનની સારવાર ન કરી શકીએ તો દર્દી બેહોશ થઈ મરી શકે છે અને તેના મુત્રપીંડો એટલે કે કીડનીઓ નકામી એટલે કે ફેઈલ થઈ શકે છે. અને છેવટે કીડની ફેઈલ થવાથી દર્દીનું મોત થાય છે.

એટલે કે આપણે જ્યારે પણ ઝાડાના દર્દીને જોઈએ ત્યારે તેને તેના ડીહાડ્રેશનની સારવાર આપવાનો પ્રથમ વિચાર કરવો જોઈએ. કારણ કે ઝાડાના દર્દી ફક્ત ડીહાઈડ્રેશનને કારણે જ મરતા હોય છે.

ડીહાઈડ્રેશનની સારવારને રીહાઈડ્રેશન કહે છે. જેમાં દર્દીના શરીરમાંથી બહાર નીકળી ગયેલ પાણી અને ક્ષારોને મોં વાટે અથવા હોસ્પીટલમાં બાટલાની મદદથી અપાય છે. એક વાત ખાસ યાદ રાખજો કે જો મો વાટે રીહાઈડ્રેશન થઈ શકતું હોય તો બાટલા ચડાવવાથી દુર રહેવું જોઈએ. કારણ કે બાટલા ચડાવવાથી જે રીહાઈડ્રેશન થાય છે તે મોંઘુ અને જોખમથી ભરેલું છે. જ્યારે મોં વાટે એટલે કે ઓરલ રીહાઈડ્રેશન સસ્તુ, સરળ, સચોટ અને બીનજોખમી છે.

રીહાઈડ્રેશન કરવા મોં વાટે જે પ્રવાહી અપાય છે તેને વૈજ્ઞાનિક ભાષામાં ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન એટલે કે ટુંકી ભાષામાં ઓ. આર. એસ. કહેવાય છે. જે બજારમાં પાવડરના રૂપમાં નાના પેકેટોમાં મળે છે. તેને એક ગ્લાસ અથવા એક લીટર (પેકેટ ઉપર દર્શાવ્યા મુજબ) પીવાના પાણીમાં ઓગાળવાથી રીહાઈડ્રેશન સોલ્યુશન તૈયાર થાય છે. જે બની ગયા પછી ૨૪ કલાકમાં વાપરી નાખવાનું હોય છે. જો ન વપરાયું હોય તો પણ તેને ફેંકી દઈ ૨૪ કલાક પછી બીજું તાજું સોલ્યુશન બનાવવું.

આ પ્રવાહી દરદીને સતત આપતું રહેવું જોઈએ અને બાળકને બોટલથી નહીં પણ કપ તથા ચમચીથી આપવું અને જો વચ્ચે ઉલટી થતી હોય તો થોડો વખત બંધ રાખવુ અને ફરી શરૂ કરી દેવું. આમ કરવાથી દરદીનું ડીહાઈડ્રેશન ઓછું થતું જશે. અને બાટલો ચડાવવાની જરૂર નહીં પડે. જો બજારનું ઓ. આર. એસ. ન મળે તો ઘરનું બનાવી શરૂ કરી દેવું. ઘેર એક ચપટી મીઠું અને એક ચમચી ખાંડ એક ગ્લાસમાં પાણીમાં નાખી હલાવવાથી ઘરનું ઓ.આર.એસ. તૈયાર થઈ જાય છે. આ ઉપરાંત બીજા પ્રવાહી પણ ઓ.આર.એસ. જેવું જ કામ કરે છે તે પણ આપી શકો છો જેવા કે નાળીયેરનું પાણી, ચા, ભાતનું ઓસામણ, મોસંબી કે સંતરાનો રસ છાશ વગેરે.

આપણે ત્યાં બીજી એક માન્યતા છે કે ધાવણા બાળકને ઝાડા થાય એટલે માં તેમને ધવડાવવાનું બંધ કરી દે છે તે સાવ ખોટી માન્યતા છે. બાળકને ધવડાવવાનું ચાલુ જ રાખવું જોઈએ. બાળકના ઝાડા બીલકુલ બંધ થઈ જાય અને હાઈડ્રેશનના ચીન્હો દેખાવવાના બંધ થાય પછી જ ઓ.આર.એસ. આપવાનું બંધ કરવું.

લોકોમાં બીજી પણ એક માન્યતા છે કે ઝાડા થાય ત્યારે ઓ.આર.એસ. કરતા ગોળીઓ, કેપ્સ્યુલો અને ઈન્જેક્શનોનું મહત્વ વધારે છે. પણ મિત્રો યાદ રાખજો કે ઝાડાની સૌથી અગત્યની દવા ઓ.આર.એસ. છે. માટે ઓ.આર.એસ.ને અવગણી કલરફૂલ કેપ્સ્યુલ કે ઈન્જેક્શનનો મોહ ન રાખશો. જો દરેક માતાઓ આટલું જાણી લ્યે તો આપણા દેશમાં દર મીનીટે જે ત્રણ બાળકો ઝાડાને કારણે મરી જાય છે તેને બચાવી શકીએ.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડિયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# માણસોમાં "બાળમરણ" એવું જ વહમું - ખેતી પાકોમાં "ફાલખરણ"

જીવતા જીવને માટે એકવાર મૃત્યુ આવ્યા વિના રહેવાનું નથી એ વાત નક્કી હોવાંછતાં તેના થકી લાગતા આઘાતનો આધાર તે કેવી ઉંમરે આવે છે તેના પર રહેતો હોય છે. ભલેને સાવ પૂરી પાકટ વયે આવે તો પણ મૃત્યુ એ મૃત્યુ છે, તેનો આનંદ તો ન જ હોઇ શકેને ? હા, પાકટ ઉંમરે જનારનું દુઃખ થોડું ઓછું લાગે એવાત સાચી, કારણકે તેની કાયા જ વૃધ્ધત્વથી ક્ષીણ થઇ, મૃત્યુની ઝંખના કરી રહી હતી. તો આધેડ ઉંમરે જનારનું દુઃખ પણ કંઇક માપસરનું, થોડુંકેય સહન કરી શકાય તેવું, મધ્યમ પ્રકારનું હોય છે, એટલે એ કોઠે પાડી શકાતું હોય છે. પણ મૃત્યુ જ્યારે નાની ઉંમરનાને ભરખી જાય ત્યારે તે અકાળે આવેલા મૃત્યુનો ઘા કારમો અને સહન ન થઇ શકે તેટલો વહમો લાગતો હોય છે. પછી તે માણસ હોય, પશુ હોય, જંગલી જાનવર હોય કે હોય પછી ખેતર-વાડી કે વગડે ઉગતી નાની-મોટી વનસ્પતિ ? દુઃખ એ દુઃખ જ છે. એતો માણસ સિવાયનાને તે વ્યક્ત કરવાની ત્રેવડની તેની મર્યાદાઓ છે એટલે શું કરે બિચારા! અને કદાચ એ અકાળે આંબી ગયેલ કાળ (મૃત્યુ)નો શોક વ્યક્ત કરતા હોય, તો પણ આપણને એની ભાષા અને લાગણીઓ સમજવાની આવડત કે ફુરસદ છે ઘડીનીયે ? આપણી માણસ જાતે બસ, પોતાના દુઃખ સિવાય કોઇ બીજાના દુઃખ વિષે વિચાર કર્યો છે ક્યારેય?

**"ફાલ"એટલે શું ?** 'ફાલ' એટલે વનસ્પતિની જીંદગીનો સાર. અને 'ફાલ ફૂટવો' એટલે વનસ્પતિમાં યુવાનીનો આવિષ્કાર થવો તે. બીજા શબ્દોમાં કહીએ તો તેની 'પ્રજોત્પતિ ઇચ્છાનો ઉભરો'. કહોને તે પૂખ્ત થઇ ગયું છે તેની નિશાની એટલે જ ફાલનો દેખાડો. છોડવા પર ફૂલની કળી દેખાવી, કળીમાંથી ફૂલ ખિલવું, ફલીકરણ થઇ ગર્ભ ધારણ કરવો અને ફળોનું બંધારણ થઇ, ધીમે ધીમે વિકસી,પૂર્ણતાને આરે પહોંચી પરિપક્વ થવું-આ સમગ્ર કાર્યક્રમને ખેડૂતો "ફાલ લાગવો" કે "લાગ આવવો" એવું કહેતા હોઇએ છીએ **પાયાનો ભેદ** = જાતે ખેતી કરતા અને ખેતીની વાતોમાં રસ ધરાવતા બધા જ એ વાત સમજી શકશે કે "ફાલ નહીં પકડવો" અને "ફાલ ખરી જવો" બન્ને સમસ્યાઓ છે તો પાકના ફાલને લગતી જ, પણ બન્નેમાં જમીન અને આસમાન જેટલો ફેર છે. "ફાલ નહીં પકડવો" એ સમસ્યાની સરખામણી કરવી હોય તો માણસમાં જેને "વાંઝિયાપણું" કહે છે-તેની સાથે થઇ શકે.જે ગર્ભ બંધાવાની જ તકલીફ હોવાને કારણે જ સંતાન વિહોણા હોય છે.

જ્યારે "ફાલ ખરી જવો" ની સરખામણી કરવી હોય તો કેટલીક માનવમાતાઓ બાળકોને જન્મ તો આપે છે, પણ જનમ્યા પછી તે ઉજરતા નથી, મોટા થયા પહેલાં જ તેનું મરણ થઇ જાય છે-તેની સાથે કરી શકાય. ફૂલ-કળીના અસ્તિત્વથી શરૂ થઇ, ફળ કે બીજ પૂર્ણ પરિપક્વ થઇ જાય તે પહેલા તેને છોડ-ઝાડથી વિખૂટા પડી જવું પડે તેને ફાલનું ખરી જવું કહેવાય. એટલે માણસોમાં જેવું બાળમરણ બસ, વનસ્પતિમાં એવું જ વહમું ફાલખરણ ગણાય.

**વનસ્પતિને હોય છે મર્યાદા =** તમે જૂઓ ! માણસને મુશ્કેલી પડે તો તેના રસ્તા ખોળી શકે, બીજાની મદદ મેળવી શકે, જરૂર પડે તો જ્યાં હોય ત્યાંથી દૂર જઇ શકે, અને પોષણ ઘટકે કે તકલીફોમાં,જરૂરિયાતો પૂરી પાડી, પ્રશ્નનો નિવેડો લાવી શકે. પણ આતો રહી વનસ્પતિ ! એને ક્યાં મૂશ્કેલી ગાવા કે માગણી કરવા આપણે માણસો સમજી શકીએ એવી ભાષા છે કે મૂશ્કેલીવાળું સ્થળ છોડી જરૂરિયાત માટે દૂર જવા પગ કે પાંખો છે ? છે જીવતો જીવ, પણ ભગવાને એવો પરાધિન બનાવ્યો છે કે એકવાર જે જગ્યાએ એનું બીજ ઊગી ગયું, બસ તે જગ્યાએ જ એને એનું આખું આયખું પુરૂં કરવાનું ! ગમે તેવી વિપત પડે તો પણ જરીકેય ખસવાનું નામ એને નહીં લેવાનું ! તડકો આવે, ટાઢ આવે, અરે ! ખુદ વાવાઝોડા આવી, બાથંબાથ કરી, કરડી મરડી મૃતપાય કરી નાખે તોય કુરબાન ! એને તો કુદરતનો એક જ આદેશ-"મૂળ વિસ્તારમાંથી મળે તે ખાઓ-પીઓ અને વાતાવરણમાંથી મળે તે વાપરો" !

છતાં વનસ્પતિ ક્યારેય હિંમત હારી નથી. તેને ભાગે આવેલા જમીન, પાણી, અને હવામાનમાં ઊગી, ઉછરી, અને તેનાથી બની શકે તેટલું જણતર જણી, ઉછેરી શકાય તેટલાને ઉછેરી જાણવાની ત્રેવડ દેખાડી કમાલ કરી જાણે છે.

પણ આપણને એટલાથી સંતોષ ક્યાં છે ? વધુ ઉત્પાદન મેળવવાની લ્હાયને લીધે જ જેટલા જન્મે એટલા બધા જ ફૂલો- ફળો જીવવા જોઇએ એવો વનસ્પતિ પાસે આપણો ખેડૂતોનો આગ્રહ રહ્યો છે.અને એ આગ્રહમાં વધુ સારું પરિણામ લાવવા વનસ્પતિની ભેરે ચડી-જન્મેલા અકાળે ખરી ન પડે તેને વિષે વધુ સજાગ થવા જ આપણે આ વિચારવું પડે છેને !

**માનવ સર્જિત ફાલ-ખૂનનું શું ?** "શાકભાજીના કેટલાક રીંગણાં, મરચાં, ભીંડા,ગુવાર, ટીંડોરા, કાકડી, ચોળા, વાલોળ જેવા પાકોને

# કૃષિ સૃષ્ટિ

ઉપયોગમાં લેવા કે બજારમાં વેચવા પૂરા પાકતા પહેલા જ લીલેલીલા-કહોને કાચેકાચા ઉતારી લઇએ છીએ અને એવું જ કેટલાક જુવાર, મકાઇ, રજકા જેવા લીલાચારાના પાકોને પણ ફાલ આવતા પહેલાં જ વાઢી લઇએ છીએ એટલે એ પાકોનું તો આપણે ખેડૂતોએ જ ખૂન કર્યુ ગણાયને ? શું એ બધા પાકો તો દુઃખી દુઃખી જ હોવાનાને ? લ્યો કહો ! આવું કહેનારા પણ કેટલાક બટકબોલા છે ભાઇઓ ? તો એનો જવાબ આપું, તો- ના ! એ બધા પાકો તો કાચેકાચા ઉતારી અને લીલેલીલા વાઢી લેવા માટે જ વવાયા હતા.એટલે ખરું કહીએ તો તે પાકોને અકાળે મરવાનું આવ્યું જ નથી? તેના વાવેતરનો હેતુ પાર પડી ગયો એટલે એનું જીવન સાર્થક થઇ ગયું ગણાય.ઉત્પાદનનો હેતુ જ એ પ્રકારનો હતો એટલે એમાં છોડવાને કંઇ કહેવાનું જ નથી કે નથી કરવાની કોઇ ફરિયાદ, ખેડૂત અને ખેતીપાક બન્ને આમાં ખુશ જ ખુશ હોય છે. પણ ખરી ચિંતા જે ખેતીપાકો પાસેથી ફળો કે બીજ મેળવવાના છે તેવા પાકોમાં પૂર્ણતાએ પહોંચ્યા પહેલા અને શાકભાજીના પાકોમાં તે ઉતારવા લાયક થાય તે અગાઉ જે ફાલખરણ થાય, તે આપણ ખેડૂતને મન વધુ કઠોર સમસ્યા છે.

**ફાલખરણનાં કારણો અને ઉપાયો =** ફાલ, ફૂલો ખિલ્યા પહેલાં ખરી જાય કે ફૂલો ખિલ્યા પછી ખરી જાય, નાના ફળો બંધાઇનેખરી જાય કે ક્યારેક ફળો ઠીક ઠીક મોટા થઇ ગયા પછી ખરી જાય-એ બધા જ ખરણ ખેડૂતને મન ખોટની પ્રક્રિયા છે.આ બાબતે ખેતી સાથે સંકળાએલા ભાઇ-બહેનોએ જ વિચારતા થવું પડશે અને આવું બનવા પાછળના કારણો ક્યા હોઇ શકે તેને શોધી, તેના નિવારણના કાર્યક્રમો પણ આપણે જ આદરવા પડશેને ? એમનામ, કશા જ કારણ વિના ઝાડ પરથી ફાલ ખરતો નથી. ‘ફાલખરણ’માટે કોઇને કોઇ કારણ જવાબદાર હોવાનું. પણ એની સાચી ખબર તો તે અંગેની ઊંડી તપાસ કરીએ ત્યારે જ પડેનેં અને જો કારણ જડી જાય તો તો પછી ઉપાય અજમાવવા સહેલા બની જાય ખરુંને ?

**(૧) જરૂરી ભેજ કે પોષણની ખેંચ ઊભી થઇ હોય =** આપણા ગોડાઉનમાં ખાતરની થેલીઓની મોટી થપ્પી પડી હોય, દેશી ખાતરની ખાડ ગળતિયા ખાતરથી ભરી હાંફતી હોય, અને કૂવા કે બોરમાં મોટર અવિરતપણે ધોધમાર પાણી ફેંકી શકે તેટલા પાણીનો જથ્થો જમા હોય તેથી વાડી-પડામાં ઊભેલા પાકના છોડવા કે ઝાડવાને શું ભૈ ! એને તો એના મૂળવિસ્તારમાં ખોરાકી તત્વોનો જથ્થો અને એને ભીંઝવી શકે તેટલા પ્રમાણમાં ભેજની હાજરી છે કે નહીં, એ જરૂરનું હોય છે.

કોઇપણ પાક જ્યારે ભેજની અતિ ખેંચ અનુભવે ત્યારે જમીનમાં રહેલા ખોરાકી દ્રવ્યો દ્રાવ્ય બની શકે નહીં, એટલે પાક તરસ્યો અને ભૂખ્યો રહેવા લાગી મુંઝવણમાં મૂકાય છે અને મરી જવાની ભીતિ સેવતો થઇ જાય છે. એ વિચારતો થઇ જાય છે કે “ મને વળગેલા ફૂલો અને લાગેલા નાના-મોટા બધા જ ફળોને આ ખોરાક-પાણીની કારમી ખેંચમાં બચાવી શકાશે નહીં !” એટલે મોટા મોટા સાચવી લઇ, જેના માટે હજુ વધારે મહેનત લેવી બાકી છે એવા શરૂ શરૂમાં કળીઓ,પછીફૂલો અને છેવટે નાના ફળો સુધ્ધાંને ઝાડ ખેરવી નાખી, માત્ર મોટા મોટા ને બચાવી લઇ પોતાનો વંશ ચાલુ રાખવાનું આયોજન અમલમાં મૂકતા હોય છે.

ક્યારેક એવું પણ બનવા પામે છે કે માફકસરનો ભેજ અને હવાની ઉત્તમ અવર-જવર હોવાછતાં ઝાડ ફાલ ખેરવતું ભળાય ત્યારે સમજવું કે મૂળવિસ્તારમાં ખોરાકી તત્વોની ખામી હોવી જોઇએ. અને આવા વખતે પણ ઝાડને તો મરી જવાની જ બીક પેસી જાય છે અને પોતાના બધાજ જણતરને પહોંચી નહીં શકવાની બીકે નાનેથી શરુ કરી મોટા બાજુ ફૂલ-ફળખરણ શરૂ કરીદે છે ખોરાક અને ભેજ બાબતે સમતુલા જાળવવામાં જેટલી મહેનત લેવાય તેટલું પરિણામ ફાલ ટકાવવા બાબતેસારું મેળવી શકાય.

**(૨) કળી, ફૂલ, કે ફળ - જીવાત કે રોગનો ભોગ બન્યાં હોય =** આજ-કાલ ખેતીમાં એવો કોઇ પાક નથી કે જેમાં જીવાતો ન લાગતી હોય ! રોગ બાબતે એટલી ચિંતા નથી જેટલી જીવાતો બાબતે છે. જીવાતોએ તો કાળોકેર વર્તાવ્યો છે. કોઇ જીવાત કુમળીકળી, ફૂલ કે ફળને બટકું ભરી, તેમાંથી કેટલોક ભાગ ખાઇ જાય કે તેમાં સુંઢ ખૂંચાડી રસ ચૂસી જાય એટલે એનું જીવનચક્ર તૂટી જાય,અને તે વિકલાંગ બની જાય, એટલે છોડ તેને હવે ‘વધારાનો બોજો છે” તેમ માની ખેરવી નાખે છે.કપાસમાં ચાપવા ફૂલ અને નાના જીડવાનું ખરણ આ જીવાતોની જ મોંકાણ છે. રીંગણાં, મરચાં, ટમેટાં, ચોળા, ભીંડા, દાડમ, જામફળ, લીંબું,આંબા,વગેરેમાં જુદી જુદી ચૂસીને તથા ચાવીને ખાનારી જીવાતોથી થતું ફાલનું ખરણ નિહાળીએ જ છીએને ? ઉપાય બસ એ જ કે સ્કૂલો-ફળોને જીવાતોના ત્રાસમાંથી જેટલા વધુ રક્ષી શકીએ એટલું વધારે ફાલ ખરણ અટકાવી શકીએ.

**(3) પાક પોતે કોઇ બિમારીનો ભોગ બન્યો હોય =** છોડ કે ઝાડને જમીનમાંથી જ કોઇ રોગ લાગુ થઇ જાય, અને છોડ પોતાનું અસ્તિત્વ જ નહીં ટકાવી શકે અને તેની જીંદગી જ જોખમમાં લાગે ત્યારે પાંદ અને ફળ-ફૂલ બધું તેને તો ઘણુ ટકાવવું હોય, પણ પોતે જ જયાં બિમારીમાં સપડાઇ ગયું હોય ત્યારે તેની દેહધાર્મિક ક્રિયાઓ-મૂળ દ્વારા ખોરાકનું શોષણ,પાન દ્વારા લેવાતા શ્વાસોશ્વાસ અને સૂર્યપ્રકાશ તથા લીલારંગ સાથેની ખોરાકની થતી રહેતી રાંધણ ક્રિયા બધું જ ભાંગી પડે છે. ક્યારેક પાકના થડ,ડાળી કે

# કૃષિ સૃષ્ટિ

મૂળ- પાંદને એવી જીવાતો લાગી જાય કે તેની દિવસ-રાતની દિનચર્યા તૂટીજાય, પોતાનું ધાર્યું કરવાના અંગઉપાંગો બગડી જાય,એટલે ના છૂટકે ફાલ ખરી જતો હોય છે, પાકને શું થયું છે એનું પાકું નિદાન કરી યોગ્ય સારવાર લેવાય તો પ્રશ્ન હલ થઈ જાય છે.

**(૪) કોઈ જાનવર પશુથી નુકશાન પહોંચ્યું હોય** = માણસ કે મજૂર તો ફાલ ખરીજાય એટલી હદે છોડ સરોડાય એરીતે ભટકાય એવું ઓછું બને, પણ જીંડવે લટરલૂમ કપાસ કે ફળોથી લથબથ ટમેટીના પાકમાં કુતરાઓની દોડાદોડી, ભૂંડડાઓની હડિયાપાટી,કે ઉભાપાકમાં નીલગાય કે હરણાંઓની ઠેકાઠેક, અરે ! આમળા,કેરી કે દાડમના બગીચાઓમાં વાંદરાઓની હુપાહુપ અને અવળચંડાઇ જેવા બેહુદા વર્તનથી ફાલ ખરવાનું બનતું હોય છે.આવા વખતે આ બધા અળવિતરા અને અવળચંડા પ્રહારોથી પાક બચી જાય એવા પ્રયત્નો અને વ્યવસ્થા ખેડૂતે કરવા પડે એજ એક માત્ર ઉપાય છે.

**(૫) કુદરતનો પ્રકોપ થયો હોય =** કુદરત ક્યારે કેવો ચમત્કાર સર્જે છે તેનો કોઈ પાર પામી શક્યું નથી. એકદમ ધગધગતા ઉનાળાના વાયરા કે ઊનીઊની લૂ થી આંબા, દાડમ અને તેવાટાણે ઊભેલા ખેતીપાકોના કુમળા અવયવો અસહ્ય ગરમી સહન ન થવાથી દાઝી જઈ ખરી પડતા હોય છે. એવું જ જ્યારે હીમ પડે ત્યારે શકરિયા, રીંગણી, ટામેટી જેવાના પાંદ પણ ઠંડીની વધુ પડતી દાહક અસરથી દાજી જઈ ખરી પડતા હોય છે ત્યાં તેની કળી, ફૂલ કે નાના ફળો શી વિસાતમાં ? વાવાઝોડું અને અતિવૃષ્ટિ પણ કુદરતી પ્રકોપ જ છે ને ? જોરદાર પવનની ઝાપટ અને તડામાર મોટા છાંટે ધાબડતો વરસાદ અને ગાંડા પવનના આંચકાથી વૃક્ષોની ડાળીઓની ડાળીઓ ફંહાઈ પડતી હોય, કહોને જ્યાં હાથીનો તોલ થતો હોય ત્યાં ગધેડા(ફૂલ) તો સાંધણમાં જ જાયને ? હાથિયા નક્ષત્રે વરસતા તોફાની વરસાદે કે કાળે ઊનાળે ઉઠતા ચક્રવાતી વંટોળે કેટલાય પાકોમાંથી ફાલખરણ નોતરાઈ જાય છે અને ખેડૂતને માથે ફાળિયું ઓઢીને રોવાનો વારો આવી રહે છે. આમાં તો અગાઉથી થોડોકેય અણસાર આવી શકે તો થોડા ઘણા પગલાં લઈ ખેડૂતે પુરુષાર્થ કર્યાનો આત્મસંતોષ લેવા સિવાય બીજું કંઈ થઈ શકતું નથી.

**(૬) ફલીકરણ બરાબર ન થયું હોય ત્યારે** = જે ફૂલમાં કોઈ કારણસર ફલીકરણ ન થયું હોય, તે ફૂલનો ગર્ભ થોડો સમય રહીને ખરી જતો હોય છે. દાત. ખલેલામાં અનલિત ફૂલોમાં બનતા બીજ વિનાના ફળો અને દૂધી જેવા વેલાવાળા શાકભાજીમાં ફલીકરણ થયા વિનાના નાના નાના ફળો સુકાઇને ખરી પડતા જોવા મળે છે.ખાસ કરીને જેમાં નર અને માદાના ફૂલો અલગ અલગ છે કે છોડ-ઝાડ અલગઅલગ છે-તેવામાં ફલીકરણના કૃત્રિમ ઉપાયો યોજી ફલીકરણ પાકું થાય તેવા ઉપાયો લેવા જોઇએ.

**(૭) કોઇ હોર્મોન્સ કે રાસાયણિક દવાનો આડેધડ ઉપયોગ થયો હોય** = કોઇ કોઇ રાસાયણિક દવાઓ કે પાક હોર્મોન્સ જરૂર કરતા બમણી કે ત્રણગણી માત્રામાં છંટાય જાય ત્યારે છોડ પર તેનું રીએક્શન આવી, પાન, ફૂલ અને ફળમાં વિકૃતિ આવી જાય છે. તો કોઇ કોઇ પાંદ,ફૂલ કે ફળ સાવ ખરી પણ પડે છે.કોઇ હોર્મોન્સ કે રાસાયણિકપદાર્થોનો સમજ્યા-જાણ્યા વિના,વિવેક છોડી અખતરા કરવા નહીં.

**(૮) છોડ-ઝાડ પૂરા પુખ્ત થયા ન હોય ત્યારે =** કેટલીક વખત વધુ પડતી સારવારના હિસાબે ઝાડ કે છોડ માપબારી વધ પકડી લઇ જોરમાં ને જોરમાં થોડો ફાલ પકડી લે છે. પણ તે પૂરા પૂખ્ત થયા હોતા નથી. એટલે પછી તે ખરી જાય છે. આનો કોઇ ઉપાય હોય નહીં. ઝાડ-છોડ પૂખ્ત થશે એટલે આપોઆપ ફાલ ટકાવતું થઇ જશે.

**(૯) ફાલ માપથી વધારે લાગી ગયો હોય ત્યારે =** કેટલીક વખત બધી જ પરિસ્થિતિઓ એવી સરસ અનુકૂળ નિર્માણી હોય કે લાગેલ ફાલ બધો જ જીવતો રહી ગયો હોય, બીલકૂલ ખરવા પામ્યો જ ન હોય, ત્યારે એ બધાને જીવાડવા જતાં ઝાડ કે છોડને પોતાનેજ ચૂસાઇ જઇ મરી જવાની નોબત આવી પડે તેમ હોય ત્યારે પોતાની ક્ષમતા પ્રમાણે, જણતરને પોષી શકવાની ત્રેવડ પ્રમાણેનાને રાખી લઇ, વધારાનાને ખેરવી નાખતું હોય છે, કુદરતે તેનામાં એક એવી વિશિષ્ટ સૂઝ, અંત:પ્રેરણા મૂકેલી હોય છે કે તે આપમેળે ગણિત કરી લઇ, જોયતું રાખી, વધારાના ને ખેરવી લે છે. આવા વખતે આપણને ફાલ ખૂબ ખરી ગયેલો જણાય છે. તેના ઉપાયમાં પૂરતું પોષણ, નિયમિત પિયત, અને જરૂરી સંરક્ષણ આપણા તરફથી ઝાડ-છોડને મળતું રહે એજ છે. ઉત્તમ તો એજ ગણાય કે ઝાડ કે છોડ તેના ગજા પ્રમાણેનો જ ફાલ રાખવાની મહેનત કરે તેમાં આપણે આડખીલી ઊભી ન કરવી-જેથી ફળોનું કદ અને ગુણવત્તા બન્ને સારા મળે અને પરિણામે ભાવો પણ સારા મળે.

**“બાકર બચ્ચા લાખ, લાખે બિચારા.**
**સિંહણ બચ્ચું એક, એકે હજારા !”**

**મો. ૯૩૨૭૫૭૨૨૯૭**

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને
ઈનીશીયેટીવ કમિટી, સંપાદક
બાળકોના ચાહક અને પ્રેરક છે.



**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર**
**અને દિલ્હી સાહિત્ય**
**અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**

# કાગડાનો કોટ

તરસ્યા કાગડાએ તરસ છીપાવવા કુંજામાં કાંકરા નાખ્યા અને પાણી ઉપર આવતાં હરખભેર પીધું, એ વાત સહુ કોઈએ જાણી. કાગડો કેવો હોશિયાર છે, ચતુર છે, ને મહેનતું છે… એ વાત જોર- શોરથી ચારે કોર પ્રસરી ગઈ.

આ વાતથી કાગડાઓનો સમાજ ખુશ ખુશ થઈ ગયો. પછી તો તેમની જ્ઞાતિવાળા આગેવાનોએ એ કાગડાનું જાહેરમાં સન્માન કર્યું. સહુ વડીલો ને આગેવાનોએ તેની હોશિયારીનાં ભરપેટ વખાણ કર્યાં. વળી જ્ઞાતિના વડીલોએ સહુને જણાવ્યું કે આજથી સહુ એને ‘કુંજાળા કાગડા’ એ નામે ઓળખશું. ‘કુંજાળા’ના ઉપનામથી કાગડો ખૂબ ખુશ થયો. એનાં મા-બાપ પણ પોતાના બચ્ચા માટે ગર્વ અનુભવતા હતા. ભલા ! આવી શાબાશીથી કોણ રાજી ન થાય?

હવે… કુંજાળા કાગડાનો હરખ માતો ન હતો. બધાં એની અક્કલનાં વખાણ અને વાહ… વાહ… કરતાં હતાં ને એ કારણસર કુંજાળો ફુલાઈને ફરતો હતો. આવો ચતુર કુંજાળો કાગડો હજુ કુંવારો હતો. કેટલાય કાગડાઓ એમની બચ્ચીઓને કુંજાળા સાથે પરણાવવા આતુર હતા. કુંજાળા વર માટે કેટલીય કાગડી કન્યાઓની લાઇન લાગતી. આખરે  કેટલીય કાગડીઓમાંથી કુંજાળાને એની પસંદગીની કાગડી મળી, અને કુંજાળાના લગ્નની તારીખ નક્કી થઈ.

લગ્નની તારીખ નક્કી થતાં જ તૈયારીઓ જોરશોરથી થવા લાગી. કુંજાળા માટે સારામાં સારો કોટ સિવડાવવાનું નક્કી કર્યું. આખરે વરરાજા પણ નામધારી છે ભાઈ ! મોટામાં મોટી દુકાનનું નામઠામ મેળવી બાપ-દીકરો ત્યાં ગયા. દુકાનદાર અને તેના માણસો કુંજાળાને અવનવા તાકા બતાવવા લાગ્યા. લેટેસ્ટ કાપડ, રંગ ને સાથે સાથે સિલાઈ ને ફૅશન બધાંની ચર્ચા ચાલતી રહી. કુંજાળાના બાપ હરખ કરી બોલ્યા:

કંકર નાખી પાણી પીધું, ના ચતુરાઈમાં ખોટ, વરાજાનો વટ પડે એવો, સીવી દેજો કોટ… દરજીએ તો કોટ માટે રંગ-રંગના તાકા બતાવ્યા. પરંતુ એકેય રંગ કુંજાળાના નજરમાં ના વસે. થાકીને કુંજાળાના બાપાએ કહ્યું : જો… કુંજાળા, આપણને તો કાળો કોટ જ શોભે. બીજો રંગ ન શોભે… પણ… ‘ના, હું કાળા રંગના ડગલાથી કંટાળ્યો છું. મારે હવે બીજો જ અલગ, મને ગમતો કોટ જોઈએ..

દરજી પણ મુંઝાયો, ને મુંઝાયા દુકાનદાર. તેઓ બોલ્યા : બોલ, કેવો કોટ તારી નજરમાં વસ્યો છે? એ કહે તો એવો બતાવીએ, એવો સીવી દઈએ. તું બતાવ.’

કુંજાળો મુંઝાયો, એ માથું ખંજવાળવા લાગ્યો. એટલે દરજી બોલ્યો : “બોલ… મોર જેવો… કૂકડા જેવો… પોપટ જેવો…‘ ના… ના… ના…. એવા રંગ-બે-રંગી કે કાબર-ચીતરા કોટ મને ન ગમે.’

તો… તો… હવે અમારી પાસે બીજા કોઈ રંગ નથી.’

કુંજાળો અને એના બાપા વિચારવા લાગ્યા… ‘શહેરની સહુથી મોટી આ દુકાન. ને સહુથી મોટો અને મોંઘો આ દરજી. અહીં ન હોય તો બીજે ક્યાંય નહીં મળે.’ એ વાત એ સમજતા હતા. આખરે થાકીને કુંજાળો બોલ્યો, મને શોભે એવો કોટ તમે જ બતાવો… હું નિર્ણય લઈ શકું એમ લાગતું નથી. તમારી પસંદગી મને પસંદ પડે પણ ખરી…’ ને વાત ઠેકાણે આવી.

દરજી અને દુકાનદાર બહુ તૈયાર હતા. કેટકેટલા ગ્રાહકો સાથે કામ પાર પાડી કુનેહપૂર્વક ધંધો કરતા હતા. એટલે દુકાનદાર બોલ્યો, જો… કુંજાળા, આ… મારી ચામડી જેવો ઘઉં વર્ણો રંગ ગમશે?” ‘ના.. ન ગમ્યો.’

‘તો….જો… આ તારા રંગથી તદ્દન વિરુદ્ધ… ધોળો ધબ્બ અમારા દાંત જેવો, ને બગલાની પાંખ જેવો’ ‘ના… ના… મહેરબાની કરીને ધોળો રંગ તો બિલકુલ નહીં, મને બગલો નથી થવું. મારે મારી ઓળખ ગુમાવવી નથી…’ વાહ રે વાહ ! શું અક્કલ આપી છે. ઈશ્વરે. કુંજાળા, કોઈને કોઈની ઓળખ ગુમાવવી પોસાતી નથી. તું બહુ સમજું છે હોં., ને વાતનો દોર હાથમાં લેતા કુંજાળાના બાપા ગાવા લાગ્યા… કંકર નાખી પાણી પીધું, ના ચતુરાઈમાં ખોટ, વરરાજા તો છે લાખેણા, વાત તમારી સચોટ, ‘હા….હા… ભાઈ વરરાજા લાખેણા જ છે. એમાં ના નહીં હો… કુંજામાં કાંકરા નાખી પાણી પીધું ને કુંજાળા નામ પડ્યું… એ વાત અમારા કાનથી પણ અજાણી નથી હોં… આખા બજારમાં આજે કુંજાળાનું જ ગીત ગવાય છે, ને એની જ બોલબાલા છે…’ કુંજાળો તો જોતો જ રહી ગયો, પરંતુ એના બાપાએ આશ્ચર્યથી પૂછ્યું દરજીભાઈ, ઓ દરજીભાઈ, શી વાત છે ભાઈ કુંજાળાની ને શી બોલબાલા છે કુંજાળાની …’

અરે ! ઠેર-ઠેર આ બે પંક્તિઓ સાંભળી મને પણ મોઢે થઈ ગઈ છે કે… કુંજાળા વરરાજા આજે, આવશે કપડાં લેવા, વિદ્યા સાથે હોય વિવેક એ, ના હોય જેવા તેવા…

આ સાંભળી દુકાનદાર બોલ્યા : ઓ… હો… હો… તમને ધન્ય છે. ધન્યભાગ્ય તે આવું રતન તમારા ત્યાં જન્મ્યું… જુઓ… કુંજાળા, અમારી પસંદગી પ્રમાણે કહીએ તો… તારી અક્કલ આગળ માણસો પાણી ભરે… કનૈયાના હાથમાંથી દહીંથરું પડાવી લેવાની છે કોઈની હિંમત ?… એટલે માનવના રંગનો કોટ તું સિવડાવ… પણ…‘

આ અમારો સ્કીન કલર તને ન ગમ્યો. અમારા દાંતનો રંગ તને દીઠ્ઠો નથી ગમ્યો. વળી લાલ-ગુલાબી રંગ તું જોવા નથી માંગતો… તો છેલ્લે એક જ રંગ બાકી રહ્યો ને તે છે કાળો… તું અમારી સામું જો… અમારા દેહની સુંદરતા… અમારા માથાના વાળને આભારી છે. અમને તો કાળા ભમ્મર વાળનો ગર્વ હોય છે… બોલ, કાળારંગ માટે તારે કંઈ કહેવું છે?…’

આ સાંભળી ચતુર કાગડો સમજી ગયો. તેજીને ટકોર કાફી હતી. એ તો રાજી-ખુશીથી કાળો કોટ સિવડાવવા તૈયાર થયો. પછી તો કુંજાળાના બાપા, કુંજાળો, દુકાનદાર ને દરજી સહુ હરખાયાં. દરજીભાઈ તો મલકાતા-મલકાતા ગાતા રહ્યા…

**કાળો-કાળો કુંજાળો ને, કાળો એનો કોટ**
**કાળો રંગ જો હોત નહીં તો, ઈશ્વરમાં કંઈક ખોટ.’**

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વૈદિક હોલિકા દહન @ વિશ્વ ઉમિયાધામ





તા. ૨ માર્ચ વિશ્વ ઉમિયાધામ, જાસપુર - અમદવાદ ખાતે જગતજનની મા ઉમિયાના પાવન પ્રાંગણમાં વૈદિક વિધિ અનુસાર ભવ્ય અને ધાર્મિક માહોલ વચ્ચે હોલિકા દહનનું વિધિવત્ આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અને પવિત્ર અવસરે સંસ્થાના માનનીય દાતા-ટ્રસ્ટીશ્રીઓ તેમજ અનેક ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી પૂજન-અર્ચન કરી આત્મિક આનંદ અને ધન્યતા અનુભવી હતી.

## સુરત ખાતે યુવા સંગઠન મિટીંગ યોજાઈ





તા.૧૩ માર્ચે સુરત ખાતે સુરત યુવા સંગઠન દ્વારા મિટીંગનું આયોજન કરવામાં આવેલ.જેમાં સંસ્થાના યુવા સંગઠનના ચેરમેન શ્રી જીતુભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટીંગમાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સંસ્થાની વિચારધારા દરેક વોર્ડ અને તાલુકાની દરેક સોસાયટી સુધી પહોંચાડવાની સાથે સંગઠનને વધુમાં વધુ મજબુત કરવાનો સંકલ્પ લીધો હતો.

## અમાસના દિવસે આનંદના ગરબાનું આયોજન





વિશ્વ ઉમિયાધામ ખાતે ફાગણ વદ અમાસના પવિત્ર દિવસે "બહુચર માતાજી"નાં આનંદના ગરબાનું આયોજન સંસ્થા દ્વારા શ્યામા મંડળ, નારણપુરા, અમદાવાદના સહયોગથી કરવામાં આવેલ. જેમા મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહયા હતા.

## સમાચાર

# સુરત ખાતે ઓલપાડ ચોર્યાસી ક.પા. સમાજના સહયોગથી “શ્રી રામકથા”નું ભવ્ય આયોજન
















તા. ૧૯ માર્ચથી ૨૭ માર્ચ દરમ્યાન સુરત ખાતે ઓલપાડ ચોર્યાસી ક.પા. સમાજના સહયોગથી શ્રીરામ કથાનું ભવ્ય આયોજના કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી.એન. ગોલ, કો.ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલે ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લીધો તેમજ સમગ્ર ટીમને ખૂબ સરસ આયોજન બદલ શુભેચ્છા પાઠવી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે "આધ્યાત્મિક કથા એ વાસ્તવમાં સામાજિક ઉત્થાનની કથાનો જ એક ભાગ છે". આ પાવન અવસરે સુરત જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી રાજેશભાઈ ગઢિયા, IPS તથા સુરત જિલ્લા કલેકટર શ્રી સૌરભભાઈ પારધી, IAS વિશેષ ઉપસ્થિત રહી શ્રીરામ કથાનું ભાવભેર શ્રવણ કરીને પ્રસંગને ગૌરવમય બનાવ્યો હતો. કથાના વ્યાસપીઠ પદે પરમ પૂજ્ય કથાકાર શ્રી વિનોદભાઈ ભટ્ટ (શાસ્ત્રીજી) દ્વારા કથા રસનું અમૃતપાન કરાવી ભાવિક ભક્તોને રસતરબોળ કર્યા હતાં.

આ ઉપરાંત શ્રીરામ કથાના આ પાવન પ્રસંગે ભક્તિ સાથે સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો, જ્યાં સનાતન ધર્મની સુંદર પરંપરા ‘પરોપકાર અને માનવસેવા’ને જીવંત બનાવવા પવિત્ર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલું જેમાં રક્તદાતાઓએ નિસ્વાર્થ ભાગ લઇ માનવતાનો ઉત્તમ સંદેશ આપ્યો સાથે તેમને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

સદર કથાના મુખ્ય યજમાન શ્રી તરીકે સંજયભાઈ એન. પટેલ, ગં.સ્વરુપ લલિતાબેન ડી. પટેલ, શ્રી હિતેષભાઈ એમ. ત્રિવેદી તથા સહ યજમાન શ્રી અવધભાઈ મહેતાએ લાભ લઈ શ્રી રામ ભગવાનના કૃપા પાત્ર બન્યા હતા તે બદલ સંસ્થા તેમના સમગ્ર પરિવાર બદલે ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે.

# સમાચાર

## પાટડી રજવાડાના ૨૮૬મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરાઈ







તા. ૨૨ માર્ચે વિશ્વ ઉમિયાધામ, જાસપુર ખાતે પાટડી રજવાડાના ૨૮૬મા સ્થાપના દિવસની ભવ્ય અને ગૌરવમય ઉજવણી યોજાઈ હતી. આ ઐતિહાસિક અવસર નિમિત્તે 'પાટડી પાટીદાર ડિરેક્ટરી-૨૦૨૬'નું વિમોચન પણ કરવામાં આવ્યું, જે સમાજને સંગઠિત અને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી સૌરભભાઈ દલાલ (પટેલ) તથા સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબ, પાટડી દરબારશ્રી કરણીસિંહજી કિશનસિંહજી દેસાઈ, કુમારશ્રી સુરેશસિંહજી પ્રતાપસિંહજી દેસાઈ, કુમારશ્રી ચૈતન્યસિંહજી પ્રતાપસિંહજી દેસાઈ તથા દરબારશ્રી પ્રતાપસિંહજી નારાયણસિંહજી દેસાઈ પરિવાર સહિતની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વધુ પ્રેરણાદાયક વાતાવરણ પૂરું પાડ્યું. ઉપસ્થિત સહુ કોઈએ જગતજનની મા ઉમિયાના આશીર્વાદ ગ્રહણ કર્યા.

## સિદ્ધપુર ખાતે 'રામનવમી' નિમિત્તે યોજાયેલ ભવ્ય રેલી









ઐતિહાસિક અને પવિત્ર ભૂમિ સિદ્ધપુર ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે યોજાયેલ ભવ્ય શોભાયાત્રામાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ અને સિદ્ધપુરના ધારાસભ્યશ્રી બળવંતસિંહ રાજપૂત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ હજારોની સંખ્યામાં ઉમટેલા ભક્તોનો ઉત્સાહ વધારી, સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

# પ્રવૃત્તિ અહેવાલ



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## સશક્ત નારી... સશક્ત ભારત...
## પ્રાંતીજ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશેષ ઉજવણી





તા. ૮ માર્ચ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, પ્રાંતિજ ખાતે મહિલા સંગઠનના ચેરપર્સન ડો. રૂપલબેન પટેલની ઉપસ્થિતીમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત બહેનોને સંસ્થાની વિવિધ સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જગતજનની મા ઉમિયાનો પવિત્ર સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવ્યો. **જગતજનની મા ઉમિયાનો દિવ્ય સંદેશ ● સંગઠિત બનો** : સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે એકતા કેળવો. ● **સ્વમાની બનો** : નારી શક્તિ પોતાની ઓળખ અને ગરિમા જાળવે. ● **સંસ્કારી બનો** : આવનારી પેઢીમાં ઉત્તમ સંસ્કારોનું સિંચન કરો.

## "બેહદ" મુવીની બિઝનેસ કોન્કલેવ શાનદાર સફળતા





આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે **'વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન'** તેમજ સનાતન યુથિયમ દ્વારા અમદાવાદમાં વાઈડ એન્ગલ થીએટર તેમજ ભુજની મોડર્ન ટોકીઝ ખાતે ગુજરાતી ફિલ્મ "બેહદ" નું વિશેષ સ્ક્રીનિંગ યોજાયું. આ ફિલ્મના માધ્યથી વર્તમાન સયમમાં વધતા જતાં લવ જેહાદના બનાવોથી બચવા અને સામાજિક જાગૃતિ અને સુરક્ષાનો મહત્વનો મુખ્ય ઉદ્દેશ હતો. જેમાં મોટી સંખ્યામાં દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## સમાજનું ગૌરવ : અચલા એજ્યુકેશન દ્વારા સારસ્વત સન્માન



અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આપણી સંસ્થાના કેન્દ્રિય મહિલા સંગઠનના ચેરપર્સન ડો. રૂપલબેન અશોકભાઈ પટેલને પ્રતિષ્ઠિત **"સારસ્વત સન્માન"**એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન ડો. મફતભાઈ પટેલ, પ્રસિદ્ધ લેખક પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ તથા રતીલાલ બોરીસાગરના વરદ હસ્તે આપવામાં આવ્યું હતું. ડો. રૂપલબેનની અવિરત મહેનત, દુરંદેશી વિચારધારા, નેતૃત્વ અને સંસ્થા તથા સમાજ પ્રત્યેની નિષ્ઠાભરી સેવાના કારણે તેમને આ ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. તેમની કાર્યશૈલી અને સમર્પણ ભાવના સમાજ માટે પ્રેરણારૂપ છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સમગ્ર સંસ્થા તરફથી ડો. રૂપલબેનને હાર્દિક અભિનંદન તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીએ છીએ.

## વડોદરા ખાતે 'મા ઉમિયા'ની મહાઆરતીનું આયોજન








તા.૨૨ માર્ચે વડોદરા ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના યુવા સંગઠન ઝોન-૧ હેઠળ વેમાલી વિસ્તાર (વિભાગ-૩, વોર્ડ-૩) દ્વારા આયોજિત જગતજનની મા ઉમિયાની મહાઆરતી અને હનુમાન ચાલીસાના પાઠ દ્વારા સનાતન સંસ્કૃતિની ભવ્ય ઝાંખી સાથે ભક્તોએ આધ્યાત્મિક ધન્યતા અનુભવી હતી.

આ આયોજન માટે સહમંત્રી શ્રી વિરલભાઈ પટેલ, વેમાલી ટીમ અને મહિલા શક્તિએ છેલ્લા ૧૫ દિવસથી અથાગ મહેનત કરી હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી. પટેલ, શ્રી જીતુભાઈ પટેલ અને શ્રી પિનાકીનભાઈ પટેલે ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમમાં વિવિધ સંગઠનોના આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા, ત્યારે મા ઉમિયા અને સનાતન ધર્મની આસ્થા, એકતા અને ભક્તિનો અનોખો સંગમ સર્જાયો." સમાજ અને સનાતનની જાગૃતિ માટેનું આ આહ્વાન ખરા અર્થમાં પ્રેરણાદાયી રહ્યું હતું. જેમા વેમાલી એરિયાના ભાવિક ભક્તો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હિમ્મતનગર ખાતે " VPL - 4 ક્રિકેટ ટૂર્નામેન્ટ"યોજાઈ








તા.૭ માર્ચ થી ૨૩ માર્ચ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુવા સંગઠન દ્વારા **"VPL-4"** નું આયોજન સાબરકાંઠા યુવા સંગઠન દ્વારા કરવામાં આવેલ. જેમાં સમગ્ર ગુજરાત ભરમાંથી કુલ ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલો પ્રમુખ ઈલેવન અને ધ્યાન ઈલેવન નડિયાદ વચ્ચે રોમાંચક યોજાયો, જેમાં ધ્યાન ઈલેવન નડિયાદ વિજેતા થઈ હતી.



ENROLL NOW
ADMISSION OPEN
Vishv UMIYA Foundation
Career Opportunities
invented & executed by
Vishv Umiya Foundation
Degree & Campus Offered By
IAR University
Institute of Advanced Research
Koba Institutional Area
Gandhinagar - 382426,Gujarat
+91 99249 58138
For any inquiry contact us on
72020 80202
72020 80587
VUF Office Add; Vishv Umiyadham- Jaspur Road,
Nr. vaishnodevi Temple, S.G Highway, Ahmedabad
Vishv UMIYA Foundation
UPSC - GPSC
India's Premier Civil Services Exams
IPS
B.A. Public Administration
(Civil Services Specialization)
After 12th (H.S.C)
Your Journey of becoming an IAS-IPS Officer Starts
Preperation Strategy
Invented & executed By
Vishv Umiya Foundation
Degree & Campus offered By
Institute of Advanced Research - Gandhinagar




વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
તમારું શિક્ષક બનવાનું સપનું હવે કરશે સાકાર!
TAT (Secondary) &
TAT (Higher Secondary)
સ્પેશિયલ ઓનલાઇન લાઈવ બેચ
ધોરણ ૯ થી ૧૨ ના સરકારી શિક્ષક બનવા માટેની શ્રેષ્ઠ તક!
Vishv UMIYA Foundation
INSTITUTE FOR CIVIL SERVICES
:: બેચની વિશેષતાઓ ::
Online Live Coaching
Gujarat's Top Faculty
Expert Study Material (E-Copy)
Test Series
APP NOW!
ઘરે બેઠા સંપૂર્ણ તૈયારી
તૈયારી શરૂ કરવા માટે
1. PLAYSTORE પરથી VUFICS એપ્લિકેશન ડાઉનલોડ કરો.
2. TAT (S)/(HS) કોર્સમાં એડમિશન મેળવો.
"પાટીદાર વિદ્યાર્થીઓએ આ કોર્સમાં જોડાવા
નીચેના નંબર પર સંપર્ક કરવો"
વધુ માહિતી માટે સંપર્ક : 72020 80202

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઇ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN